◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૩ માર્ચ: ૨૦૨૦ અંક : ૦૮

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | તારકેશ્વર | - ભાણદેવજી | ૩૧૭ |
| ૦૨ | જેણે ગાંધીજીનું જીવન બદલી નાખ્યું | - હીરજી નાકરાણી | ૩૨૩ |
| ૦૩ | એક કર્મયોગી ઉર્દવયાત્રા | - ભરત ના. ભટ્ટ | ૩૨૭ |
| ૦૪ | ઢીંગલી | - મોરારિબાપુ | ૩૩૫ |
| ૦૫ | ગાંધીજન : કાંતિભાઈ પરસાણા | - દિનુ ચુડાસમા | ૩૩૭ |
| ૦૬ | જીવનનું બળ, શબ્દનો સાથ | - મનસુખ સલ્લા | ૩૩૯ |
| ૦૭ | મંગળની શિક્ષણયાત્રા | - મનહર ઠાકર | ૩૪૩ |
| ૦૮ | અદેખાઈને આઘી રાખો | - રણછોડ શાહ | ૩૪૮ |
| ૦૯ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૫૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

તા.૨૯-૦૭-૩૦ના રોજ પૂ. બાપુએ જણાવ્યું છે કે સત્યનો અને અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ સાંકડો છે. ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે. તેના કરતાં પણ સત્ય અને અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જે તેમાં દર્શન થાય. આગળ જતાં તેમણે તો એમ સમજાવ્યું કે કુવિચાર, ઉતાવળ, મિથ્યા ભાષણ, દ્વેષ, કોઈનું બૂરું ઇચ્છવું, જગતને જરૂરી હોય તેનો કબજો રાખવો અને જ્યાં સૂક્ષ્મ જીવો પડ્યા છે ત્યાં ઊભા રહેવું એ પણ હિંસા જ છે ! ત્યારે કરવું શું ? જીવવું કેમ ? શું આત્મહત્યા કરવી ?

પૂ. બાપુ વળી જવાબ સ્વરૂપે સમજાવે છે કે જો દેહનું વળગણ માત્ર છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્યનારાયણ. એ દર્શન અધીરાઈથી ન જ કરાય. આ મળેલો દેહ આપણો નથી, તે તો આપણને મળેલું સંપેતરું છે. આવું જો સમજાય જાય અને આચરણમાં મુકાય જાય તો અહિંસાના સાધનથી સત્યરૂપી સાધ્યની પ્રાપ્તિ થાય.

હવે આ ભૂમિકા સમજવી અને તેનું આચરણ કરવું તો ભારે મુશ્કેલ, અશક્ય જણાય છે, ત્યારે એક વૈજ્ઞાનિક સર્વેએ ભારે ચોંકાવી મૂક્યા છે ! આ જગતમાં સજીવજીવોની કુલ દસેક કરોડ પ્રકારની જાતિઓ છે. ખૂબ મહેનત પછી આમાંથી માત્ર ૧૭ લાખની જ ઓળખ શક્ય બની છે. બાકીના જીવોનાં નામ, ઠામ, ઓળખ થઈ શકી જ નથી. વળી, આ જાતો, પ્રજાતિ અને તેમની સંખ્યા અબજોના અબજોમાં છે અને દરેકની જરૂર હોવાથી જ આ ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાએ તેને પ્રગટાવી છે ! આ જાતિઓ અને તેની સંખ્યા કોઈ વટ કે ફેશન માટે નથી. આમાંથી જેટલી નાશ પામે તેટલા તેમના ભાગે પ્રકૃતિએ સોંપેલાં કામો રખડી પડે. એટલાં કામો ન થવાથી પૃથ્વી ઉપર ભારે મોટી ખલેલો ઊભી થાય અને સર્વાંશે તેમાંથી પાંત્રીસેક પ્રકારના પ્રાકૃતિક પ્રકોપો આપણી ઉપર કાળો કેર વર્તાવે !

હવે બન્યું છે એવું કે આપણી વિકાસની આંધળી દોટે છેલ્લાં ચાલીસેક વર્ષોમાં આ જીવસૃષ્ટિની ૫૨% જેટલી જાતોનું ધનોત-પનોત કાઢી નાખ્યું છે ! એ બિચારાં જીવતાં જ ન હોય તો તેમને સોંપેલી પ્રાકૃતિક સમતોલનની જવાબદારી એ ક્યાંથી વહન કરી શકવાનાં ? વળી, આ કેવડી મોટી હિંસા છે ?

તીડનાં ટોળાંથી લઈને ગ્લોબલ વોર્મિંગ જેવી આફતોનું મૂળ આપણો 'વિકાસ' છે એ સમજવા આપણું મગજ કે'દિ વિકસશે ?

— અરુણ દવે

## (૦૧) તારકેશ્વર

- ભાણદેવજી

વર્ષો પહેલાંની વાત છે. તે દિવસોમાં હું હૃષીકેશમાં રહેતો હતો. આ સમયગાળા દરમિયાન મારે હૃષીકેશના સ્વામીરામ આશ્રમમાં રહેવાનું બન્યું. આશ્રમના સંચાલક સાથે અવારનવાર સત્સંગ ચાલે. આ સત્સંગ દરમિયાન હિમાલય વિશે પણ સત્સંગ થાય. આ હિમાલય-સત્સંગ દરમિયાન એક વાર તેમણે કહ્યું :

"સ્વામીજી ! અહીંથી ૧૩૦ કિ.મી. દૂર હિમાલયનું એક અતિ સુંદર, અતિ રમણીય સ્થાન છે — તારકેશ્વર ! સંપૂર્ણ શાંત અને એકાંત સ્થાન છે. અહીંથી મોટર દ્વારા જઈએ તો ચાર કલાકનો રસ્તો છે !"

મારા ચિત્તના હિમાલયના ખાનામાં બીજ રોપાઈ ગયું - તારકેશ્વરની યાત્રા ! તારકેશ્વરનાં દર્શન ! તારકેશ્વરમાં ધ્યાન ! વર્ષો વીતી ગયાં, પરંતુ આ બીજ નષ્ટ ન થયું, અંકુરિત થયું, પલ્લવિત થયું, પુષ્પિત થયું અને આખરે ફલિત પણ થયું !

અમે થોડા મિત્રો હિમાલયની યાત્રા માટે નીકળ્યા છીએ. કેદારનાથની યાત્રા કરીને પાછા ફરી રહ્યા છીએ. કાલીમઠ, કવિલ્ઠા, કોટિ મહેશ્વરી અને કાલીશિલાની યાત્રા કરીને અમે હરિદ્વારમાં અમારા ઉતારે સંન્યાસ-આશ્રમ - કનખલમાં પહોંચ્યા. બપોરે પહોંચ્યા છીએ.

મારો આગ્રહ છે તારકેશ્વર ને કણ્વાશ્રમ જવું જ છે ! મોટા ભાગના તૈયાર થયા છે - હા, ભલે, તારકેશ્વર જઈએ.

બપોરનું ભોજન લઈને અમે સૌ મોટરમાં બેઠા. આજનો રાત્રિનિવાસ તારકેશ્વરમાં !

અમારા ડ્રાઈવર શર્માજી આ વિસ્તારના સારા જાણકાર છે. શર્માજી અમને કહે છે :

"સ્વામીજી ! આપણે કોટદ્વાર થઈને જવાનું છે. કોટદ્વારથી થોડા આગળ જતાં આપણા લગભગ રસ્તા પર જ એક ખૂબ સુંદર, રમણીય સ્થાન છે - સિદ્ધબલી હનુમાન મંદિર ! આપ આજ્ઞા આપો તો આપણે ત્યાં થોડો સમય રોકાઈએ ! ત્યાં હનુમાનજી મહારાજનાં દર્શન-પાઠ કરીને આગળ નીકળીએ !"

"હનુમાનજી મહારાજનાં દર્શન તો કરવાં જ જોઈએ ને ! જરૂર રોકાઈએ ! રસ્તામાં બીજાં પણ આવાં સ્થાન હોય તો તમે અમને કહેજો, આપણે જરૂર રોકાઈશું !"

"જી, સ્વામીજી !"

હિમાલયમાં સતત ફરતા આ ડ્રાઈવરો હિમાલયનાં સ્થાનોના, તીર્થોના સારા જાણકાર હોય છે. તેમના અનુભવનો અને તેમના હિમાલય વિષયક જ્ઞાનનો લાભ અવશ્ય લેવો જોઈએ. તેમ કરીને આપણે આપણી હિમાલય-યાત્રાને વધુ સમૃદ્ધ બનાવી શકીએ.

હિમાલય ચાર પર્વતમાળાનો બનેલો છે. પ્રથમ પર્વતમાળાને 'શિવાલિક પર્વતમાળા' કહેવામાં આવે છે. કહેવાય છે કે પૃથ્વી પર પ્રથમ માનવી આ શિવાલિક પર્વતમાળામાં પ્રગટ થયો છે. દ્વિતીય પર્વતમાળાને 'નિમ્ન હિમાલય પર્વતમાળા' કહેવાય છે. તૃતીય પર્વતમાળાને 'ઉચ્ચ હિમાલય પર્વતમાળા' કહેવામાં આવે છે. યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ, મુક્તિનાથ આદિ તીર્થો અને એવરેસ્ટ, નીલકંઠ, સતોપથ, સ્વર્ગારોહિણી, નંદાદેવી, ગૌરીશંકર, કાંચનજંઘા આદિ મહાન શિખરો આ ઉચ્ચ હિમાલયન પર્વતમાળામાં આવેલાં છે. ચતુર્થ હિમાલયન પર્વતમાળા તિબેટમાં છે. કૈલાસ, બાબા કૈલાસ, ગુર્લામાંધાતા, નામચા બારવા, આદિ પર્વતશિખરો આ ચતુર્થ પર્વતમાળામાં આવેલા છે.

શિવાલિક પર્વતમાળા અને મેદાની વિસ્તારનું જે સ્થાને મિલન થાય છે તે વિસ્તારને હિમાલયનો 'તરાઈ વિસ્તાર' કહે છે. હરિદ્વારથી કોટદ્વાર સુધીનો અમારો માર્ગ આ તરાઈ વિસ્તારમાં છે. અમારા માર્ગની ડાબી બાજુ હિમાલયની પર્વતમાળા છે અને જમણી બાજુ મેદાની વિસ્તાર છે. હિમાલયમાંથી નીકળતાં અનેક નદીઓ અને ઝરણાંઓ પરથી પસાર થઈને અમે આગળ ચાલી રહ્યા

છીએ - કહો કે દોડી રહ્યા છીએ. તરાઈ વિસ્તાર ખૂબ ફળદ્રુપ હોય છે અને આ તો હિમાલયનો તરાઈ વિસ્તાર છે ! બંને બાજુ લીલાંછમ જંગલો કે હરિયાળાં ખેતરો નજરે પડે છે. હરિદ્વારમાંથી નીકળેલી ગંગાની મહા કૅનાલની અનેક નાનીમોટી શાખાઓ પણ વચ્ચેવચ્ચે સંગાથ આપે છે. રસ્તો મોટા ભાગે સપાટ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યો છે અને છતાં અમે પર્વત, અરણ્ય, નદીઓ, ઝરણાંઓનાં દર્શન કરી રહ્યા છીએ. રસ્તાની બંને બાજુ ક્યાંક-ક્યાંક ઊંચું ઘાસ પણ ઊગી નીકળ્યું છે - જાણે જંગલી શેરડી !

આમ યાત્રાનો ઉત્સવ માણતાં-માણતાં અમે કોટદ્વાર પહોંચ્યા અને કોટદ્વારને અતિક્રમીને 'સિદ્ધબલી હનુમાનજી' મહારાજના મંદિરની તળેટીમાં અમારી મોટર ઊભી રહી.

વિશાળ પાર્કિંગ પ્લૉટમાંથી અમે જોયું : મંદિર ઘણું ભવ્ય અને વિશાળ છે, એટલું જ નહીં, મંદિર એક નાના પહાડ પર છે. અનેક સુંદર સીડીઓના રસ્તા બનાવેલા છે. અત્યારે તો બહુ ગિરદી નથી, પરંતુ મંદિર-પરિસરની વિશાળતા અને વ્યાપક વ્યવસ્થા પરથી લાગે છે કે અહીં અવારનવાર મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતાં હશે. આ એક એવું સ્થાન છે જે હિમાલયમાં પણ છે અને મેદાનમાં પણ છે. મંદિરની ઉત્તરદિશામાં હિમાલય છે અને દક્ષિણદિશામાં મેદાન. હિમાલયમાંથી નીકળતી એક નદી પણ મંદિરની પહાડની બાજુમાં ચક્કર મારીને વહી રહી છે. ચારે બાજુ લીલાંછમ પહાડો અને ખેતરો છે. હિમાલયમાં પ્રવેશવાનાં અનેક દ્વાર છે. જેમ હરિદ્વાર છે તેમ આ કોટદ્વાર છે. આ દ્વાર પર હનુમાનજી મહારાજની ચોકી હોય તેમ લાગે છે.

રામદ્વાર પર તુમ રખવારે...

અહીં તો 'હિમાલય-દ્વાર પર તુમ રખવારે' હોય તેમ લાગે છે.

અમે પગથિયાં ચડીને ઉપર ગયા. સુંદર મંદિર છે. હિમાલયની રમણીયતાથી આ મંદિરની સુંદરતા અધિકથી અધિક બની છે. અમે મંદિરમાં ગયા. હનુમાનજી મહારાજનાં દર્શન પામ્યા. ધન્યતા અનુભવાઈ. અહીંથી હનુમાનજી મહારાજનાં દર્શન ઉપરાંત એક વિશાળ વિસ્તારનાં દર્શન પણ થાય છે.

અહીં હનુમાનજી મહારાજ બિરાજે છે, તેનું રહસ્ય શું છે ? તેનો ઇતિહાસ શો છે ? તેનો મહિમા શો છે ?

પૂજારીજીએ અમને સમજાવ્યું -

અહીં મહાયોગી ગોરક્ષનાથજીએ હનુમાનજી મહારાજની ઉપાસના કરી હતી અને તેઓ અહીં સિદ્ધ થયા હતા. સિદ્ધ એટલે ગોરક્ષનાથજી અને બલી એટલે હનુમાનજી મહારાજ. આમ બંનેના નામનું સંયુક્ત સ્વરૂપ બને છે — સિદ્ધબલી ! તદનુસાર આ દેવ 'સિદ્ધબલી હનુમાનજી' કહેવાય છે.

અમે પૂજારીજી પાસે અહીં હનુમાનજી મહારાજ સમક્ષ 'હનુમાન ચાલીસા'નો પાઠ કરવા માટે અનુમતિ માગી, જે તેમણે પ્રસન્નતાપૂર્વક આપી, એટલું જ નહીં, હનુમાન ચાલીસા'ની નાની પુસ્તિકાઓ પણ આપી. અમે ભાવપૂર્વક 'હનુમાન ચાલીસા'નો પાઠ કર્યો.

પુનઃ હનુમાનજી મહારાજનાં દર્શન કરી, પ્રણામ કરી, અમે આગળ ચાલ્યા. બીજી બાજુની સીડીઓ ઊતરી મોટર પાસે આવ્યા. મોટરમાં બેઠા અને મોટર આગળ ચાલી.

હવે અમારે 'તારકેશ્વર' જવું છે અને તે માટે હવે અમે અહીંથી હિમાલયની પર્વતમાળાઓમાં પ્રવેશ કરીએ છીએ. અત્યાર સુધી અમે લગભગ મેદાની રસ્તા પર હતા. હવે અમે પહાડી રસ્તા પર યાત્રા કરવાના છીએ.

અમારા માટે અને અમારા ડ્રાઈવર માટે પણ આ રસ્તો સાવ નવો છે. પરંતુ 'પૂછતા નર પંડિતા' - તદનુસાર અમે પણ પૂછતા રહ્યા, પંડિત બનતા રહ્યા અને અમે આગળ ચાલતા રહ્યા, આગળ દોડતા રહ્યા !

હવે અમે જે વિસ્તારમાં દોડીએ છીએ તે વિસ્તારને 'પૌડી ગઢવાલ' કહેવામાં આવે છે. આ જિલ્લાનું નામ 'પૌડી ગઢવાલ' છે.

આ વિસ્તારનું નામ પૌડી ગઢવાલ કેવી રીતે બન્યું છે તેનો પણ એક રસિક ઇતિહાસ છે.

મુસ્લિમ આક્રમણના કાળમાં પોતાના ધર્મને બચાવવા માટે લાખો માણસો મેદાની વિસ્તાર છોડીને હિમાલયના

આ વિસ્તાર ઉત્તરાખંડમાં આવીને વસ્યા છે. તેમના વંશજોથી આ ઉત્તરાખંડ ભરપૂર છે. હિમાલયના લગભગ બધા વિસ્તારોના ઉત્તરી વિભાગમાં બોદ્ધોની વસ્તી છે. કાશ્મીર વિભાગમાં લડાખ બૌદ્ધધર્મી છે. હિમાચલપ્રદેશમાં લાહિલ, સ્પિતિ અને કિન્નરપ્રદેશ બૌદ્ધધર્મી છે. નેપાલનો ઉત્તરી પ્રદેશ બૌદ્ધધર્મીઓથી ભરપૂર સિક્કિમ અને ભૂતાન તો બૌદ્ધધર્મી જ છે. અરુણાચલમાં પણ બૌદ્ધ ધર્મ છે. ઉત્તરાખંડ આમાં અપવાદ છે. ઉત્તરાખંડના ઉત્તરી વિસ્તારમાં છેક તિબેટની સરહદ સુધીમાં ક્યાંય બૌદ્ધોની વસ્તી નથી. મુસ્લિમો પણ આ વિસ્તારમાં નથી. ઉત્તરાખંડ મહદંશે હિન્દુ વસ્તી ધરાવતો ખંડ છે.

ઉત્તરાખંડના મુખ્ય બે વિભાગ છે - ગઢવાલ અને કુમાઉં. ગઢવાલના પણ બે વિભાગ છે - ટિહરી ગઢવાલ અને પૌડી ગઢવાલ. એકછત્ર ગઢવાલ રાજ્યની રચના થઈ ત્યાર પહેલાં આ વિસ્તાર અનેક નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલો હતો. દરેક રાજા પોતાના વિસ્તારનો સાર્વભૌમ શાસક ગણાતો. નાના નાના અનેક રાજાઓ અને તેમના દ્વારા બંધાયેલા અનેક ગઢ આ વિસ્તારમાં હતા. ગઢની પ્રચુરતાના કારણે આ વિસ્તારનું નામ ગઢવાલ પડ્યું છે. પવારવંશના રાજા અજયપાલે આ બધા રાજાઓને જીતીને વિશાળ ગઢવાલ રાજ્યની રચના કરી. પ્રારંભમાં તેમની રાજધાની ચંદ્રપુરગઢમાં હતી. આ જૂનો કિલ્લો કર્ણપ્રયાગથી આદિબદરીના માર્ગની બાજુના એક પહાડ પર છે. હવે સાવ ખંડેર હાલતમાં છે. ત્યારપછી ગઢવાલની યથાર્થ પ્રથમ રાજધાની શ્રીનગરમાં થઈ છે.

આ ગાળામાં ગોરખાઓએ ગઢવાલ પર આક્રમણ કર્યું. ગઢવાલના રાજાએ અંગ્રેજોની મદદ માગી. અંગ્રેજોની મદદથી ગોરખાઓને પાછા હાંકી કાઢ્યા. ગઢવાલના રાજા અંગ્રેજોની મદદથી પોતાનું રાજ્ય તો સાચવી શક્યા, પરંતુ આ મદદના બદલામાં પોતાના ગઢવાલ રાજ્યનો કેટલોક વિસ્તાર તેમણે અંગ્રેજોને આપી દેવો પડ્યો. આ વિભાગીકરણ પ્રમાણે શ્રીનગર અંગ્રેજોના વિભાગમાં ગયું, તેથી ગઢવાલના રાજાએ પોતાની નવી રાજધાની કીર્તનગરમાં વસાવી. ત્યાર પછી ટિહરી વસાવીને રાજધાની ટિહરીમાં બદલી. અંગ્રેજોએ પોતાના વિભાગનું વડું મથક પૌડીમાં રાખ્યું. આ રીતે ગઢવાલના બે વિભાગ થયા. ગઢવાલના ક્ષત્રિય રાજાઓનું ટિહરી ગઢવાલ અને અંગ્રેજોના તાબાનું પૌડી ગઢવાલ. આ અંગ્રેજોના તાબામાં હતું તે પૌડી ગઢવાલ તે જ વર્તમાન ઉત્તરાખંડનો પૌડી ગઢવાલ જિલ્લો છે.

ભારતભરમાં અંગ્રેજોનું રાજ્ય વિસ્તાર પામ્યું હતું. ભારતભરમાં અંગ્રેજો ઠેરઠેર નવાં મકાનો બનાવી રહ્યા હતા. આ મકાનો માટે પુષ્કળ લાકડાંની જરૂર હતી. ચતુર અંગ્રેજોએ વિચાર્યું કે હિમાલયનો મબલખ લાકડાં મળે તેવો કોઈ વિસ્તાર પોતાની સત્તા હેઠળ હોય તો આવશ્યક લાકડાં મળી શકે. તેમની નજર આ પૌડી ગઢવાલ વિસ્તાર પર ઠરી અને ગોરખા અને ગઢવાલ વચ્ચે યુદ્ધનું તરકટ ઊભું કરીને આ ગાઢ જંગલવાળો પૌડી ગઢવાલ વિસ્તાર તેમણે હસ્તગત કર્યો હતો.

આજે પણ આ જિલ્લાનું મથક પૌડીમાં છે. અંગ્રેજોએ આ વિસ્તારના બહાદુર યુવાનોમાંથી બ્રિટિશ ગઢવાલ રેજિમેન્ટની રચના કરી અને તેના મથક માટે 'લેન્સડાઉન'ની સ્થાપના કરી. આજે પણ ગઢવાલ રેજિમેન્ટની વસાહત લેન્સડાઉનમાં છે.

અમારી મોટર આગળ ને આગળ દોડી રહી છે અને ઊંચે ને ઊંચે ચડી રહી છે. ચારેય બાજુ ઊંચા અને વધુ ઊંચા પહાડો છે. ચારેય બાજુ ઘોર અને ઘનઘોર જંગલો છે. અનેક નદીઓ, ઝરણાંઓ અને ધોધ દૃષ્ટિગોચર થાય છે. વચ્ચે સુંદર રળિયામણાં નાનાંનાનાં ગામડાંઓ આવે છે અને સૌથી અધિક છે આ ભલાભોળા, ધર્મપરાયણ લોકો ! હા, હિમાલયના લોકો ! હિમાલય એટલે આ પર્વતમાળા જ નહીં, હિમાલય, એટલે હિમગિરિચેતના અને તદનુસાર હિમાલયના આ લોકો પણ હિમાલયનો અનિવાર્ય ભાગ છે.

આખરે અમારી મોટર એક એવા સ્થાન પર આવી પહોંચી, જ્યાંથી બે રસ્તા ફંટાય છે. એક રસ્તો લેન્સડાઉન જાય છે. લેન્સડાઉન અહીંથી માત્ર ૫ કિ.મી. જ દૂર છે. આ રસ્તો લેન્સડાઉનથી પૌડી થઈને શ્રીનગર જાય છે. આનો અર્થ એમ થયો કે શ્રીનગરથી પૌડી થઈને લેન્સડાઉન સુધી પહોંચી શકાય છે. બીજો રસ્તો તારકેશ્વર તરફ દોરી જાય

છે. અમારે આ રસ્તા પર જવાનું છે. અમે તો, બસ, આગળ ને આગળ દોડ્યા જ જઈએ. પણ સાચી વાત તો એ છે કે અમે તો મોટરમાં બેઠા છીએ, મોટર દોડી રહી છે !

હવે અમે તારકેશ્વરની પાસે પહોંચી રહ્યા છીએ. સાંજ થવા આવી છે. હિમાલયમાં સાંજ વહેલી આવી જાય છે. તારકેશ્વરમાં નિવાસની વ્યવસ્થા હશે કે નહીં ? તારકેશ્વરમાં ભોજનની વ્યવસ્થા હશે કે નહીં ? અમે કાંઈ જાણતા નથી, તેથી મનમાં આશંકા છે, પરંતુ અમારી આશંકાનું નિરાકરણ પણ તરત થઈ ગયું. અમે જોયું કે અમારી સામે એક સંન્યાસી મહારાજ આવી રહ્યા છે. અનુમાનથી લાગ્યું કે તારકેશ્વરની યાત્રા કરીને જ આવતા હશે. અમે ઝડપથી ડ્રાઈવરને કહીને મોટર ઊભી રખાવી. મોટર ઊભી રહી એટલે સંન્યાસી મહારાજ પણ ઊભા રહી ગયા.

અમે કહ્યું :

"સ્વામીજી ! ઓમ્ નમો નારાયણ !"

"નારાયણ ! નારાયણ !"

"સ્વામીજી ! તારકેશ્વરમાં નિવાસ-ભોજનની વ્યવસ્થા છે ?"

"હા, છે, નિવાસ-ભોજનની વ્યવસ્થા છે."

"ધન્યવાદ ! સ્વામીજી !"

"નારાયણ ! નારાયણ !"

સ્વામીજી પોતાના માર્ગે અને અમે અમારા માર્ગે આગળ ચાલ્યા.

આખરે અમે સંધ્યાકાળે તારકેશ્વર પહોંચ્યા. સંધ્યાકાળ થયો એટલે શું હમણાં જ અંધકાર થઈ જશે ? ના-ના, હિમાલયમાં સંધ્યાકાળ વહેલો આવે છે, પરંતુ લાંબા સમય સુધી ટકી રહે છે.

હિમાલયમાં સૂર્યોદય કે ચંદ્રોદય સૂર્ય કે ચંદ્ર ક્ષિતિજમાંથી બહાર આવે ત્યારે ન થાય, પરંતુ સૂર્ય કે ચંદ્ર પહાડમાંથી બહાર આવે ત્યારે થાય છે. તે જ રીતે સૂર્યાસ્ત કે ચંદ્રાસ્ત પણ સૂર્ય કે ચંદ્ર ક્ષિતિજમાં સંતાઈ જાય ત્યારે ન થાય, પરંતુ પહાડની પાછળ સંતાઈ જાય ત્યારે થાય છે, અને આમ હોવાથી હિમાલયમાં ઉષા અને સંધ્યાનો ગાળો ખૂબ લાંબો હોય છે. આ ગાળો ક્વચિત્ કલાકોનો પણ હોઈ શકે છે !

આમ હોવાથી અમે તારકેશ્વર પહોંચ્યા ત્યારે સંધ્યા થઈ ગઈ હોવા છતાં અંધકારને હજુ ઘણી વાર છે, તેથી અમારા હૈયે નિરાંત છે.

અમે તારકેશ્વર પહોંચ્યા એટલે અમારી મોટર તારકેશ્વર મહાદેવના મંદિર સુધી પહોંચી ગઈ તેમ માનવાનું નથી. મંદિર સુધી પહોંચવા માટે હજુ અમારે ચાલવું પડશે. આ હિમાલયનું મંદિર છે, રફાળેશ્વરનું મંદિર નથી. અહીં થોડુંઘણું તો ચાલવું જ પડે. પણ ભલે ને ચાલવું પડે ! અમને ચાલવામાં કાંઈ વાંધો નથી. પરંતુ અહીં હિમાલયમાં ચાલવું એટલે શું તે ખબર છે ને ? અહીં ચાલવું એટલે કાં તો ચડવું અને કાં તો ઊતરવું. આ હિમાલયના રસ્તા છે. આ અમદાવાદ-ગાંધીનગર રોડ નથી, સમજ્યા ? હા, પણ અમે તારકેશ્વર મંદિર સુધી પહોંચવા માટે ચડાણ ચડવા કે ઉતરાણ ઉતરવા તૈયાર જ છીએ ! તો ભલે, સાંભળો ! અહીં આપણે તાકેશ્વર મંદિર સુધી પહોંચવા માટે ચડવાનું તો બિલકુલ નથી, પણ ઊતરવાનું તો ખૂબ છે. સાવધાન !

અમે મોટરમાંથી ઊતરીને એક નાનો વળાંક લઈને તારકેશ્વર મંદિર તરફ દોરી જતી પગદંડી પર આવી પહોંચ્યા, ઊભા રહ્યા ! સામેનું દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા ! આવું સૌંદર્ય ! આટલું સૌંદર્ય ! ગુરુદેવ ટાગોરનો પ્રકૃતિ-રહસ્યવાદ યાદ આવી ગયો !

પ્રચલિત વિધાન તો આમ છે : 'સત્યમ, શિવમ્, સુંદરમ્'

પરંતુ ગુરુદેવ ટાગોર કહે છે : 'સુંદરમ, સત્યમ્, શિવમ્'

'સુંદરમ્'ની ઉપાસના દ્વારા સત્ય. સૌંદર્યના માધ્યમથી સત્ય તરફ યાત્રા ! પ્રકૃતિમાં અભિવ્યક્ત થયેલા સૌંદર્ય દ્વારા તે જેની અભિવ્યક્તિ છે તે પરમ સુધી પહોંચી શકાય છે. આ છે પ્રકૃતિ-રહસ્યવાદનો કેન્દ્રસ્થ સિદ્ધાંત !

આખરે સૌંદર્ય શું છે ?

સૌંદર્ય એટલે સ્થૂળમાં પરમની અભિવ્યક્તિ. પ્રકૃતિમાં જે સૌંદર્ય છે તે સૌંદર્યની ઉપાસના દ્વારા તે સૌંદર્યનું જે મૂળ કેન્દ્ર છે તે મહાચૈતન્ય સુધી પહોંચી શકાય છે. સૌંદર્યાનુભૂતિનો આનંદ વસ્તુતઃ આત્માની ઝલકનો આનંદ છે.

ટાગોરે સૌંદર્ય દ્વારા પોતાના પ્રિયતમ સાથે સંગોપન કર્યું !

ઈનાયતઅલીખાઁ સંગીત દ્વારા ખુદાને પામી ગયા !

બદરીનાથના મંદિરમાં રહેતા સંત સંગીતકાર પાર્વતીકરજી કહેતા :

"ભગવાન બદરીનાથના મંદિરનો ઘંટાનાદ સાંભળું છું અને મારો સમાધિમાં પ્રવેશ થઈ જાય છે !"

કોયલનો ટહુકાર સાંભળીને સમાધિમાં લીન થઈ જનાર સિદ્ધોનાં દર્શન અમે કર્યાં છે !

આવું છે સૌંદર્ય ! આવો છે સૌંદર્યનો મહિમા !

અમારી ચેતનામાં સૌંદર્યનું જાણે એક મોજું ફરી વળ્યું અને અમે મદમસ્ત બનીને આગળ ચાલ્યા.

ચારેય બાજુ ઊંચા પર્વતશિખરો છે. બરાબર વચ્ચે સપાટ જમીન છે. જમીનની વચ્ચેથી એક નાનું ઝરણું વહે છે. ઝરણાંના પાણીના કુંડ પણ બન્યા છે. મેદાનના એક ખૂણા પર ભગવાન તારકેશ્વર મહાદેવનું મંદિર છે. બધા જ પહાડો પર ચીડ-દેવદારનાં અપરંપાર વૃક્ષો છે, ઘોર જંગલ છે અને છતાં ઉપવન જેવું રમણીય લાગે છે. સીધાં, ઊંચાં અને કદાવર દેવદારનાં વૃક્ષો મનને હરી લે છે ! દેવદાર શબ્દ મૂળ તો 'દેવદારૂ' પરથી બન્યો છે. દેવદારૂ એટલે દેવોનું વૃક્ષો ! દેવદારની ઊંચાઈ, દેવદારની ભવ્યતા, દેવદારનું રમણીય સ્વરૂપ, દેવદારની સુગંધ - આ બધું દેવદારને દેવોનું વૃક્ષો બનાવે છે ! અને અહીં દેવદાર કેટલાં ? એક-બે નહીં, પાંચ-પંદર નહીં, સેંકડો - હજારો !

અમે પગદંડીના આધારે ધીમાં પગલે, દબાતાં પગલે ઊતરી રહ્યા છીએ- આ સ્થાનની નીરવ શાંતિનો ભંગ ન થાય, આ સ્થાનના દૈવતનો અપરાધ ન થાય, તેવી રીતે ! કોઈ કાંઈ બોલતા નથી. અહીં જાણે બોલવું એ તો અપરાધ ગણાય ! અમે બસ ચાલતા રહ્યા, ઊતરતા રહ્યા- ચૂપચાપ ! મૌનમય બનીને !

... અને આખરે મંદિરના સુંદર પરિસરમાં પ્રવેશ્યા ! પરિસરમાંથી પ્રાંગણમાં અને પ્રાંગણમાંથી મંદિરમાં ! મંદિર, પ્રાંગણ અને પરિસરની રચના એવી રીતે થઈ છે કે તેનાથી સમગ્ર વિસ્તારના સૌંદર્યને જફા ન પહોંચે. અહીં માનવરચના પણ પ્રાકૃતિક રચના સાથે સુસંગત લાગે છે.

અમે મંદિર તરફ આવી રહ્યા છીએ તે જાણીને મંદિરના પૂજારી અમારા પહેલાં જ અહીં મંદિરમાં હાજર થઈ ગયા છે. પૂજારીજી પાસે પૂજાનાં ચંદન, પુષ્પ આદિ ઉપકરણો છે. વિધિવત્ તો નહીં, પરંતુ તેમની વિધિ પ્રમાણે પૂજા સંપન્ન થઈ. અમે મંત્રોનો પાઠ કર્યો, મહામૃત્યંજયમંત્રનો પણ પાઠ કર્યો. આટલી પ્રગાઢ શાંતિ ! આટલું પ્રચુર સૌંદર્ય ! આવું સાત્ત્વિક વાતાવરણ ! સંધ્યાનો સમય ! નાનું રળિયામણું મંદિર !... અને સૌથી અધિક ભગવાન શિવનું સાંનિધ્ય ! માત્ર બહિરંગ દૃષ્ટિએ જ નહીં, આંતરિક રીતે પણ પૂજા સંપન્ન થઈ.

શિવમંદિરની બાજુમાં જ જગદંબાનું મંદિર પણ છે જ. શિવ હોય ત્યાં શક્તિ તો હોય જ ને ! અમે જગદંબાના મંદિરમાં પ્રવેશ્યા. શ્રીસૂક્તનો પાઠ, દર્શન, વંદન સંપન્ન થયાં. સમગ્ર વ્યક્તિત્વ પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયું !

બે પહાડ વચ્ચેની નીચેની જગ્યામાંથી એક સૂર્યકિરણના આગમનનાં દર્શન થયાં. સૂર્યાસ્ત હજુ થયો નથી. સૂર્ય પહાડની ઓથે લપાઈ ગયો છે, તેથી સૂર્યાસ્તનો દેખાવ થયો છે. સૂર્યાસ્ત તો હવે થશે, યથાર્થ સંધ્યારાણીનું આગમન હવે થશે.

હવે અમે મંદિરની બહાર આવ્યા. ઉત્તુંગ દેવદારનો પ્રચુર રાશિ જોઈને છક થઈ ગયા. ભૂમિ પર સર્વત્ર પીળો રંગ છાંટેલો હોય તેમ લાગે છે ! કોણે છાંટ્યો આટલો પીળો રંગ ? દેવદારોએ જ આ રંગ છાંટ્યો છે - અંદરોઅંદર હોળી રમવા માટે ! દેવદારની ડાળીઓમાંથી આ રંગ ઝરતો રહે છે. તેની જ બની છે આ રંગરાશિ !

અમે મંદિરની બહાર નીકળી આગળ ચાલ્યા. અમે જે દિશામાંથી નીચે ઊતર્યા હતા તે જ દિશામાં કાંઈક ઊંચાઈ પર બે સરસ મકાનો જોવા મળે છે. સંભવતઃ ત્યાં જ અમને નિવાસ-ભોજન મળશે. અમારા પગની ગતિ વધી. હળવું ચઢાણ હળવેહળવે ચડતાં-ચડતાં અમે એક મકાનના પ્રાંગણમાં પહોંચ્યા. સામે જ દ્વારમાં એક સજ્જન ઊભા છે. અમે કાંઈ કહીએ તે પહેલાં જ તેઓ બોલી ઊઠ્યા :

"આઇએ, આઇએ સ્વાગતમ્ !"

અમે સમજી ગયા - અમારાં નિવાસ-ભોજનની વ્યવસ્થા થઈ ગઈ !

ગુજરાતમાં એવી પરંપરા છે કે બહારથી કોઈ પણ વ્યક્તિ આવે એટલે સૌથી પહેલાં આપણે તેમને પાણી આપીએ છીએ. હિમાલયમાં પાણી આપવાની પરંપરા નથી. પરંપરા ઊભી થવામાં હવામાન પણ એક પરિબળ છે. અમારામાં પીતા હતા તેમને સૌને ચા મળી ! 'ચા' હિમાલયની પ્રથમ પરંપરા છે.

અહીં બે સજ્જનો રહે છે : (૧) રણવીરસિંહ સંજવાણ (૨) ટિટ્ટુભાઈ અર્થાત બ્રહ્માનંદ પંથવાલ.

અમે જે મકાનમાં બેઠા છીએ તે મકાન અને થોડે નીચે બીજું મકાન છે. તેમના પર બૉર્ડ મૂક્યાં છે :

"મહેશ્વરીદાસ આશ્રમ,"

આ બૉર્ડની સાથે બીજાં પણ બૉર્ડ છે :

"સ્વામી રામ સાધનાકેન્દ્ર."

આ આશ્રમ તો છે, તે તો અમે જોઈ રહ્યા છીએ, પરંતુ આ મહેશ્વરીદાસ કોણ છે ? સ્વામી રામને તો અમે ઓળખીએ છીએ અને આ સાધનાકેન્દ્ર તે પણ સત્ય છે - સર્વથા સત્ય છે, પરંતુ આ સ્થાન સાથે સ્વામી રામનો શો સંબંધ છે ?

વર્ષો પહેલાં અહીં આ સ્થાનમાં મહેશ્વરીદાસ નામના એક ઉચ્ચ કોટિના સંત રહેતા હતા. તેમણે અહીં રહીને ૪૦ વર્ષ સુધી સાધના કરી. વર્તમાનકાળમાં આ સ્થાનને ચેતનવંતુ બનાવવાનો યશ તેમને ફાળે જાય છે. તેમની આ મહાન તપશ્ચર્યા પ્રત્યે આદર વ્યક્ત કરવા માટે આ આશ્રમને 'મહેશ્વરીદાસ આશ્રમ' નામ આપવામાં આવેલ છે.

વળી આ આશ્રમને 'સ્વામી રામ સાધનાકેન્દ્ર' નામ પણ આપવામાં આવેલ છે કેવી રીતે ?

આ સ્થાન તારકેશ્વરથી માત્ર ૯ કિ.મી. દૂર 'તોલી' નામનું એક નાનું ગામ છે. આ ગામ સ્વામી રામનું જન્મસ્થાન છે. સ્વામી રામના પૂર્વાશ્રમના મોટાભાઈ શ્રી પ્રયાગદત્ત ઘમસાનાને વર્ષો પહેલાં સિંગાપોરની એક લાખ ડૉલરની લૉટરી લાગી. આ ધનનો ઉપયોગ તેમણે આ વિસ્તારનાં ધાર્મિક સ્થાનોના પુનરુદ્ધાર માટે કર્યો. આ સાધનાકેન્દ્ર, નીચેની ધર્મશાળા તેમણે બનાવ્યાં છે. તારકેશ્વર મંદિર અને જગદંબાના મંદિરના પુનરુદ્ધારનું કાર્ય તેમના દ્વારા થયું છે.

આ સ્થાન સ્વામી રામનું પ્રિય સ્થાન રહ્યું છે. તેઓ અહીં અવારનવાર આવતા અને રહેતા.

સંત શ્રી મહેશ્વરીદાસનું શરીર શાંત થઈ ગયું ત્યારપછી હરિદાસ નામના એક સંત અહીં રહેતા હતા. તેઓ અહીં ૨૨ વર્ષ સુધી રહ્યા. ઈ.સ. ૨૦૦૮માં તેમનું શરીર શાંત થઈ ગયું. આ સંત શ્રી હરિદાસજીએ સ્વામી રામ પાસેથી સંન્યાસદીક્ષા ગ્રહણ કરી હતી. તેમનું સંન્યાસનું નામ 'સ્વામી હરિહરાનંદ' રાખવામાં આવ્યું હતું.

આમ આ સ્થાન સાથે સ્વામી રામનો પણ ગાઢ સંબંધ પ્રસ્થાપિત થયો છે. તદનુસાર આ સાધનાકેન્દ્રને 'સ્વામી રામ સાધનાકેન્દ્ર' નામ આપવામાં આવ્યું છે.

તારકેશ્વરના વર્તમાન મંદિરમાં શિવલિંગ નથી. અમને પૂજારીજીએ સમજાવ્યું કે પહેલાં આ મંદિરમાં શિવલિંગ હતું, પરંતુ ધીમેધીમે આ શિવલિંગ જમીનમાં સરકતું ગયું અને કાળાંતરે અદૃશ્ય થઈ ગયું. ત્યાર પછી તે જ સ્થાને શિવજીની મૂર્તિની સ્થાપના થઈ છે, જે વર્તમાનમાં અવસ્થિત છે. આ મૂર્તિ શિવજીના 'નટરાજ'-સ્વરૂપની છે તેમ પણ પૂજારીજીએ અમને સમજાવ્યું છે.

સાંજનું ભોજન આટોપીને અમે સૌ સગડી પાસે બેઠા છીએ. આ સ્થાન તારકેશ્વર, આ વિસ્તારના લોકો, સંસ્કૃતિ, ઈતિહાસ, ધર્મ આદિ વિષયો વિશે અવનવી વાતો ચાલી રહી છે- કહો કે હિમાલયવિષયક સત્સંગ ચાલી રહ્યો છે. હિમાલયવિષયક સત્સંગ ? હા, હિમાલયવિષયક સત્સંગ ! હિમાલય દેવભૂમિ છે, દેવતાત્મા છે. હિમાલય એક ચેતના છે, પાર્વતીના પિતા છે, શંકરના શ્વશુર છે. તેમના વિશે વાર્તાલાપ તો સત્સંગ જ ગણાય ને !

**ક્રમશ...**

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) ગાંધીજીની દોઢ શતાબ્દિ-૧૨
## જેણે ગાંધીજીનું જીવન બદલી નાખ્યું ("વૈકુંઠ તારા હૃદયમાં છે.")

- હીરજી નાકરાણી

આ પુસ્તક ગાંધીજીના જીવનમાં એવે ટાણે આવ્યું કે જયારે તેઓ ઊંડામાં ઊંડું ધાર્મિક મનોમંથન અનુભવી રહ્યા હતા. વકીલાત માટે દક્ષિણ આફ્રિકા પહોંચ્યા પછી પહેલે જ વરસે શ્રી ડબલ્યૂ બેકરે એમને ખ્રિસ્તી ધર્મગ્રંથોમાં દાટી દીધેલા. જુવાન ક્વેકર મિ. કોટ્સ તો તેમને રોજરોજ સાથે ફરવા લઈ જતા અને એમણે કરેલ ધાર્મિક વાચન અંગે ઉલટ તપાસ કરતા રહેતા હતા. બેકર સાથેની પહેલી મુલાકાત વખતે જ ગાંધીજીએ ધર્મ બાબત પોતાની પાટી સાવ કોરી હતી, તે વાત કરી દીધી હતી. તેઓ લખે છે, "હું જન્મે હિન્દુ છું અને ધર્મનું પણ મને બહુ જ્ઞાન નથી. બધા ધર્મોનું મને ઓછું જ્ઞાન છે. હું ક્યાં છું, હું શું માનું છું, મારે શું માનવું જોઈએ; એ બધું હું જાણતો નથી, પણ પોતાના ધર્મનું ઊંડાણથી નિરીક્ષણ કરવા ઈચ્છું છું. બીજા ધર્મોનો પણ અભ્યાસ યથાશક્તિ કરવાની મારી ઈચ્છા છે."

મિ. બેકર અને મિ. કોટ્સને તો તે વખતે ખ્રિસ્તી ધર્મમાં પલટવા સારું ગાંધીજી એક યોગ્ય ઉમેદવાર લાગ્યો હશે, પણ ગાંધીજીના વિદેશમાં સાવ નવાસવા આવેલ આ જિજ્ઞાસુ અને ઈમાનદાર બૅરિસ્ટરને મન છેવટનો નિર્ણય કરનારી શક્તિ તો તેના અંતરાત્માનો વિવેક જ હતો. અનેક ધર્મગ્રંથો અને ભાષ્યોના અભ્યાસની વચ્ચે તેમની આગળ આવી જાય છે; ટૉલ્સ્ટૉયનું 'વૈકુંઠ તારા હૃદયમાં છે' આ પુસ્તક અને અંતરમાં થયેલ ઊંડી અસરને તેમણે પોતાની આત્મકથા(સત્યના પ્રયોગો)માં આ રીતે વર્ણવી છે.

"એ પુસ્તકે મને ઘેર્યો, તેની છાપ મારા મન પર ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તક, તેની સ્વતંત્ર વિચાર શૈલી અને તેની પ્રૌઢનીતિને કારણે તેના સત્ય આગળ મિ. કોટ્સે આપેલાં પુસ્તકો શુષ્ક લાગ્યાં !"

ગાંધીજી દક્ષિણ આફ્રિકા પહોંચ્યા તે અરસામાં જ જે પુસ્તકની અસરે ગાંધીજીને ઘેર્યા હતા તે પુસ્તક તો ગાંધીજીના હૃદયમાં કાયમ માટે વસી ગયું. એમના જીવનમાં પલટો લાવનાર પુસ્તકો પૈકી એક બની ગયું. ટૉલ્સ્ટૉયના 'એક હિન્દુને પત્ર'ને ઇન્ડિયન ઓપિનિયનમાં છાપતાં તેની પ્રસ્તાવનામાં ગાંધીજી લખે છે : "આ મહાન ગુરુ, જેમનો હું અનુયાયી છું અને જેમને લાંબા વખતથી મારા માર્ગદર્શક માનું છું. તેમના પત્ર સાથે જ્યારે જગત સમક્ષ મારું નામ મૂકવામાં આવે, ત્યારે મારું નામ એમના નામ સાથે સંકળાયેલ છે એ મારા માટે ગૌરવની વાત છે."

ટૉલ્સ્ટૉયનાં અહિંસા, પ્રેમ અને અહિંસક પ્રતિકાર વગેરેની તો ગાંધીજીના જીવન પર ખૂબ અસર પડી હતી. ટૉલ્સ્ટૉય પાસેથી ગાંધીજીએ જાતમહેનત અને સ્વાવલંબનનો વિચાર ઝીલ્યો છે. આ વિચાર મૂળ તો ટી. એમ. બૉન્ડારેટ નામના એક ખેડૂતે શ્રમના કાનૂન વિશે પોતાના પુસ્તકમાં રજૂ કર્યો છે. બ્રેડલેબર એટલે કે 'પરસેવો પાડીને રોટલો રળો' એ વિચાર બૉન્ડારેટે પાછો બાઇબલના એ મતલબના વાક્ય પરથી ઝીલ્યો છે જેમાં કહેવાયું છે; 'તું તારી ભ્રમરના પરસેવા વડે તારો રોટલો રળજે.'

ટૉલ્સ્ટૉય બૉન્ડારેટને અંગત રીતે ઓળખતા હતા. સાઇબીરિયામાંથી એમણે પૂછેલા એક પ્રશ્નના જવાબમાં લખ્યું હતું કે પરસેવાની રોટીના આ નિયમને કદી ફેરવી ન શકાય એવો દૈવી કાનૂન છે. અને ટૉલ્સ્ટૉયે તો એટલે સુધી કહ્યું હતું કે 'જેમ દરેક સ્ત્રીએ બાળકને જન્મ આપતાં પહેલાં અનિવાર્યપણે પ્રસવની પીડામાંથી ગુજરવું પડે છે, તેમ દરેક પુરુષને પોતાની રોટી રળવા માટે શ્રમ કરવો જ પડે, એ એટલો જ અપરિવર્તનીય કાનૂન છે. જો માણસ પોતાની મહેનતની રોટી ન ખાય તો એ શ્રમનો આનંદ ભોગવવાનું ગુમાવે છે.'

ગાંધીજી ઇંગ્લેંડમાં ભણ્યા હતા અને રશિયા કદી ગયા નહોતા અને ટૉલ્સ્ટૉય સાથે ક્યારેય રૂબરૂ મુલાકાત

પણ થઈ નહોતી પણ તેમનાં પુસ્તકો વાંચ્યાં હતાં. તેઓ બન્ને એકબીજા સાથે પત્રવ્યવહાર દ્વારા સંપર્કમાં આવ્યા હતા. ટૉલ્સ્ટૉય તો ગાંધીજીથી ભૂઅંતરે ઘણા દૂર હતા. છેલ્લા દિવસોમાં તેઓ માંદા રહેતા હતા, તોય બંને વચ્ચેનો સંબંધ પત્રવ્યવહાર દ્વારા વિચાર-વિનિમયનો રહ્યો હતો.

ગાંધીજીએ ટૉલ્સ્ટૉયના લખાણોમાંથી પોતાના વિચારોને પુષ્ટ કરે એવી સામગ્રી મેળવી હતી. અને ટૉલ્સ્ટૉય દૂર રહ્યારહ્યા આ જુવાન હિંદુ દ્વારા પોતાના નોનરેજિસ્ટન્સ પ્રતિકાર એટલે અહિંસકપ્રતિકાર, અહિંસા એટલે કે અમલમાં મૂકતા શુદ્ધ પ્રેમના સિદ્ધાંતને કાંઈક કૌતુક અને કાંઈક આનંદમિશ્રિત લાગણીથી નિહાળી રહ્યા હતા. એટલે જ એમણે હિંદસ્વરાજની નકલ વાંચીને ગાંધીજીને લખ્યું હતું;

"મેં તમારી ચોપડી રસથી વાંચી છે, કેમ કે હું માનું છું કે તેમાં ચર્ચવામાં આવેલ વિષય — સત્યાગ્રહ -તે હિન્દુસ્તાન માટે જ નહીં પણ કુલ આદમ જાત માટે સૌથી વધારે અગત્યનો છે. હું તમારી ચોપડીને બહુ કિંમતી ગણું છું."

ઇન્ડિયન ઓપિનિયન વાંચીને ટૉલ્સ્ટૉયે પોતાની નાજુક તબિયતે પણ લખ્યું;

"તમારું છાપું મને મળ્યું છે. સત્યાગ્રહીઓ વિશે તેમાં જે લખ્યું છે તે વાંચી રાજી થયો છું. જેમજેમ હું બુઢ્ઢો થતો જાઉ છું તેમતેમ(ખાસ કરીને મારું મૃત્યુ નજીક છે એમ મને ચોખ્ખેચોખ્ખું દેખાય છે ત્યારે) મારા મનમાં જે દીવા જેવી અને બહુ અગત્યની વાત રમી રહી છે, તે બીજાઓને કહેવાની મને ઇચ્છા થાય છે એ વાત જે 'સત્યાગ્રહ' નામથી ઓળખાય છે તે જ છે."

સત્યાગ્રહ તે શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશું નથી. મનુષ્યના આત્માને એકત્ર કરીને જોડવાનો પ્રયાસ તે જ પ્રેમ અને તે પ્રેમ માનવીની જિંદગીને દોરનારો ઊંચામાં ઊંચો એક જ કાયદો છે. દરેક માણસ પોતાના અંતરમાં ઊંડી ઊંડી આ લાગણીને અનુભવે છે. બાળકોની અંદર આપણે તો ચોખ્ખી રીતે જોઈ શકીએ છીએ. માણસ જ્યાં સુધી જૂઠા શિક્ષણમાં ફસાયેલો નથી ત્યાં સુધી તે લાગણી પારખી શકે છે. આ ફરમાન બધાએ હિન્દી, ચીની, યહૂદી, ગ્રીક, રોમન વગેરે સંતોએ પોકારેલ છે. હું માનું છું કે આમાં બધા કાયદા અને પેગંબરોનો સમાવેશ થઈ જાય છે.

ગાંધીજી ઇંગ્લેન્ડમાં વિદ્યાર્થી તરીકે હતા(૧૮૮૮થી ૧૮૯૧), ત્યારે જ તેઓ મહાત્મા ટૉલ્સ્ટૉય જોડે પત્ર વ્યવહાર કરી ચૂક્યા હતા. ભણીને દક્ષિણઆફ્રિકા વકીલાત કરવા ગયા ત્યારે પત્રવ્યવહાર આગળ ચાલ્યો છે. ગાંધીજીએ ખુદ હિંદસ્વરાજમાં ટૉલ્સ્ટૉયનાં પુસ્તકો વાંચવાની ભલામણ કરી છે. આ પુસ્તકોમાં 'ધ કિંગ્ડમ ઓફ ગોડ ઇઝ વિધિન યૂ'ની ગાંધીજી પર ઊંડી છાપ પડી હતી. તેનો ઉલ્લેખ ગાંધીજી પોતાની આત્મકથામાં કરી ચૂક્યા છે.

૧. અહિંસા એટલે બૂરાઈનો બૂરાઈથી પ્રતિકાર નહીં પણ ભલાઈથી પ્રતિકાર.
૨. આધુનિક રાજસત્તાની ટીકા.
૩. ખ્રિસ્તી ધર્મનો નૈતિક સંદેશ.
૪. ભારતના ગુલામ થવાનાં કારણો વિશે ગાંધીજી જે વિચારતા હતા, તેને ટૉલ્સ્ટૉયના વિચારોથી જબ્બરદસ્ત ટેકો મળ્યો. તે ઉપરાંત બ્રેડલેબર એટલે કે શરીરશ્રમયજ્ઞ દ્વારા પ્રાપ્ત આજીવિકાનો મૂળ બાઈબલનો(અને ભગવત્ ગીતાનો) વિચાર ગાંધીજી પાસે ટૉલ્સ્ટૉય મારફત આવેલો. તે વિચારનો ગાંધીજી દ્વારા સ્થાપિત ચારે આશ્રમોમાં અને ભારતમાં ગાંધીપ્રેરિત સેંકડો આશ્રમોમાં અમલ કરવાનો પ્રયત્ન થયો છે.

'ધ કિંગ્ડમ ઓફ ગોડ ઇઝ વિધિન યૂ' (વૈકુંઠ તારા હૃદયમાં છે) આ પુસ્તક ગાંધીજીએ વાંચ્યું પછી તે તેમની અહિંસક સત્યાગ્રહની શોધની વિચારણાના પાયાને મજબૂત કરવામાં દીવેલ પૂરે છે. આ પુસ્તક પ્રેમગ્રંથ છે, ક્ષમાગ્રંથ છે, ભાઈચારાનો ગ્રંથ છે અને વિશ્વના આદિકારણને સમર્પિત જીવનનિષ્ઠાનો અદ્ભુત જીવંત ગ્રંથ છે. જગતના તમામ ધર્મોના સાર્વભોમ આધ્યાત્મિક મૂલ્યનો ખજાનો છે. તેથી આ ગ્રંથ માત્ર ખ્રિસ્તીધર્મ પૂરતો જ મર્યાદિત નહીં પણ

જગત આખાની માનવતાનો અમૂલ્ય વારસો છે. તેને ધાર્મિકતાની સંકુચિત સાંપ્રદાયિકતાથી પર ઊઠીને જ વાંચી શકાય. જેમ મહાત્મા ગાંધીએ કબીર સાહેબની એક સાખી મુજબ - સાધુ ઐસા ચાહિએ તેને બદલે હું એમ કહીશ કે 'જ્ઞાની ઐસા ચાહિએ જેસા સૂપ સુભાય, સાર સાર કો ગ્રહી રહે, થોથા દેઈ ઉડાય' ના સારરૂપે આ ગ્રંથે સારપ ગ્રહણ કરી લીધી છે.

મહાત્મા ગાંધીના જીવનમાં આચાર-વિચાર અને કર્મ ઉપર જીવંત પ્રભાવ પાડનાર મહાત્મા ટૉલ્સ્ટૉયના વિચારો જેમજેમ આ પુસ્તકના પાનેપાને ઉઘડતા ગયા, મોકળા થતા ગયા તેમતેમ તેને પોતાની સમજમાં ઉતારનાર વાચક-ભાવક કોઈ અવર્ણનીય અહ્લાદક અનુભવ કરે તેમાં શોધ ન પણ હોય તેમ છતાં દરેકના મનમાં સત્ય માટે એક પોતાની મર્યાદા પૂરતી ઝંખના, આગ્રહ અને સ્વતંત્રતા માટે ચાહના તો રહેલી જ હોય છે. એ હકીકત દરેકને પણ આ ગ્રંથમાં આદ્યાન્ત ઝળહળતા મૌલિક વિચારની નવી ક્ષિતિજોની ઝાંખી કરાવ્યા વિના રહેશે નહીં.

યુરોપના ક્રિમિયાના યુદ્ધમાં ટૉલ્સ્ટૉયને મોકલવામાં આવ્યા, ત્યારે તેમની ઉંમર માત્ર ૨૭ વર્ષની હતી. ભરયુવાનીના આ તબક્કે લડાઈમાં હિંસાની ક્રૂરતા અને અધમતા, આક્રમણ કરવું અને જાતે બચી જવું તે સાથે સામા પક્ષના સૈનિકોની કતલ કરી ખાતમો બોલાવી દેવો પડે તેવી લોહી નિગળતી હિંસા વચ્ચે તેમને રહેવું પડ્યું. તે અનુભવે યુદ્ધ અને માનવહત્યાની હિંસા સામે અને તેની નિરર્થકતા માટે તેમના અંતરાત્માને તે જ દિવસે જાગૃત કરી દીધા.

પ્રેમના કાયદાનું દર્શન તેમને થયું અને વધતી વયે પછી તેમની આધ્યાત્મિકતાની ખોજે સત્યનાં અનંત જ્ઞાનના આકાશમાં તેમને મૂકી આપ્યા.

મહાત્મા ટૉલ્સ્ટૉયની આધ્યાત્મિકતા પ્રત્યક્ષ જીવનમાં વાસ્તવિક પરિસ્થિતિ વડે જ પ્રમાણિત થતી હતી. તેમને મન ધર્મ કોઈ માન્યતા પૂરતો નથી પણ પાલન વડે પોતાના આંતરિક પરિવર્તનનો માર્ગ છે. તે મુજબ સાચી ઈશ્વરનિષ્ઠા તમામ અંગત મિલકતની માલિકીનો ત્યાગ માગે છે. એ એમને સમજાયું તેથી તે પર અમલ કરવાના માર્ગમાં સર્વપ્રથમ ઉગ્ર વિરોધ પત્ની તરફથી થયો. પરિણામે બન્ને વચ્ચેના સંબંધો કથળ્યા ને પ્રકાશનના તમામ હક્કો પત્નીને આપી દીધા પણ સાહિત્યસેવા બંધ ન થઈ, સત્યની શોધ ચાલુ રહી.

વૈકુંઠ એટલે ઈશ્વરનું રાજ્ય - તે આ ગ્રંથનો મૂળ વિચાર છે. તેનું સામ્ય મહાત્મા ગાંધીજીએ હિંદ સ્વરાજ(૧૯૦૯)માં રજૂ કરેલા 'સ્વરાજ' વિચાર સાથે લાગે તો તે સ્વાભાવિક છે. તેમણે લખ્યું છે;

" 'સ્વરાજ' એ આપણા મનનું રાજ્ય છે. તેવું સ્વરાજ લેવા ખાતર આ દેહસમર્પણ છે. એમ મન સાક્ષી પૂરે છે." પોતાનું સમર્પણ જે સ્વરાજ માટે એમણે બતાવ્યું તે કોઈ રાજકીય સ્વતંત્રતા પૂરતું સ્વરાજ નથી પણ પોતાના મનના સ્વરાજ સાથે છે. મહાત્મા ટૉલ્સ્ટૉયે તને આ આંતરિક ચેતનાનું રૂપાંતર કહ્યું છે. એમ સત્ય અને પ્રેમમાં વ્યક્તિનું આંતરિક રૂપાંતર એ જ વૈકુંઠ એટલે ઈશ્વરનું રાજ્ય છે.

મહાત્મા ગાંધીએ માનવીના સત્યમય રૂપાંતર માટે સત્યાગ્રહના સિદ્ધાંતનો વાસ્તવિક જીવનમાં પ્રયોગ કરી બતાવ્યા; જ્યારે પ્રેમમય રૂપાંતર માટે ટ્રસ્ટીશીપ અને સર્વોદયના સિદ્ધાંતો આપ્યા. જે સત્યાગ્રહ કરતા વધુ રચનાત્મક અને સમગ્રલક્ષી રૂપાંતર માગે છે. જેમજેમ એ સિદ્ધાંતો અપનાવીને પોતાના મનનું સ્વરાજ પામવાની ઝંખનામાં માનવજાતિ આગળ વધશે, તેમતેમ એવી વ્યક્તિઓ સર્વોદય સમાજની રચના કરશે તે જ માનવ સંબંધોમાં, તેની સામાજિક અને સાંસ્કૃતિ સંસ્થાઓ-વ્યવસ્થાઓમાં વ્યાપી જતું સત્ય અને પ્રેમમય પરિવર્તન છે. મહાત્મા ગાંધીનું એ સ્વરાજ તે જ વૈકુંઠ-ઈશ્વરનું રાજ્ય છે. તેનું પ્રતિતીજનક નિરૂપણ મહાત્મા ટૉલ્સ્ટૉયના નીચેના શબ્દોમાં ધબકતું અનુભવાય છે.

'રાજ્ય કે સમાજને લગતી આજની ઐહિક જીવનસંબંધી વ્યવસ્થાઓ ક્ષણભંગુર અને અર્થહીન છે. તેની સંપૂર્ણ માનવીય રચના અસંભવ છે. સર્વોપરી સત્તા એવી ઐહિક વ્યવસ્થાઓને આપણા જીવનનું સમર્પણ ઇચ્છે;

જે એક માત્ર બુદ્ધિગમ્ય તેમ જ સર્વથા સંભવ છે. અને જેનો આવિષ્કાર સંપૂર્ણપણે નક્કી છે. ઈશ્વરના રાજ્યની સેવાનો અર્થ પૃથ્વી પરના સમસ્ત માનવ જીવન માટે ઐક્યની મહત્તમ શક્યતાની સ્થાપનાનાં દિવ્યતા વડે થઈ રહેલાં કાર્યમાં આપણો સંપૂર્ણ સહયોગ, માનવઐક્યની આ શક્યતા એકમાત્ર સત્ય સિવાય બીજી કશી નથી. જે સત્ય આપણને પ્રકાશિત થયું હોય તેને સ્વીકારીને આત્મસાત કરવું અને તે મુજબનું તેનું પાલન-આચરણ કરવું તે જ એકમાત્ર આપણા હાથની સત્તામાં છે.'

મહાત્મા ટૉલ્સ્ટૉયનું આ ચિંતન બાહ્ય ભભકાઓવાળાં ક્ષણભંગુર જીવનનાં દંભ અને હિંસામાં અટવાયા કરતી માનવજાતિને સતત ભાન કરાવે છે કે : 'વૈકુંઠ તારા હૃદયમાં છે.'

પોતાની માન્યતા અંગે લિયો ટૉલ્સ્ટૉયે ૧૮૮૪માં 'વૉટ આઇ બીલિવ' લખ્યું. તેમાં તેમણે પોતાની માન્યતા અંગે જે વાત કરી તે આ મુજબ હતી.

"પ્રભુ ઈશુના બોધમાં હું માનું છું. તેમાં શ્રદ્ધાની આ વાત કરવા જતાં ધાર્મિક મઠો જેને ધર્મ માને છે તે ખ્રિસ્તી ધર્મના ચર્ચાના સિદ્ધાંતોની વાત કર્યા વિના મારાથી રહેવાનું નથી. એમના સિદ્ધાંતમાં તો હું જરાયે માનતો નથી. તેનાં કારણ શું છે અને એ કેવાં ભૂલભરેલાં છે તે વિશે હું કહીશ.

પ્રભુ ઈશુના ઉપદેશને એ ધર્મસિદ્ધાંતોએ અનેક રીતે મારીમચડીને રજૂ કર્યો છે. અનિષ્ટ સામે હિંસાથી નહીં, અહિંસક રહીને પ્રતિકાર કરવાનો નિયમ એમણે શીખવ્યો, તેની તો એ ધર્મસિદ્ધાંત કશી નોંધ પણ લેતા નથી. એથી દીવા જેવું સાફ જણાઈ આવે છે કે ચર્ચ અને મઠોના ધર્મસિદ્ધાંતમાં પ્રભુ ઈશુના ઉપદેશને કેટલી હદે વિકૃત કરવામાં આવે છે.

અનિષ્ટ સામે પ્રતિકાર(નોનરેઝિસ્ટન્સ) વિશે આજ સુધી ઘણું કહેવાયું ને લખાયું હશે, પણ ઘણી ખરી બાબતોની જેમ એ અંગે મારી જાણકારી મર્યાદિત જ છે. ચર્ચના કેટલાક પાદરીઓ વિશે મને જાણવા મળેલું; ઓરિજેન, ટર્શૂલિયન અને એમ બીજાઓએ આ વિષયમાં કંઈક કહ્યું છે. વળી એ પણ જાણ્યું કે મેનોનાઇટ્સ, હર્નહટ્ર્સ અને કવેકર્સ તરીકે ઓળખાતા કેટલાંક સંપ્રદાય છે. એ કદી ખ્રિસ્તીઓ માટે શસ્ત્રનો વપરાશ મંજૂર રાખતા નથી કે સૈન્યમાં નોકરી કે ફરજ સ્વીકારતા કે બજાવતા નથી. પહેલાં પણ આવા લોકો હતા અને આજે પણ છે. પણ આ કહેવાતા સંપ્રદાયોવાળા લોકોએ આ પ્રશ્નમાં મંથન કરી કોઈ નવનીત તારવ્યું હોય, તેવું તો કંઈ જ જાણવા મળ્યું નથી.

મેં ધાર્યું જ હતું તેમ મારા એ પુસ્તકને રશિયન નિયંત્રણ ધારા હેઠળ અટકાવવામાં આવ્યું. પણ કંઈક આ પુસ્તકમાં લોકોને રસ પડ્યો તે કારણે અને કેટલેક અંશે એક લેખક તરીકે હું જાણતો હોવાથી, આ પુસ્તકની લિથોગ્રાફ નકલોનો, સ્વદેશમાં અને વિદેશમાં, તરજુમાઓ મારફત ફેલાવો થતો રહ્યો. એથી મને બે લાભ થયા; એક એ કે મારો જે મત બંધાયો તેમાં જોડાનારા અનેક લોકો તરફથી તેને અનુરૂપ વિચારની દિશામાં જે કંઈ લખાયું હોય તો તે બધાની મને તેમણે ભરપૂર માહિતી મોકલી આપી અને બીજો લાભ તે સંખ્યાબંધ લોકો તરફથી મને આ વિષય પર તેમનાં અભિપ્રાય અને આલોચના મળ્યાં, એ થયો. આલોચનાઓ મૈત્રીપૂર્ણ તેમ જ આક્રમક બંને પ્રકારની હતી. ગયા વર્ષની ઐતિહાસિક ઘટનાઓએ તેમાંની મોટા ભાગની બાબતો મને સ્પષ્ટ કરી આપી. તે હવે પછી હું જે નિષ્કર્ષ પર પહોંચ્યો છું તેનાં તારણ અહીં રજૂ કરવા ધારું છું.

સૌ પ્રથમ તો અનિષ્ટ સામે પ્રતિકાર સંબંધી ઐતિહાસિક દિશામાં જે સામગ્રી અને માહિતી મને મળી છે, તેની વાત કરીશ. એ પછી આ વિષય પર પરંપરાગત રૂઢિચુસ્ત આલોચના. એટલે ધર્મચુસ્ત ખ્રિસ્તીઓ માને છે તે તેમ જ ધર્મનિરપેક્ષ અને બિનખ્રિસ્તીઓની આલોચના વિશે વાત કરીશ અને છેલ્લે આ બધાંને અંતે તથા પાછલા વર્ષના ઇતિહાસ પછી હું જે નિષ્કર્ષ પર પહોંચ્યો છું, તેનાં તારણ રજૂ કરીશ.

યાસનાયા પોલ્યાના
મે ૧૪/૨૬, ૧૮૯૩

લિયો ટૉલ્સ્ટૉય.

## (૦૩) ઘડતર અને ચણતર : એક કર્મયોગી ઉર્દ્વયાત્રા

- ભરત ના. ભટ્ટ

ભૂમિકા : સ્નેહી ભાઈશ્રી મનીષભાઈ, ગુજરાત સાહિત્ય અકાદમીના પદાધિકારીઓ તથા સાહિત્ય રસિયાં ભાઈઓ—બહેનો,

ગુજરાતી આત્મકથાનાં ૧૫૦ વર્ષ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં તમારી સમક્ષ બોલવા ઊભો થતા ધન્યતા અને આનંદની લાગણી અનુભવું છું. તમને સૌને મારા નમસ્કાર.

ગુજરાતી ભાષાનું પ્રથમ આત્મકથાનક 'દુર્ગારામ ચરિત્ર' એક સંનિષ્ઠ શિક્ષકની આત્મકથા છે. મારે અહીં જે આત્મકથા વિશે બોલવાનું છે તે પણ એક જન્મજાત મહેતાજીની આત્મકથા છે. હું બોલી લઉં પછી અહીં પૂ. ગાંધીજીની આત્મકથા વિશે વાત થવાની છે. જેમની કૃતિ દ્વારા ગુજરાતી આત્મકથા પોતાની પરાકાષ્ઠાએ પહોંચી તેવા એ વિશ્વગુરુના નાનાભાઈ નિકટના શિષ્ય હતા. પૂ. બાપુના કેળવણીદર્શનને સાકાર કરનાર તેઓ ભારતમાં પ્રથમ હતા.

આ સર્વ સંદર્ભમાં હું એક શિક્ષક તરીકે ગૌરવ અનુભવું છું. મારા વતી, નાનાભાઈના અંગત તેમ જ સંસ્થા પરિવારવતી ધન્યતાના ભાવ સાથે આયોજક બંને સંસ્થાઓ, તેના પ્રમુખો પ્રત્યે ઋણભાવ પ્રગટ કરું છું.

નોંધપાત્ર આત્મકથા એ છે જેમાં અસામાન્ય વ્યક્તિનું આત્મનિવેદન હોય અને તે વ્યકિતની અસામાન્યતાનો તેમાં આલેખ હોય, 'ઘડતર અને ચણતર' શીર્ષક વાળી આ આત્મકથા એક કેળવણીકારની અનુભવકથા છે. તેમાં તેના નાયકનું ઘડતર અને તેમની પ્રથમ કેળવણી સંસ્થા 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' (ભાવનગર)નું ચણતર કેવી રીતે થયું તેનો ચિતાર છે. આનો અર્થ એ થયો કે આ આત્મકથામાં તેના લેખકનો એક કેળવણીકાર તરીકેનો આત્મવિકાસ અને તેમની કેળવણી સાધનાનો એક સંસ્થાસ્વરૂપે પ્રગટ વિકાસ રજૂ થયો છે.

પૂ. વિનોબાજીએ સંતોના, સાધુઓના, આધ્યાત્મિક વ્યક્તિઓના બે પ્રકાર કહ્યા છે : (૧) સંન્યાસી (૨) કર્મયોગી. સંન્યાસી એ છે જે પોતે કશું જ કરતો નથી, સળી ભાંગીને બે કરતો નથી, પરંતુ તેની હાજરી માત્રથી સેંકડો કર્મો થવા લાગે છે. સંન્યાસી તરીકે વિનોબાજી સૂર્યનું ઉદાહરણ આપે છે. કર્મયોગી એ છે જે સતત કર્મવ્યસ્ત છે, કદી પગવાળીને બેસતો જ નથી. પરંતુ તે સર્વ કર્મો ભગવાન વતી કરે છે, ભગવાને તેને સોંપ્યાંના ભાવથી કરે છે અને પોતાનાં સર્વ કર્મો પ્રભુના ચરણોમાં ધરી દે છે. આમ સંપૂર્ણ નિષ્કામભાવે કર્મ કરે તે કર્મયોગી, વિનોબાજી કર્મયોગી તરીકે ગાંધીજીનો દાખલો આપે છે. અહીં 'ઘડતર અને ચણતર'ને જો મારે ઓળખ આપવાની હોય તો હું તેને 'એક કર્મયોગીની ઉર્ધ્વયાત્રા' કહું.

અધૂરો આલેખ :— વાસ્તવમાં કોઈપણ આત્મકથા તેના નાયકના મૃત્યુ સુધીનું બયાન ન આપી શકે. આવું અહીં પણ બન્યું છે પરંતુ અહીં આ મુદ્દો વિશેષ નોંધપાત્ર છે કારણ કે—(૧) નાનાભાઈની કેળવણીસાધના એકાવન વર્ષ પર પથરાયેલી છે. તેમાંથી અહીં માત્ર આરંભના ૨૮ વર્ષની જ વાત છે. (૨) તેમણે ત્રણ કેળવણીસંસ્થાઓ સ્થાપી જેમાંથી પ્રથમ એકની જ ગાથા આમાં છે. (૩) આમાં સંસ્થાની સ્થાપના સાથે સંસ્થાની ઉથાપનાની (બંધ થવાની) વાત પણ આલેખાઈ છે. (૪) નાનાભાઈની કેળવણી ઉપાસનાનાં મહત્વનાં, અને એ રીતે તેમના જીવનનાં પણ અર્કસમાં ૨૩ વર્ષની કથા અહીં નથી. (૫) તેમની બંને ગ્રામીણ ઉત્તરસંસ્થાઓનો અહીં ઉલ્લેખ નથી.

આ અંગે 'ઘડતર અને ચણતર'ના અંતમાં નાનાભાઈએ લખ્યું છે, 'ભગવાનની ઈચ્છા હશે તો ભવિષ્યમાં કોઈ ભાઈ—બહેન મારા જીવનનાં આ પાછળનાં વર્ષોનો ખ્યાલ સમાજને આપશે.'

કથાનાયકે પોતાની ૬૮થી ૭૬ વર્ષની વય વચ્ચે (આશરે ઈ.સ. ૧૯૫૦થી ૧૯૫૮ વચ્ચે) આ આત્મકથા

લખી. છેલ્લે આપણે તેમનું જે વિધાન નોંધ્યું તે તેમણે પોતાની પ્રથમ સંસ્થાની સ્થાપના પછી ૪૮ વર્ષે અને પોતાના અવસાન પૂર્વે ત્રણેક વર્ષે લખ્યું છે.

સમય અને કદ :— ઈ.સ. ૧૮૮૨થી ૧૯૩૮ના સમયગાળાનો આલેખ રજૂ કરતી આ આત્મકથા ૧૯૫૦થી ૧૯૫૮ના ગાળામાં લખાઈ. તેમની સંસ્થાના મુખપત્ર 'કોડિયું'માં શ્રેણીબદ્ધ પ્રગટ થઈ અને પછી ગ્રંથસ્વરૂપે પ્રકાશિત થઈ.

બે ભાગમાં, ૧૫ ખંડોમાં, નાનાં—મોટાં ૧૦૦ જેટલાં પ્રકરણોમાં આ કથા પથરાયેલી છે. ડેમી સાઈઝના આશરે ૨૭૦ પાનાંની આ ગાથાના પ્રથમ ભાગમાં ચણતરકથા અને દ્વિતીય ભાગમાં ઘડતરકથા છે.

ખંડ—૧ : કથા : ઉપાડ અને વિકાસ :— આ કથાયાત્રા કેવી રીતે આગળ ચાલે છે ? નાયકના અનુભવો અને સ્મરણોની કલમનૌકા ક્યાં ક્યાં વિહરે છે ? ચાલો જોઈએ.

પ્રશ્નોરા નાગર એવા કથાનાયકની જ્ઞાતિમાં વૈદું, પારાયણકળા અને વિદ્યાવ્યાસંગ જીવન સાથે ઓતપ્રોત, આરંભમાં નાનાભાઈ પોતાના દાદાના કાકા ત્રિકમબાપાનો પ્રેરક કિસ્સો નોંધે છે. તેઓ બહુ સારા વૈદ્ય. ભાવનગરના રાજપરિવારમાં વૈદ્ય તરીકે તેમના સિવાય કોઈનો પગ નહીં. આ ત્રિકમબાપાએ એક જૈન મુનિનો ચીકણો વ્યાધિ મટાડયો. મુનિ મહારાજે રાજી થઈ તેમના હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં. નાખુશ ત્રિકમબાપા તે કડાં લઈ સીધા નિલકંઠ મહાદેવને મંદિરે ગયા. ત્યાં શંકરના ચરણોમાં તે કડાં મૂકીને પછી જ ઘરે ગયા.

દવા—ઈલાજનો એક પૈસો પણ ન લેતા. આ વૈદ્ય માટે ભાવનગર નરેશે એક વાર કારભારી દ્વારા ખેતરોનું દાન કરતો લેખ લખાવ્યો અને ત્રિકમબાપા આવ્યા ત્યારે તેમના હાથમાં મૂકયો. લખાણ વાંચી, ગળગળા થઈ ત્રિકમબાપા બોલ્યા, 'તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ રહેવાં દેવાં નથી ને ? મારે ખેતર શાં ને પાદર શાં ? કારભારીએ લખાણ પાછું લઈ લેવું પડ્યું.

પોતાના પૂર્વજની ગાથા ગૌરવથી કહેનાર નાનાભાઈની પોતાની લક્ષ્મીવિતૃષ્ણા પણ ત્રિકમબાપા જેવી જ હતી. આસિ. પ્રોફેસરનો આશરે રૂ.૨૦૦/—નો પગાર છોડી પોતાની સંસ્થાના રૂ.૫૦/—ના તેઓ કર્મચારી બનેલા. પોતાની આ સંસ્થાના નિભાવ માટે આશરે ૨૨—૨૩ વર્ષ તેઓ ફંડ કરવા નીકળતા, પરંતુ આમાં એક સિદ્ધાંત કે વાર્ષિક જરૂરિયાત પૂરી થાય એટલે પરત ફરવાનું. મળતું હોય તો પણ વધુ ધન નહીં લેવાનું. કહેતા—'જમા પૈસો સંસ્થામાં બદી લાવે.'

તેઓ ત્રિકમબાપાના વારસ અવશ્ય. ગાંધીજીના શિષ્ય પણ ખરા જ. આમ છતાં સંપત્તિ નિર્મોહ બાબતે ક્યાંય કોઈનું અનુકરણ નહીં. કાંચનમોહમુકિતનો એક આગવો અંદાજ. પંડિત સુખલાલજીએ તેમને ગૃહસ્થ તપસ્વી કહ્યા છે અને ઉમેર્યું છે કે તપનો તાત્ત્વિક અર્થ થાય છે—વિદ્યાવ્યાસંગ, અંતરનિરીક્ષણ અને અસંગ્રહ. સમય હોય તો ઘોડાગાડીના ભાડાના બે પૈસા બચાવવા ચાલી નાખે અને અનિવાર્ય હોય તો મુંબઈથી રૂ.૫૦૦/—નું સ્પેશ્યલ પ્લેન કરીને પણ ભાવનગર પહોંચે.

પ્રથમ ખંડમાં જન્મથી આસિ. પ્રોફેસરપદ સુધીની યાત્રા છે. અહીં લેખકે પોતાની બાલ, કુમાર, કિશોર અને યુવાવયનું આલેખન કર્યું છે. પોતાના અભ્યાસ, મહેનત અને પરિણામો વિશે તેમણે અહીં લખ્યું છે. લેખકે પોતાના પરિવારનો અહીં વ્યવસ્થિત અને વિગતે પરિચય આપ્યો છે તથા પોતાના લગ્નજીવનની વાતો પણ નિખાલસતાપૂર્વક આલેખી છે.

વ્યકિતત્વ કેવું છે ? :— ખંડ — ૧ દ્વારા કથાનાયકનું કેવું વ્યક્તિત્વ ઉપસે છે ? ચાલો, તપાસીએ.

મૂળ નામ નથુ ભટ્ટ. પછી નૃસિંહપ્રસાદ થયા, પ્રસાદજી કહેવાયા અને છેલ્લે નાનાભાઈ બન્યા અને તે નામે પ્રસિદ્ધ થયા. આ નથુ ભટ્ટ કિશોરવય સુધી તોફાની, મસ્તીપ્રિય, શોખીન અને મૈત્રીવાંચ્છુ છે. ભણવામાં સહેતુ બેદરકાર પણ તેજસ્વી. સાથે જ લાગણીબદ્ધ, આજ્ઞાંકિત અને સાચાબોલા છે. માત્ર સવા વર્ષે માતા ગુમાવનાર નથુ ભટ્ટ દાદી ચંદુની સંભાળ નીચે એવો ઉછેર પામે છે કે દસેક વર્ષ સુધી તો તેમને ખબર જ નથી કે ચંદુ તેમની જનેતા નથી.

નથુ ભટ્ટમાં બુદ્ધિપ્રતિભા હતી. સાથે જ વાચનશોખ, સંત—સાધુ સત્સંગમાં રસ અને કથાશ્રવણ શોખ થકી

બહુશ્રુતતા આવેલી. ભણવામાં સારા અને માસ્ટર ડીગ્રી સુધીની યશસ્વી કારકિર્દી. તેમને ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ધર્મ–તત્ત્વજ્ઞાન, ઇતિહાસ વગેરે વિષયોમાં તથા તે અંગેના ગ્રંથોમાં ઊંડો રસ હતો તથા તે વિષયો અંગેનું તેમનું વાચન વિશાળ હતું. મુંબઈ ખાતે એમ.એ. કરતી વેળા તેમણે ગ્રીક–રોમન સંસ્કૃતિના આશરે ૩૦૦ ગ્રંથો વાંચેલા. તેમણે ભારતના લગભગ સર્વ પ્રાચીન સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરેલો. બંને ભારતીય મહાકાવ્યો પરના તેમના સીમાચિહ્નરૂપ ગ્રંથો–'રામાયણનાં પાત્રો' અને 'મહાભારતનાં પાત્રો'– દર્શન, રજૂઆત અને વાચકપ્રિયતામાં વિક્રમી ગણાયેલાં. આ ગ્રંથોને આધારે સ્વામી આનંદે તેમને 'વ્યાસ–વાલ્મીકિના વારસ' કહ્યા છે.

નાનાભાઈની વિશેષતા એ હતી કે તેમને ધર્મ–તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જેટલો રસ હતો તેટલો જ રસ તેમને લલિતસાહિત્યમાં હતો. તે બંને ક્ષેત્રો અંગેનું તેમનું વાચન અને પરિશીલન પણ એટલું જ ઊંડું અને વિશાળ હતું. મુંબઈમાં ગ્રેજ્યુએશન કરતા હતા ત્યારે શેક્સપીઅરનાં ત્રણ નાટકો જોવા રૂ.૩૦/– ખર્ચેલા અને તે ખાડો પૂરવા બે માસ એક જ ટંક જમેલા.

તેમની વિદ્વતા થકી જતે દિવસે જુગતરામ દવેએ તેમને ગુજરાતના વિદ્વાનોમાં આનંદશંકર ધ્રુવ પછીના ક્રમે મૂકેલા. તેમની આ વિદ્વતાનાં બીજ તેમની આ યુવાનવયમાં પડ્યાં હતાં.

અદ્દભુત સમન્વયકાર :– પોતાના જીવનના અને પોતાની સંસ્થાના આ આત્મકથન–આલેખન દરમિયાન નાનાભાઈની એક આગવી લાક્ષણિકતા પ્રગટ થાય છે, તે છે તેમની અદ્ભૂત સમન્વયદષ્ટિ અથવા સમન્વયકળા. નાનાભાઈ સાથે અનેક નાતે જોડાયેલા, તેમના પ્રખર અનુયાયી અને કેળવણીવારસ ગણાયેલા મૂળશંકર મો. ભટ્ટ નાનાભાઈની ત્રણ લાક્ષણિકતાઓને ઉપસાવતાં જે એક લાક્ષણિકતા ગણાવે છે તે નાનાભાઈની સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેની સમન્વયદષ્ટિ. તેઓ લખે છે, 'નાનાભાઈ આદર્શ અને વ્યવહાર વચ્ચેનો સુમેળ એવી સરસ રીતે સાચવી લેતા કે વ્યવહારમાં આદર્શની ઝલક જોવા મળે.'

અહીં જાણીતા સાહિત્યકાર ચૂનીલાલ મડિયાનું આ આત્મકથા અંગેનું વિધાન નોંધવું જોઈએ. તેમણે, 'આ આત્મકથા એ બંડખોર મરજાદીની મૂંઝવણકથા છે.' તેમ લખ્યું છે. મડિયાના આ વિધાનને ટાંકીને જાણીતા સાહિત્યકાર–પત્રકાર હરીન્દ્ર દવે લખે છે– 'જેને મડિયાએ એક બંડખોર મરજાદીની તસવીરરૂપે ઓળખાવી છે તે 'ઘડતર અને ચણતર' તેમના વ્યક્તિત્વનાં તે બંને સ્વરૂપોનો પ્રામાણિક પરિચય આપે છે.'

નાનાભાઈ આમ મરજાદી પણ હતા અને બંડખોર પણ. તેમનું જીવનદર્શન અને તેમની જીવનશૈલી એટલે આ બંનેના વિધેયક અને માનવકલ્યાણકારી પાસાંઓનો સમન્વય. તેમની આવી સમન્વયકળાના બે–ત્રણ પ્રસંગો જોઈએ.

નાનાભાઈ પોતે કોઈના મૃત્યુ પછીના વિવિધ વિધિ તથા જમણવારમાં માનતા નહોતા. પ્રસંગોપાત પોતાનો આ વિરોધ તેમણે પ્રગટ પણ કરેલો. બન્યું એવું કે તેમના સસરા જગજીવનકાકાએ પોતાના અંતિમ દિવસોમાં આ મોટા જમાઈને બોલાવ્યા. કહ્યું, 'નથુ ભટ્ટ, મારા પુત્રો નાના છે. મારી ઇચ્છા મારા અવસાન નિમિત્તે નાતને બે વાર જમાડવાની છે. તમે આ જવાબદારી સ્વીકારો તો હું શાંતિથી દેહ છોડું.'

ક્ષણ બે ક્ષણ વિચાર કરી નાનાભાઈએ સસરાને કહ્યું, 'કાકા, તમારા મૃત્યુ નિમિત્તે હું પોતે માથે ઊભો રહીને નાતને બે વાર જમાડીશ. તમે શાંતિથી દેહ છોડો.' જગજીવનકાકા પરલોકવાસી થયા પછી વચન પ્રમાણે જમણવાર યોજવાની તજવીજ નાનાભાઈએ શરૂ કરી અને પોતાની પત્નીને કહ્યું, 'બાબુની બા, મેં વચન આપ્યું છે એટલે હું તેમની પાછળ બે જમણવાર કરીશ પરંતુ હું પોતે ચોખાનો એક દાણો પણ મોંમાં નહીં મૂકું.'

'તમે જ કાકાને વચન આપ્યું છે. તમે જ નાત જમાડવાના છો અને તમે જ કાંઈ ન લ્યો તે ચાલે ?' અજવાળીબહેને પૂછ્યું.

'જો બાબુની બા, મેં કાકાને વચન આપ્યું, કારણ કે મારા સિવાય કોઈને તેઓ આ કામ સોંપી શકે તેમ નહોતા. તેમના અંતરની શાંતિ માટે વચન આપવું જરૂરી હતું. મેં વચન આપ્યું તે મારે પાળવું જ જોઈએ પરંતુ હું આવા

જમણવારનો વિરોધી છું તો હું કઈ રીતે કશું મોઢામાં મૂકી શકું ?'

મારાં બા પતિને બરાબર ઓળખતાં હતાં. તે તેમને વચનભંગ કરવાનું તો ન જ કહી શકે, અને તેમાં કશુંક લેવું જ પડશે તેવો આગ્રહ પણ ન રાખે.

નાનાભાઈ ગાંધી પ્રેરિત સત્યાગ્રહની લડતમાં સક્રિય હતા. સુરેન્દ્રનગરના ગાંધીવાદી આગેવાન વકીલ મણિભાઈ કોઠારીનો નાનાભાઈ પર સંદેશો આવ્યો— 'ફલાણે દિવસે ભાવનગર ખાતે દક્ષિણામૂર્તિ સંસ્થામાં ધ્વજવંદન રાખવાનું છે. તમે જરૂરી તૈયારી કરાવશો.' સંદેશો મોકલનાર અને લાવનાર બંનેને હતું કે નાનાભાઈ રાજી થઈ આ ગોઠવણ કરશે.

આ બાજુ નાનાભાઈએ લખ્યું કે દક્ષિણામૂર્તિમાં ધ્વજવંદન ગોઠવવું કે નહીં તેનો નિર્ણય કાં તો વ્યવસ્થાપક મંડળ લઈ શકે યા નિયામક લઈ શકે. મણિભાઈ કોઠારી આમાંના કોઈ પદ પર નથી એટલે તેઓ આવો નિર્ણય ન લઈ શકે. હું નિયામક છું એટલે નિર્ણય જણાવું છું કે દક્ષિણામૂર્તિમાં ધ્વજવંદન ગોઠવી શકાશે નહીં !'

આવું વલણ શા માટે ?

નાનાભાઈ ગાંધીજીની લડતમાં પૂરા સંમત અને સક્રિય હતા. તે લડતને તેઓ સાચી, જરૂરી અને અદ્વિતીય ગણતા હતા. પરંતુ તેઓ એમ પણ માનતા હતા કે દક્ષિણામૂર્તિ સંસ્થા એક દેશી રજવાડામાં છે. રાજવીના સાથ અને સદ્ભાવથી ચાલતી તે એક કેળવણીની સંસ્થા છે. આવા સંજોગોમાં સંસ્થાએ એવી કોઈ પ્રવૃત્તિ ન કરાય જે થકી અંગ્રેજોની કટુ નજર રજવાડા પર પડે.

૧૯૨૦–૨૧ની સાલ. નાનાભાઈ વગેરેની ઇચ્છા, માગણીથી ગાંધીજીની ગૂજરાત વિદ્યાપીઠે દક્ષિણામૂર્તિ સંસ્થાને પોતાની માન્યતા અને જોડાણ આપ્યાં. ગાંધીજીની સ્થાપેલી કે તેની સંલગ્ન સર્વ સંસ્થાઓમાં કેવળ કાર્યકરે જ નહીં, તેના પૂરા પરિવારે પણ ખાદી જ પહેરવાની ! ગૂજરાત વિદ્યાપીઠના એક કાર્યકર ભાવનગર દક્ષિણામૂર્તિ ખાતે આવ્યા. તેમણે જોયું કે સંસ્થાના નિયામક નાનાભાઈનાં પત્નીએ જ મિલની સાડી પહેરી છે. અમદાવાદ ગયા પછી તેમણે પૂ.બાપુને આ વાત કરી, ગાંધીજીએ તરત નાનાભાઈને લખ્યું, 'શું તારાં પત્ની મિલ પહેરે છે ? જો તેમ હોય તો આપણે જોડાણ રદ કરવું પડશે.'

નાનાભાઈએ જવાબ લખ્યો, 'હા, મારી પત્ની મિલ પહેરે છે. તે ખાદી પહેરે તેવો આગ્રહ મારે રાખવો તેમાં મને સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી સન્માન અને અહિંસા વ્રતનો ભંગ લાગે છે. તમે કહો ત્યારે આપણે જોડાણ રદ કરીએ.

બાપુનો જવાબ આવ્યો, 'નાનાભાઈ, ખાદી પહેરાવવા વિશેના તારા વિચારો મને બરાબર લાગ્યા છે. આપણું જોડાણ ચાલુ રહે છે.'

નાનાભાઈ આ રીતે બે પરસ્પર વિરોધી લાગતાં દ્વંદ્વના ચમત્કારી સમન્વયકર્તા હતા. આદર્શ અને વ્યવહાર, જાહેરજીવન અને અંગતજીવન, ધર્મ અને વિજ્ઞાન, શ્રેય અને પ્રેય, બુદ્ધિ અને લાગણી, સંસારભાવ અને સંન્યસ્થભાવ, રસિકતા અને આધ્યાત્મિકતા, પ્રતિભા અને ચારિત્ર, પરંપરા અને પરિવર્તન, કલા અને વિજ્ઞાન, સ્વાતંત્ર્ય અને શિસ્ત વગેરે તત્ત્વો વચ્ચેના દ્વંદ્વને મિટાવી તેઓ તેનું એવું સંયોજન પ્રગટ કરતા જે દ્વારા તેમાંની વિષમતા દૂર થાય અને પરસ્પરમાં એક બીજાની ઝલક દેખાય.

ધાર્મિક અને ધર્મજિજ્ઞાસુ :– નાનાભાઈ નાની વયથી જ (નથુ ભટ્ટ હતા ત્યારથી જ) ધાર્મિક અને ધર્મજિજ્ઞાસુ હતા. તોફાનો કરતા કરતા, શોખો માણતા માણતા તેઓ ધાર્મિક કથાવાર્તા સાંભળવા પણ પહોંચી જતા. સમજ વિકસતાં તેમને ધર્મનાં બે રૂપો પણ નજરે પડ્યાં. એક તે જડ, કેવળ કર્મકાન્ડરૂપ ધર્મ અને બીજો તે જીવંત, અનુભૂતિરૂપ ધર્મ. તેમણે આ જીવંત ધર્મને જીવનના વ્યવહારમાં ઉતારવાનો પુરુષાર્થ યુવાન વયે જ શરૂ કરેલો. તેમનો આખો પરિવાર અગ્નિપૂજક હતો. નવરાત્ર પર માતા માટે નૈવેદ્ય રંધાતાં અને પ્રસાદરૂપે ધરાતાં. પરંતુ જે ક્ષણે આ બંને વિધિ લાલચ અને કમાણીનું નિમિત્ત બન્યાં તે ક્ષણે તેમનું મન તેમાંથી ઊઠી ગયું. આખી જિન્દગી તેમણે જનોઈ પહેરી પરંતુ યુવાનીમાં હૉસ્ટેલ નિવાસ દરમિયાન પણ કદી તેમણે જનોઈને ટ્રંક કે ટાંકાની ચાવી સાચવવાનું સાધન નથી બનાવી. નિ:સંકોચ જનોઈ પહેરતા અને તેનું પાવિત્ર્ય પણ અકબંધ રાખતા.

એક બીજો કિસ્સો જોઈએ. નાનાભાઈના પિતરાઈ ભાઈ લક્ષ્મીશંકર ૫૧ વર્ષની વયે પિતાની હયાતીમાં જ ગુજરી ગયા. એ ચોથું નવરાત્ર હતું અને લક્ષ્મીશંકરના પિતાના ઘરે જ માતાજીનો અખંડ દીવો હતો. નવમે દિવસે નૈવેદ્ય રંધાયાં, જેમાં ખીર પણ હતી. લક્ષ્મીશંકરના પિતાએ ખીરને હાથ ન અડાડ્યો એટલે માતા કોપ્યાં અને નર્મદાશંકરને એ માતા આવ્યાં પણ ખરાં.

નાનાભાઈ પોતે આ સમયે બહારગામ હતા. આવીને બધું જાણ્યા પછી તેમણે કહ્યું, 'આમાં જગન્માતા તો કોપે કે ઉલટાં પ્રસન્ન થાય ? અને કોપ્યાં હોય તો તે જગન્માતા નહીં !' પણ તેમનું સાંભળે કોણ ? પછીના ચૈત્ર માસે પુનઃ ખીર રંધાઈ ત્યારે લક્ષ્મીશંકરના પિતાએ ચાખી અને માતાને શાંત કર્યાં. પરંતુ નાનાભાઈએ ખીર ખાવાની સ્પષ્ટ ના પાડી. આ અંગે આ પુસ્તકમાં તેઓ લખે છે—'મારા પાપ માટે મારા પર માતા ક્યારે કોપે છે તેની હું હજી આજ (૧૯૫૦–૫૧) સુધી રાહ જોઉં છું.'

તેઓ અંતરથી ધાર્મિક પરંતુ તેની સાથે ભૌતિક લાભ, અંધશ્રદ્ધા, જડતા ચમત્કાર વગેરે માટે જગ્યા નહીં. ધાર્મિકતા સાથે લાગણીનો અને વિજ્ઞાનનો સમન્વય.

સાચા પરિવારજન—નમ્ર શિષ્ય :— અહીં ઉપસતું કથાનાયકનું વ્યક્તિત્વ એક સાચા—સારા પરિવારજનનું અને નમ્ર શિષ્યનું વ્યક્તિત્વ છે. સાધુચરિત પિતા માટે તેમને અપાર આદર હતો. જનેતાના અવસાન પછી આવેલાં સાવકાં માતાને, પોતે સમજણા થયા પછી, કદી સાવકાં ગણ્યાં નહીં. ૧૯૦૪માં પિતા કાલિદાસે આંખ મીંચતાં પૂર્વે નથુ ભટ્ટને કહેલું, 'નથુ ભટ્ટ, તારી નવી માની જવાબદારી તારે માથે ગણજે.' પોતે બે સગા ભાઈઓ અને સૌથી નાનો ભાઈ માનશંકર સાવકો. નવાં બા કાશીબાને ન મોટા પુત્ર દેવશંકર સાથે ફાવ્યું અને ન સગા પુત્ર સાથે ગોઠવાઈ શક્યાં. આથી નાનાભાઈએ પોતે તેમને સાચવેલાં.

૧૯૦૫ આસપાસ નાનાભાઈએ એમ.એ. કરવા માટે કપાત પગારી રજા લીધી. પરંતુ આ બાજુ પિતાની ઉત્તરક્રિયાઓ, વારસા વહેંચણીના ઝગડા અને મોટાભાઈ—દેવશંકરભાઈની બીમારી, બધું સંભાળ્યું, મોટાભાઈને સાજા કર્યા અને પછીના એક જ વર્ષમાં એમ.એ.ના બંને પાર્ટ પાસ કર્યા.

સદગુરુનાં બીજ તેના સાચા શિષ્યત્વમાં પડ્યાં હોય છે. નાનાભાઈ ગુજરાતના ગુરુ કહેવાયા તેના પાયામાં તેમનું નમ્ર શિષ્યત્વ પડ્યું હતું. કુમાર—કિશોરવયે મળેલા ફુઆ, ભાનુશંકર શાસ્ત્રી, અચ્યુત સ્વામી, ઈશ્વરભાઈ ભટ્ટ વગેરે શિક્ષકોને તેઓએ આદર તથા ઋણભાવ સાથે સંભાર્યા છે. નાનાભાઈ પોતાના જીવન પર દીર્ઘ અને અમીટ પ્રભાવ પાડનારી વ્યક્તિઓ તરીકે ત્રણ જણનો ઉલ્લેખ કરે છે. (૧) માતા આદિબા (૨) શ્રીમન્ નથુરામ શર્મા અને (૩) મહાત્મા ગાંધી.

અહીં નાનાભાઈના આરંભના ગૃહસ્થજીવનનો ઉલ્લેખ કરવો જોઈએ. નાનાભાઈની કાવ્યપ્રીતિ ઊંડી હતી કારણ કે તેઓ એક સાચા પ્રેમી હતા. પ્રથમ પત્ની શિવલક્ષ્મી સાથેનો તેમનો અનુરાગ આનો દ્યોતક છે. બંને પરસ્પર માટે આત્મીય અને સમકક્ષ મિત્રો હતાં. શિવલક્ષ્મીની, વયની સરખામણીમાં, વિશેષ સમજદારી અને પરિપક્વતા નાનાભાઈની પ્રતિભા સાથે જાણે 'મેચ' થતી હતી, આ થકી નાનાભાઈ પોતે પણ ધન્ય અને ખુશ હતા. પત્નીની ઊંડી કોઠાસૂઝને નમ્ર બની આવકારતા.

હજી તેઓ નથુ ભટ્ટ હતા ત્યારે, આશરે ૧૮–૨૦ વર્ષની વયે દામ્પત્યજીવન દ્વારા તેમની પેલી સમન્વયકળા દર્શન દે છે.

શિવલક્ષ્મીને ગળે ભારે સોજો આવેલો. પીડા પારાવાર અને પાણીનું ટીપું પણ ગળે ન ઊતરે. એક માત્ર ઇલાજ હતો, પાકું કેળું બાંધવું. નાનાભાઈએ ગુજરીમાં જઈ જોડો વેચી પાકું કેળું મેળવ્યું અને પત્નીને ગળે બાંધ્યું. પત્ની પીડામુક્ત થઈ, પરંતુ પોતે પાંચ—છ માસ પગરખાં વગર ચલાવ્યું.

ઘરમાં પૂત્રવધૂએ દળવું ફરજિયાત. શિવલક્ષ્મીને તાવ આવ્યો એટલે તે સાજી થઈ ત્યાં સુધી નથુ ભટ્ટે પત્ની વતી દળ્યું. મધ્યયુગીન જડ અને બંધિયાર માનસિકતા થકી કોઈપણ પરિવારમાં આવું બધું ટીકા, નારાજગી, ઠપકો, ચણભણ અને અનેક અપ્રિય વિશેષણો માટેનું નિમિત્ત બને. અહીં પણ તેવું બન્યું. પરંતુ નથુ ભટ્ટ ન ટીકાઓથી ચલિત થયા, ન વડીલોના ગુસ્સાથી ડર્યા, ન પોતાના મનમાં ઊભરતાં નવાં મૂલ્યો અંગે દલીલ કરી કે ન પોતાને પડેલી

મુશ્કેલી તરફ કોઈનું ધ્યાન દોર્યું. માત્ર પોતાની શૈલીથી પરિવારમાં પત્નીનું (કે પૂત્રવધૂનું) સમાન મહત્ત્વ પ્રગટ કર્યું અને પત્નીની મહત્તાને, તેના પ્રત્યેના પ્રેમકર્તવ્યને મૂર્તિમંત કર્યાં.

ખંડ – ૨ : દિશા પરિવર્તન :— બીજો ખંડ નથુ ભટ્ટ માટે દિશાપરિવર્તનનો ખંડ ગણાય. ૧૯૦૪ આસપાસ વહાલી પત્ની અને છાયારૂપ પિતાના અવસાન થકી કથાનાયક વ્યથિત અને હતાશ થયેલા. સમાન્તરે ભાવનગરના મિત્રો—સગાઓ દ્વારા બીલખા (જિ. જુનાગઢ) આશ્રમના વેદાન્તી શ્રીમન્ નથુરામ શર્માના પરિચયમાં આવ્યા. તેમનામાં નૃસિંહપ્રસાદને પોતાની કલ્પનાનો સનાતનધર્મ પ્રગટ થતો લાગ્યો અને તેમના શિષ્ય બન્યા. મહારાજશ્રીની પગચંપી કરવામાં, તેમના હીંચકાના પિત્તળના સળિયાને ઘસીને ચકચકિત કરવામાં તેમનું શિષ્યત્વ ધન્યતા અનુભવતું. પોતાની નિષ્ઠા, વિદ્વતા તથા ધર્મપ્રિયતા થકી તેઓ થોડા સમયમાં જ શિષ્યવર્ગના અગ્રણી બન્યા અને શર્માજીના વારસદાર ગણાવા લાગ્યા.

લગભગ આ જ ગાળામાં તેમને બીજા બે સરસ વડીલ મિત્રો મળ્યા : (૧) હરગોવિંદ અ. પંડયા (૨) સર પ્રભાશંકર પટ્ટણી. હરગોવિંદભાઈનો પરિચય શર્માજીના શિષ્યરૂપે થયેલો. તેઓ ભાવનગરના મુખ્ય સ્ટેશન માસ્તર હતા. ગિજુભાઈના સગા મામા આ હરગોવિંદભાઈ પોતાની સાધુતા માટે ભાવનગરભરમાં જાણીતા હતા. દક્ષિણામૂર્તિ શરૂ થતાં મોટાભાઈ કહેવાયા તે આ હ. અ. પંડયા. તેમના મન—તનના સાથ વગર 'દ.મૂ.વિ.ભ.' શરૂ ન થાત !

નાનાભાઈથી વીસેક વર્ષ મોટા, દેશભરમાં જાણીતા ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીનો અને નાનાભાઈનો સંબંધ વિરલ કહેવાય. પ્રસંગો વાંચીએ તો પ્રતીત થાય કે આટલા વયઅંતર છતાં કેવી મૈત્રી ! બંનેને પરસ્પર પર કેટલો વિશ્વાસ ? કેવો સહજ હક્ક ? બંનેને પરસ્પર માટે કેટલી લાગણી ? કેટલો આદર ? કેટલો સદ્ભાવ ? પટ્ટણીસાહેબની છાયા વગર, તેમના માર્ગદર્શન વગર પણ 'દ.મૂ.વિ.ભ.' સંભવી ન શકત !

શર્માજીના પરિચયે નાનાભાઈના જીવનની દિશા બદલી અને આ બે વડીલ મિત્રોએ નાનાભાઈને તે નવી દિશામાં બહુમૂલ્ય સાથ આપ્યો.

ખંડ—૩ થી ૭ : કેળવણીક્રાંતિનો આરંભ અને વિકાસઃ

બહેનો, મિત્રો, અહીં મૂળ પુસ્તકના પ્રવાહમાંથી જરા બાજુ પર નીકળી કેળવણી અને ક્રાંતિ અંગે થોડું વિચારી લઈએ.

(અ) ક્રાંતિ અને તેનાં કારણો :— શ્રીમન્ નથુરામ શર્માના પરિચય નિમિત્તે નાનાભાઈના જીવનમાં જે પરિવર્તન આવ્યું તે કોઈ સામાન્ય પરિવર્તન નહોતું, પરંતુ તે સમકાલીન શિક્ષણમાં ક્રાંતિ હતી. નાનાભાઈની આ ક્રાંતિને બે વિશેષણો આપવાં જોઈએ : (૧) આમૂલ ક્રાંતિ (૨) આંશિક ક્રાંતિ.

આમૂલ ક્રાંતિ એ અર્થમાં કે શિક્ષણનાં જે બે મુખ્ય પાસાં છે તે બંનેમાં પરિવર્તન આવ્યું. શિક્ષણમાં સામગ્રી (કન્ટેન્ટ) અને પદ્ધતિ (મેથડ) તે બે તેના મુખ્ય પાસાં છે. દ.મૂ. દ્વારા શિક્ષણમાં સામગ્રી અને પદ્ધતિ બંનેમાં નિર્ણાયક પરિવર્તન આવ્યું. (બીજા વિશેષણ—આંશિક ક્રાંતિ—વિશે પછી વિચાર કરીશું.)

સામગ્રીમાં પરિવર્તન અનિવાર્ય હતું. ભારતમાં જ ભારતીય સંસ્કૃતિને બદલે પાશ્ચાત્ય સંસ્કૃતિ, પાશ્ચાત્ય જીવનતત્ત્વજ્ઞાન અને પાશ્ચાત્ય સાહિત્ય ભણાવાતાં હતાં. આ એક ભયંકર વિષમતા હતી. દ.મૂ.નો આશય શિક્ષણમાં ભારતીયતાનું પુનઃસ્થાપન કરવાનો હતો. ભારતીયતાનું પુનઃસ્થાપન એટલે ભારતીય સંસ્કૃતિ, ભારતીય દર્શનશાસ્ત્ર, ભારતીય સાહિત્ય, ભારતીય જીવનમૂલ્યો, ભારતીય ધર્મ વગેરેનું પુનઃસ્થાપન.

પદ્ધતિમાં પરિવર્તન એટલે : (૧) શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીના સ્થાને માતૃભાષા (૨) શુષ્ક, જડ અને બંધિયાર વિષયશિક્ષણના સ્થાને પ્રકૃતિ વચ્ચે, જીવાતા જીવન મધ્યે પ્રયોગો, પ્રવૃત્તિઓ તથા જાતઅનુભવ દ્વારા શિક્ષણ (૩) કેવળ વિષય શિક્ષણ નહીં, તેની સાથે છાત્રાલય દ્વારા જીવનવિદ્યા (કેળવણી)ને મહત્ત્વનું સ્થાન અને વિષયોનું જીવનમૂલ્યો સાથે સંયોજન.

અહીં નાનાભાઈનાં બે વાકયો ટાંકવાં જરૂરી છે. લખે છે, 'વિદ્યાર્થીનું જીવન સુધારવાના એક માત્ર માર્ગ તરીકે અમે સંસ્થાનું છાત્રાલય ઊભું કર્યું હતું... વિદ્યાર્થીઓ માત્ર

શિક્ષણથી જ નહીં પરંતુ વિચારપૂર્વક જીવન જીવીને જ જીવનની તાલીમ મેળવી શકે છે... અમારી સંસ્થા શિક્ષણપ્રધાન નહીં, જીવનપ્રધાન સંસ્થા હતી.'

અન્ય એક સ્થળે તેઓ નઈ તાલીમના સંદર્ભમાં જે કહે છે તે વિધાન, નઈ તાલીમના જન્મ પૂર્વેના, તેમના આ કેળવણીપ્રયોગને પણ લાગુ પડે છે. તેઓ કહે છે—'જેમ આપણને એક મણનું બાચકું ઊંચકતાં વજન લાગે છે પરંતુ ત્રણ મણના આપણા શરીરનો આપણને ભાર નથી લાગતો કારણ કે તે વજન આપણા વ્યકિતત્વ સાથે ઓતપ્રોત થઈ ગયું છે. આ જ રીતે એવી વિદ્યાનો આપણને ભાર લાગે છે જે આપણા જીવન સાથે ઓતપ્રોત નથી. નઈ તાલીમ એવી રીતે વિદ્યા આપવા માગે છે જેથી તે વ્યક્તિના જીવનમાં વણાઈ જાય.'

ભણતરને, વિદ્યાને, જ્ઞાનને જીવનમાં વણી આપે તે કેળવણી. કેળવણી એટલે જીવનવિદ્યા. જીવનવિદ્યા એટલે માણસાઈથી જીવવાની કળા.

(બ) કેવા સંજોગોમાં ક્રાંતિ ? :— કેળવણીક્રાંતિનું આ સ્વરૂપ કેવા સંજોગોમાં, કયાં પરિબળો થકી આકાર પામ્યું?

તેના પાયામાં હતું નાનાભાઈના મનમાં ચાલતું મનોમંથન. ચીલાચાલુ શિક્ષણમાં ભણાવતાં ભણાવતાં તેમને પ્રશ્નો અને અકળામણ થવા લાગ્યાં. તેમને થયું—'શું વ્યવહાર અને ધર્મને કાયમ વિરોધ જ છે ?' તેમને ચાલુ શિક્ષણમાં એ પણ ખટકયું કે, 'ક્યાં પ્રાચીનકાળના ગુરુ—શિષ્ય સંબંધો અને ક્યાં આજના નિર્જીવ સંબંધો ?'

અકળામણ તો સિદ્ધાર્થ (બુદ્ધ)ને અને નરેન્દ્ર(વિવેકાનંદ)ને પણ થયેલી. તેઓની માફક નાનાભાઈના મનમાં પણ એવું કાંઈક હતું જે પાતાળ ફોડીને બહાર આવવા મથતું હતું.

બીજી બાજુ મહારાજશ્રી અને તેમનું અંતરંગ શિષ્યમંડળ સનાતનધર્મના સંસ્કાર આપતું ગુરુકુલ સ્થાપવા આતુર હતાં. અતઃ એક ત્રિવેણી સંગમ રચાયો. મહારાજશ્રીનું —આશ્રમવાસીઓનું તથા નાનાભાઈનું, એમ બંને પક્ષનું, મન હતું. તેમાં નાનાભાઈએ પોતાનું તન સમર્પિત કર્યું અને શર્માજીના આશ્રમે ધનની જવાબદારી લીધી. આમ મન, તન અને ધનનો ત્રિવેણીસંગમ રચાતાં સંસ્થા સાકાર બની.

કયારે ? કયાં ? :- તા.૨૮—૧૨—૧૯૧૦ અને વિ.સં.૧૯૬૭ની માગશર વદ બારશના રોજ, ભાવનગરના ટર્મિનસ (મુખ્ય) રેલ્વે સ્ટેશન પાસે આવેલી તખ્તસિંહજી ધર્મશાળામાં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન' નામની કેળવણીની સંસ્થા સ્થપાઈ.

એક સમયે મધ્યપ્રદેશના શિક્ષણમંત્રી રહી ચુકેલા કાશીનાથજી ત્રિવેદીએ 'દ.મૂ. વિ.ભ.'ની સ્થાપનાને મહત્ત્વ આપતાં લખ્યું છે, '૧૯૧૦માં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન'ની સ્થાપના દ્વારા ભારતમાં રાષ્ટ્રીય કેળવણીના શ્રીગણેશ મંડાયા.'

મહદ્ અંશે અનુભૂતિ યા વિચાર પ્રથમ જન્મ લે છે અને પછી તેની વ્યાખ્યા કે ઓળખ નક્કી થાય છે. કાશીનાથજીના વાકયને યાદ કરીને કહી શકાય કે ભારતરાષ્ટ્રની વિભાવના અને ૧૯૪૭માં થયેલી તેની મૂર્તિમંતતા પૂર્વે રાષ્ટ્રીયતાનાં બીજ 'દ.મૂ.વિ.ભ.'ની કેળવણી દ્વારા રોપાયાં હતાં. ભારત રાષ્ટ્ર બન્યું તે પૂર્વે ૩૭ વર્ષે; ગાંધીજીની નઈ તાલીમ (જે વાસ્તવમાં નખ—શિખ રાષ્ટ્રીય કેળવણી હતી તે)ના જન્મ પૂર્વે ૨૭ વર્ષે અને બાપુની રાષ્ટ્રીય સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના પૂર્વે ૧૦ વર્ષે આમ રાષ્ટ્રીય કેળવણી આરંભાઈ હતી.

નાનાભાઈની કેળવણીક્રાંતિ : પ્રથમ ચરણ :— આપણે થોડા સમય પહેલાં 'આંશિક ક્રાંતિ' એવું વિશેષણ વાપરેલું. નાનાભાઈએ સ્થાપેલી કુલ ત્રણ સંસ્થાઓ દ્વારા તેમની કેળવણીક્રાંતિ સંપૂર્ણ બને છે. તે ત્રણ સંસ્થા એટલે ત્રણ ચરણ. 'દ.મૂ.વિ.ભ.'ની સ્થાપના એ તેમાંનું પ્રથમ ચરણ છે જેને આપણે આંશિક ક્રાંતિ ગણીએ છીએ. 'ઘડતર અને ચણતર'નું કેન્દ્ર આ આંશિક ક્રાંતિ છે.

વૈચારિક ક્રાંતિ હોય કે ઘટનાપ્રધાન ક્રાંતિ હોય. ક્રાંતિની એક પ્રકૃતિ હોય છે કે તેના આરંભના આશયો તથા તેનું આરંભનું સ્વરૂપ ધીરે ધીરે બદલાતું જાય. ક્રાંતિ જેમ જેમ વ્યવહારમાં ઊતરતી જાય તેમ તેમ તેનું જમીની સ્વરૂપ પકડાતું જાય, પરિણામે ક્રાંતિના સાફલ્ય માટે તેમાં કાપકૂપ—સુધારા—ઉમેરા જરૂરી બને. હકીકતમાં આ દ્વારા ક્રાંતિ સંવર્ધિત સ્વરૂપ લેવા લાગે. અહીં દરેક ચરણ દરમિયાન અને દરેક ચરણને

અંતે આવો વિકાસ આવિષ્કાર પામે છે. ક્રાંતિના પ્રથમ ચરણમાં આ પ્રક્રિયા કેવી રીતે થાય તે સમજીએ.

'દ.મૂ.'માં આરંભમાં દંડ—સજાને સ્થાન હતું. વિદ્યાર્થી યોગાસનોમાં ગેરહાજર રહે તો તેને જમવામાં શાક કે દૂધ ન મળતાં. પ્રેમશંકર રાવલ નામના વાલીની આકરી અને સ્પષ્ટ રજૂઆત પછી આ બધું બંધ થયું. નાનાભાઈએ તેમને કહ્યું—'પ્રેમશંકર, મારા તો તમે ગુરુ.'

સંસ્થામાં મહારાજશ્રીના જન્મદિવસે તેમની પૂજાનો કાર્યક્રમ યોજાતો. એક વાર આ સમયે કવિ 'કાન્ત' આવી ચડ્યા. તેઓ નાનાભાઈને પોતાના લઘુબંધુ માને. પૂજાવિધિ પત્યા પછી કહે, 'તું વિદ્યાર્થીઓને પૂજામાં શા માટે જોડે છે ? તારા ગુરુનું પૂજન તું કરે તે બરાબર, પરંતુ તારે સૌને તેમાં ન જોડવા જોઈએ.' પછીના વર્ષથી નાનાભાઈએ પૂજાવિધિ તો ચાલુ રાખ્યો, પરંતુ તેને સંસ્થાનો નહીં, પોતાના પરિવારનો જ કાર્યક્રમ બનાવ્યો.

આ રીતે આંશિક ક્રાંતિ સાથે જાણે ઉત્ક્રાંતિનું આવર્તન ચાલ્યું. જેવી રીતે પહાડ ચડતી વેળા એક શિખરે પહોંચ્યા પછી આગળનું શિખર નજરે પડે તેવું ક્રાંતિમાં પણ બને છે અને તે બાબત આ કેળવણીક્રાંતિને પણ લાગુ પડે છે.

કેળવણીને સ્થાન :—જ્યારે શિક્ષણની સાથે કેળવણીને જોડવામાં આવે છે ત્યારે સમાન્તરે સામગ્રી અને પદ્ધતિ બંનેમાં પરિવર્તન આવે છે. નાનાભાઈની આ કેળવણીક્રાંતિનું એક મહત્ત્વનું પાસું એટલે તેમાં શિક્ષણ સાથે કેળવણીનો સમન્વય. આપણે પૂર્વે જોયું તેમ નાનાભાઈ પોતાની આ સંસ્થાને શિક્ષણપ્રધાન સંસ્થા નહીં, જીવનપ્રધાન સંસ્થા બનાવવા માગતા હતા. તેઓ શિક્ષણ સાથે કેળવણીને, જીવનવિદ્યાને, જીવનઘડતરને અનિવાર્ય ગણતા હતા. જો સાચી ભારતીયતા ઉજાગર કરવી હોય તો પ્રાચીન આશ્રમી કેળવણીનું અભિનવ સ્વરૂપ આવિષ્કૃત કરવું જ જોઈએ. આ માટે નિવાસી સંસ્થા અનિવાર્ય છે. 'દ.મૂ.' પહેલાં કેવળ છાત્રાલયરૂપે શરૂ થયેલી. સવા—દોઢ વર્ષ પછી તેમાં વિદ્યાલય પણ ઉમેરાયું.

આંશિક ક્રાંતિ શા માટે ? :— 'દ.મૂ.વિ.ભ.'ની સ્થાપના અને કાર્ય આંશિક ક્રાંતિ એટલા માટે હતી કે તેમાં પૂર્ણ અને સાચું ભારત નજર સામે નહોતું. તેનું ક્ષેત્ર શહેર હતું, તેમાં ભણવા આવતો વિદ્યાર્થીવર્ગ ઉજળિયાત વર્ગનો અને આર્થિક રીતે પહોંચતા સમુદાયનો હતો. તે પાણીમાં તરતા બરફની માફક ભારતનું અલ્પ દર્શન કરાવતો હતો. આ સાચા અને સંપૂર્ણ ભારતનું પ્રતિનિધિત્વ નહોતું. આ પ્રગટ ભારતની સરખામણીએ આશરે ૮થી ૧૦ ગણું ભારત અપ્રગટ હતું. પરંતુ આ પૂર્ણ ભારત તરફ અભિમુખ થવા માટે આંશિક ભારતનો પરિચય જરૂરી હતો. ક્રાંતિમાં પ્રગટ દ્વારા અપ્રગટનો અને ખંડ દ્વારા અખંડનો ખ્યાલ આવે છે આ આંશિક ક્રાંતિ જરૂરી હતી, કારણ કે તેને પામ્યા પછી તેની અપૂર્ણતા સમજાય છે. નાનાભાઈએ જો કોલેજમાં જ પોતાની આગવી ઢબે ભણાવીને, સંબંધો ઊભા કરીને સંતોષ માન્યો હોત તો 'દ.મૂ.'નો જન્મ ન થાત. જો તેમણે 'દ.મૂ.' દ્વારા જ પોતાના કેળવણીદર્શનની ઇતિશ્રી ગણી હોત તો ગ્રામીણ ભારત તરફ, પછાત ભારત તરફ તેમની નજર ન જાત. નાનાભાઈની આ ક્રાંતિનું ચાલક બળ હતું કૃતકૃત્યતાનો અભાવ, કર્મયોગી તરીકેની અતૃપ્તિ.

ત્રિવિધ વિકાસ :— આપણે થોડો ચીલો ચાતરીને ક્રાંતિના સત્ત્વ—તત્ત્વને સમજવાનો પ્રયાસ કર્યો. દરમિયાન આ બાજુ 'દ.મૂ.વિ.ભ.' ગુણવત્તામાં અને કદમાં વિકસવા લાગેલી. તેના એ વિકાસને ત્રિવિધ વિકાસ કહી શકીએ.

૧. ધીરેધીરે નાનાભાઈને સંસ્થા માટે સારા અને પ્રતિભાવાન કાર્યકરો—સાથીઓ મળ્યા. જેમ કે ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, દાણીભાઈ, ગિરીશભાઈ ભટ્ટ, ગોપાળરાવ વિદ્વાંસ, માધવજીભાઈ પટેલ, તારાબહેન મોડક, ભાસ્કરરાવ વિદ્વાંસ, મૂળશંકર મો. ભટ્ટ, નટવરલાલ પ્ર. બૂચ વગેરે.

૨. સંસ્થાને જેમ કાર્યકરો મળતા ગયા તેમ તેમાં નવા નવા વિભાગો પણ શરૂ થયા. છાત્રાલય, રસોડું અને કોઠાર જેવા વિભાગોથી આરંભાયેલી આ સંસ્થામાં પછી વિનય મંદિર, ગ્રંથાલય, બાલમંદિર, પ્રકાશન વિભાગ, બાલઅધ્યાપનમંદિર વગેરે વિભાગો ખુલ્યા.

ક્રમશ...

'મંદાર' ૩૬/૧, બીમાનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ—૧૫, મો. ૯૪૨૯૦૨૯૪૭૦

## (૦૪) ઢીંગલી

- મોરારિબાપુ

લગભગ પાંચ-છ વર્ષની ઉંમરનું એક બાળક હતું. એ બાળકની પાસે કંઈક પર્સ જેવું હતું, એ લઈને તે એક બહુ જ મોટો શોપિંગ મોલ હતો એના કાઉન્ટર પાસે જઈને ઊભો રહ્યો. એની પાછળ એક ધનિક માણસ પણ શોપિંગ કરવા આવ્યો હતો. પેલા બાળકે કાઉન્ટર પર ઊભેલા સેલ્સમેનને કહ્યું, 'અંકલ, મને પેલી ઢીંગલી જોઈએ છે.' વેચનારને ખબર હતી કે બાળક પાસે ઢીંગલીના પૂરતા પૈસા નથી. એ બિચારો ત્યાં નોકરી કરતો હતો એટલે કંઈ કરી શકે તેમ પણ ન હતો. એટલે એ કર્મચારી બાળકને કહે છે કે બેટા, તારી પાસે આ ઢીંગલી ખરીદવા માટે પૂરતા પૈસા નથી. પાછળ ઊભેલા શેઠ જુએ છે કે બાળક વારંવાર એનું પોકેટ ખોલે છે ને બંધ કરે છે !

પેલા શેઠને થયું કે 'અરે, આ નાનકડા બાળક માટે હું શું કરું ?' એ બાળકને બોલાવે છે અને પૂછે છે કે તું આ ઢીંગલી શા માટે ખરીદવા માંગે છે ? બાળક હવે કથા શરૂ કરે છે - 'અંકલ, મારી એક બહેન ભગવાન પાસે ચાલી ગઈ છે અને મારી બહેનને આ ઢીંગલી બહુ પ્રિય હતી. પહેલાં અમે એને આ ઢીંગલી ન અપાવી શક્યા. પણ ભગવાન પાસે ગયેલી એ મારી બહેન માટે હવે મારે એ ખરીદવી છે.' પેલા ધનિક અને કર્મચારી માટે હવે તો આ સમસ્યા વધુ જટિલ બની ગઈ. સાત વર્ષના બાળકને કેમ સમજાવવો ? પેલો ધનિક માણસ બાળકને પૂછે છે કે, 'તું એ ઢીંગલી તારી બહેન પાસે કઈ રીતે પહોંચાડીશ ?' બાળક કહે છે, 'અંકલ, એનો ઉપાય છે. મારી મા બે-ત્રણ દિવસમાં ભગવાન પાસે જવાની છે !'

રહસ્ય વધુ ઘેરું બનતું ગયું. કાઉન્ટર પર બેઠેલા અને પાછળ ઊભેલા શ્રીમંત એ બંને માણસો માટે આ રહસ્ય હતું ! અચાનક પેલા પાછળ ઊભેલા ધનિકને ખ્યાલ આવ્યો કે ત્રણ દિવસ પહેલાં અખબારમાં એક ખબર છપાઈ હતી, કે એક ટ્રક ડ્રાઈવરે શરાબ પીને ટ્રક ચલાવ્યો અને એક બાળકીનું મૃત્યુ થયું તથા એની મા બહુ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. એની માને હૉસ્પિટલમાં દાખલ કરીને ડૉક્ટરોએ કહ્યું કે તે બચે પણ ખરી અને ન પણ બચે ! ક્યાંક આ બાળકીની એ બહેન તો મરી ગઈ નહિ હોય ને ? ક્યાંક હૉસ્પિટલમાં દાખલ થયેલી એની બેહોશ મા વિશે ડૉક્ટરોએ હાથ અદ્ધર તો નહીં કરી દીધા હોયને ? ત્યારે કદાચ આ માસુમ હૃદયમાં એવી વાત ઊઠી હશે કે હું મારી મા સાથે મારી બહેન માટે આ ઢીંગલી મોકલી આપું ! એટલે બિચારો આ બાળક પોતાની પાસેના થોડાક પૈસા લઈને ઢીંગલી ખરીદવા ઘૂમતો હશે ! ધનિક કહે છે, 'બેટા, તારું પર્સ લાવ. કદાચ પૈસા ગણવામાં તારી ભૂલ થતી હશે.' બાળકે પોકેટ આપ્યું અને બાળકને ખબર ન પડે તે રીતે તે વ્યક્તિએ થોડા પૈસા એમાં નાખી દીધા !

મારાં શ્રાવક ભાઈ-બહેનો, સંવેદનાનો જન્મ આમ થાય છે. કહેવાય છે કે જ્યાં પૈસા હોય છે ત્યાં સંવેદના નથી હોતી. આ કાયમી સિદ્ધાંત નથી. જો આપણા જીવનમાં વિવેક પ્રગટ થાય તો પૈસામાંથી પણ સંવેદના પ્રગટ થઈ શકે; વિદ્યામાંથી પણ સંવેદના પ્રગટ થઈ શકે છે; જ્ઞાનમાંથી પણ સંવેદના પ્રગટ થઈ શકે છે. દરેક ક્ષેત્રમાં સંવેદનાનો જન્મ થાય છે. મારું એક સૂત્ર છે કે જે દેશમાં વેદ હોય પરંતુ વેદના ન હોય તો વેદ કેટલો સહાયક બની શકે ? પરસ્પર સંવેદના હોય તો એક નાનકડી ઝૂંપડી પણ રાજમહેલ બની જાય છે. અને એ અંકલે બાળકના પોકેટમાં પૈસા નાખીને વિશ્વને એક મેસેજ આપ્યો કે મારાં ભાઈ-બહેનો, થોડી સંવેદના અર્જિત કરો. આ નાનકડી વાર્તાના સારરૂપે મારે તમને એ જ કહેવું છે કે આપણામાં સંવેદના પ્રગટ થવી જોઈએ.

•---------•••--------•••---------•

સંકલન : જયદેવ માંકડ
(માનસ-વિવેક, કોલકત્તા)

~~**GROUNDWATER EXPLORATION**, Development & Management~~

**વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વિજ્ઞાન–ટેકનોલોજી વાપરીને યોગ્ય સ્થળ પસંદગી કર્યા બાદ જ બોર/કૂવા બનાવાય:–**

## ભૂગર્ભ જળ સશોધન : નવા બોર/કૂવા બનાવવા માટે યોગ્ય સ્થળની પસંદગી

આધુનિક ખેતીમાં મન ફાવે ત્યાં બોર/કૂવા બનાવવા માટે તેમજ તેમાંથી પાણી બહાર કાઢવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ થાય જ છે, પરંતુ બોર/કૂવા બનાવતા પહેલાં જ જગ્યા નક્કી કરવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. **વારંવાર નિષ્ફળતા મળ્યાં પછી પણ મોટાભાગના ખેડૂતો આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ જૂની પૂરાણી, અવૈજ્ઞાનિક અને પરંપરાગત ચીલાચાલું તેમજ સતત નિષ્ફળ જતી પદ્ધત્તિઓ પર અંધવિશ્વાસ રાખીને જ ખેતરમાં પાણી જોવડાવીને તે જગ્યાએ બોર/કૂવા કરાવે છે**, એટલે ખેતી માટે જરૂરીયાત મૂજબનું પાણી મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું પણ નથી, તેમજ ખર્ચેલા નાણાંનું પૂરતું વળતર પણ મળતું નથી. જો આધારભૂત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બોર/કૂવાની જગ્યા નક્કી કરાય તો સફળતાની શક્યતાઓ પણ ઘણી બધી વધી જતી હોય છે. સર્વે કર્યા પછી એવું જણાય કે પાણી નહીવત્ પ્રમાણમાં છે, તો બોર કૂવાના ખોટા ખર્ચ થતા બચે છે.

**છેલ્લા પચાસ વર્ષોથી ભૂગર્ભ જળ સંશોધન માટે ખેતરમાં ઉપયોગમાં લેવાતી સૌથી વધારે વપરાતી વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિ એટલે ઈલેક્ટ્રીકલ રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ. વિવિધ હોરીઝોન્ટલ ભૂસ્તરોના અભ્યાસ માટે શ્લુમ્બરજર–જર્મન ટેકનોલોજી પદ્ધત્તિ અને કર્વ્ઝને સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે. ખેતરમાં અર્થ રેઝીસ્ટીવીટી મીટરનો ઉપયોગ કરીને વધુમાં વધુ ભૂગર્ભજળનું પ્રમાણ હોય એવી જગ્યા નક્કી કર્યા બાદ, જે તે જગ્યાની વિવિધ ઉંડાઈએ બદલતી જતી ભૂસ્તર રચના અને એની ઉંડાઈ/જાડાઈ સાથે પાણીની સંભાવના હોવાની ઉંડાઈ વગેરે માહિતિ મેળવવા માટે વિસ્તૃત ડેટા લેવામાં આવે છે. ખેતર ખાલી અને સૂકું હોય તો આ પદ્ધત્તિએ ભૂગર્ભ જળ સંશોધન સર્વે કરવામાં વિશેષ અનુકુળતા રહે છે. જો કે, વધારે મહેનત અને સમય માંગી લે તેવું આ સર્વે કામ છે. સામાન્ય રીતે પાંચ એકર સુધીના ખેતરમાં સર્વે માટે પાંચથી દસ કલાકનો સમય લાગે છે. સર્વેમાં મદદ કરવા માટે દસ જેટલા વ્યક્તિઓની સતત મદદ પણ જરુરી હોય છે. ખેતર ઉપરનું સર્વે કામ પૂરુ કર્યા બાદ ખાસ કમ્પ્યુટરાઈઝ્ડ પ્રોગ્રામની મદદથી ખેતર ઉપર લીધેલાં ડેટાની અલગ અલગ ગણત્રીઓ અને કર્વ્ઝ બનાવવામાં આવે છે. સર્વે કરેલા વિસ્તારની ભૂસ્તરીય રચના, ભૂગર્ભજળનું પ્રમાણ અને ઉંડાઈના સંદર્ભ માટે સર્વે દરમિયાન જે તે વિસ્તાર સંબંધિત મળેલી પ્રત્યક્ષ માહિતિ, સ્થાનિક ખેડૂતોના તેમજ નિષ્ણાંતોના જ્ઞાન અને ક્ષેત્રીય અનુભવો, જે તે વિસ્તાર સંબંધિત ક્ષેત્રીય અહેવાલો, સેટેલાઈટ રિમોટ સેન્સીંગ ભૂગર્ભ જળ સંશોધન સર્વે નિષ્કર્ષ મેપ્સ, વગેરેનો આધાર લઈને એકાદ અઠવાડિયામાં ભૂગર્ભ જળ સંશોધનનો અંતિમ અંદાજનો અહેવાલ તૈયાર કરાય છે. આ અહેવાલમાં કઈ કઈ જગ્યાએ, કઈ કઈ ઉંડાઈએ, ક્યા ક્યા પ્રકારની ભૂસ્તરીય રચનામાં કેટલું પાણી મળી શકશે, બોર કરવો કે કૂવો કરવો, કેટલો ઉંડો કરવો કે કંઈપણ કરવું જ નહી વગેરે બાબતોની વિગતવાર અંદાજ– માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, બોર/કૂવા બનાવવાનો ભારે મોટો ખર્ચ કરતાં પહેલાં જ આ વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિનો ઉપયોગ ખરેખર ફાયદાકારક રહી શકે છે.**

**રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ સિવાયની ઝડપથી ભૂગર્ભ જળ સંશોધન કરીને સો ટકા પરીણામ આપી શકે એવાં કોઈપણ ખાસ ભરોસાપાત્ર દેશી કે વિદેશી સાધન કે વૈજ્ઞાનિક પદ્ધતિ કે પરંપરાગત પદ્ધતિ હાલમાં કયાંય પણ ઉપલબ્ધ નથી.**

**ભૂગર્ભ જળ સંશોધન, વિકાસ અને વ્યવસ્થાપન સેવા અને સલાહ માટેનું છેલ્લાં ૩૦ વર્ષથી એક માત્ર વિશ્વાસપાત્ર નામ : 'ભૂજલશ્રી'. નિષ્ણાંતોની સલાહ અને સેવાઓ માટે સંપર્ક:—>>**

**રતીલાલ સુદાણી** [BRS-Ag & AH; PGDEE]
Director, *Bhoojalshree Geotech Consultant-Gujarat*
(EMPANELED IN MGNREGA & KISAN CALL CENTER FOR DUG WELL / BORE WELL SITING IN GUJARAT STATE)
કૃષિ યુનિવર્સિટી કેમ્પાસ પાસે, વિદ્યા ડેરી રોડ,
આણંદ–388001 ☎ : 02692 263611
: 9427382368, 9978115968
*E-mail:* groundwater.sudani@gmail.com

**Dr. Suresh Pawar** [PhD-Hy.Geology]
Director, *Bhoojalshree Hydrogeotech*
MEMBER: IAHS, IHRS, IAH
(EMPANELED IN GERMAN GOVT. SUPPORTED PROJECTS FOR DRINKING WATER IN MAHARASHTRA STATE)
RAJGURUNAGAR, **Pune, Maharashtra, India.**
: 9822645787
*E-mail:* bhoojalshree@yahoo.com

*સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય નજીકના રાજ્યોમાં વિવિધ સરકારી ડિપાર્ટમેન્ટ્સ, સહકારી અને સેવાભાવી સંસ્થાઓ, નગરપાલીકા, ગ્રામપંચાયત, કોર્પોરેટ હાઉસીસ તેમજ પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ્સ પર ત્રીસ વર્ષથી પરીણામલક્ષી ભૂગર્ભ જળ સંશોધન સેવામાં સમર્પિત...*

**ભૂજળ કેરૂ કરીએ જતન** : ~~~ખરી વૈજ્ઞાનિક પદ્ધત્તિથી સંશોધન કરીશું તો સાંપડશે, કરકસરથી વાપરીશું તો લાંબો સમય ટકશે અને વરસાદનું બધું જ પાણી ભૂસ્તરમાં ઉતારીશું તો ક્યારેય તોટો પણ નહી આવે~એ છે~~ભૂગર્ભ જળ~~~

## (૦૫) ગાંધીજન : કાંતિભાઈ પરસાણા

---

**- દિનુ ચુડાસમા**

મહાત્મા ગાંધીજીએ એમની હયાતીમાં દેશ સેવા કરતા યુવાનોને હાંકલ કરી હતી કે : ''સાચું ભારત ગામડાંઓમાં વસે છે, માટે લોકોની સેવા કરવી હોય, તો ગામડામાં જઈ, રચનાત્મક કાર્યો કરો. કારણ કે : મારું હૃદય ગામડાંમાં રહે છે.'' પ્યારા બાપુના સાદને ભીતર ઝીલી લઈ શિક્ષણ અને શિક્ષકત્વની સુગંધ ગામડાંની માટીમાં સર્જનારા એ સમયના ઘણા ગાંધીજનોમાંના એક કાંતિભાઈ પરસાણા, ગાંધી કાર્યોમાં આજે ૮૨મા વર્ષે પણ કાર્યરત છે.

સાવરકુંડલાથી રાજુલા જતાં થોરડી ગામ આવે. આ થોરડી ગામમાં પ્રવેશ પહેલાં જ 'લોક સેવક સંઘ સંચાલિત લોક વિદ્યામંદિર'નું પાટિયું દેખાય. તમે જો આ વિદ્યામંદિરના પરિસરમાં પ્રવેશો તો સુઘડ વિદ્યાસંકુલ નજરે ચડે, ગમી જાય એવી વ્યવસ્થા વચ્ચે નાળિયેરીવાળો રસ્તો તમને આવકારે. ત્યાં નાનકડા બે રૂમ નજરે ચડે. આપણને વિચાર આવે કે આ રૂમ ચોકીદારની હશે. પરંતુ ત્યાં જ એક ખાદીધારી, ચશમાં ધારણ કરેલ પીઢ માણસ તમારું સ્વાગત કરે, આપણે પૂછીએ કે કાંતિભાઈ પરસાણા મળશે ? તો હસતાં હસતાં કહે, આવો, પધારો, હું જ છું. કોણ છે આ માણસ-જેમણે જીવનભર ગામડાંની માટીને સેવીને, ગ્રામીણ પંથકમાં શિક્ષણ અને રચનાત્મક કાર્યોની ધૂણી ધખાવી ! ગામડામાં જન્મ અને ગામડાને જ કર્મભૂમિ તરીકે પસંદ કરી, શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત, નિવૃત્તિ પછી પણ ગમતું સ્થળ ગામડું, ગ્રામીણ પરિવેશ અને ગમતું કાર્ય પસંદ કરનાર, શિક્ષણમાં ઓતપ્રોત માણસ એટલે કાંતિભાઈ પરસાણા. એમને મળતાં જ મેં વાત છેડી :

'કાંતિભાઈ, તમે જીવનભર ગામડામાં રહ્યા, શહેરમાં જવાનું મન નથી ?'

ત્યારે સ્મિત સાથે કહ્યું : 'મારો જન્મ, ઉછેર, શિક્ષણ ગામડામાં. તેમજ ગાંધીવિચારને સમર્પિત વિદ્યાલયોમાં શિક્ષણ લઈ, કેળવાયો, ભણ્યો; ત્યારથી ગાંધીજીવનશૈલી મુજબ જીવવાનો ઉમળકો હતો, તેથી પ્રથમ તો ખાદીને અપનાવી, પછી નક્કી કર્યું કે મહાત્મા ગાંધીજીએ સેવકને ગામડામાં જઈ રચનાત્મક કાર્યો અને નઈતાલીમની કેળવણીની હિમાયત કરેલી, તેથી મારે પણ ગામડામાં રહીને જ કાર્યરત રહેવું છે અને હાલ ૮૨ વર્ષની વયે ગામડામાં રહી મારાથી થતું લોકશિક્ષણનું કાર્ય કરતો રહું છું.'

'કાંતિભાઈ, લોકવિદ્યામંદિર, થોરડીમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ થાય છે ?'

કાંતિભાઈ : 'દિનુભાઈ, અહીં આસપાસનાં ગામડાંના વિદ્યાર્થીઓને માટે ધોરણ ૮થી ૧૨ સુધીના નિવાસી શિક્ષણની વ્યવસ્થા છે, જેને અમે નામ આપ્યું સર્વમંગલ સંકુલ કેળવણી. કોઈપણ જ્ઞાતિનો છાત્ર અહીં રહી શિક્ષણ મેળવી શકે છે. સાથે ધોરણ ૨થી ૮ માટે નિવાસી અંધ વિદ્યામંદિર ચલાવીએ છીએ. આસપાસનાં ગામડાંઓમાં જઈ સજીવ કૃષિ વિશેના સેમિનારોનું આયોજન કરીએ છીએ, ગામડાંઓમાં વ્યસનમુક્તિ, સ્વચ્છતા-અભિયાન, મહિલાવિકાસ, બહેનોને શિક્ષણ આપવું, જળસંચયની પ્રવૃત્તિઓ, પવનચક્કી વિષયક માહિતી, વૃક્ષ બચાવ ઝુંબેશ, ગોશાળા, ખેતી-ગોપાલન વિષયક પ્રવૃત્તિઓ કરતાં રહી ધૂળિયા માર્ગે કાર્યરત રહીએ છીએ.'

કાંતિભાઈ મને જ્યારે સંસ્થાદર્શન કરાવતા હતા, ત્યારે મેં જોયું કે તેઓશ્રી ચાલતા લંગડાતા હતા, એક પગ મૂકતા કષ્ટ પડતું હતું. છતાં ચહેરાપર ઊર્જા કળાતી, થાકનું નામ નહીં, પછી મને જાણ થઈ કે કાંતિભાઈને વર્ષો પહેલાં એક ગંભીર અકસ્માત થયો હતો. તેઓ બચી ગયા, પણ પગે ખોડ રહી ગઈ, જેને કારણે તેઓ આ રીતે ચાલે છે. પરંતુ એમના મનોબળથી તેઓ લોકવિદ્યામંદિર, થોરડી દ્વારા પોતે ધારેલાં કાર્યો લંગડાય કે અટકે નહીં, તેથી સદા સભાન રહી

બધાને સાથે રાખી પરિશ્રમ કરતા રહે છે.

આવા કાંતિભાઈનો જન્મ ભાવનગર જિલ્લાના જેસર ગામમાં થયો. એમણે શિક્ષણ ગાંધી શિક્ષણ આપતી વિદ્યાસંસ્થા લોકશાળા-ખડસલીમાં લીધું. વિદ્યાર્થી કાળમાં ગાંધીજીવનદર્શનથી રંગાયેલા એ રંગને જીવનભર ભીતર ઘેરો કરી કાર્યરત રહ્યા. જ્યાં શિક્ષણ લીધું તે લોકશાળા ખડસલીમાં જ શિક્ષક તરીકે જોડાયા. ત્યાં ૧૪ વર્ષ સુધી સેવક બની રહ્યા. એ પછી 'ગ્રામોદ્યોગ મંદિર-ગઢડા'માં નિયામક તરીકે સામેલ થઈ, ત્યાં શિક્ષણ અને ખાદીગ્રામોદ્યોગની પ્રવૃત્તિ સફળ રીતે કરી બતાવી. ૨૯ વર્ષ સુધી કાર્યરત રહી ગાંધીરંગ અને ખાદીરંગને દૃઢ કર્યો. ત્યાં કર્મજ્ઞ બની અનેક વિદ્યાર્થીઓને, કાર્યકરોને તૈયાર કર્યા અને ત્યાંથી ૬૦ વર્ષે નિવૃત્ત થયા.

નિવૃત્તિ પછી લોકવિદ્યામંદિર-થોરડીનું સર્જન કર્યું. આ શાળાના સર્જનમાં પણ એમની સંકલ્પ શક્તિએ જ બળ પૂરું પાડ્યું હતું. થોરડી ગામે સરકાર પાસેથી ડુંગરાળ ખાડા-ટેકરાવાળી બંજર ધરતી મેળવીને ત્યાં કાંતિભાઈએ ઝવેરી પરિવારનાં શ્રી રસિલાબહેન, શ્રી યાત્રિકભાઈના આર્થિક સહયોગથી થોરડીમાં લઘુઉદ્યોગ તાલીમ કેન્દ્ર, ભગિની છાત્રાલય, ગૌસેવાસદન, નિવાસી અંધવિદ્યાલય, મહિલા પુસ્તકાલય અને ઔષધબાગનું નિર્માણ કર્યું છે. દાતાશ્રીઓએ મૂકેલા ભરોસાને કાંતિભાઈએ માનવીય અભિગમથી હેતુલક્ષી કાર્યોનાં નિર્માણ માટે વાપરી સાર્થક કરી બતાવ્યો છે. પોતાના માટે બે ઓરડી બનાવી, તેમાં રહે અને બાળકો માટે ઉત્તમ શાળાનાં મકાનો કર્યાં. આખો દિવસ આ વ્યક્તિ સંસ્થામાં હાજર રહી કાર્યરત રહે, બધે એમની નજર પહોંચે. બધાને સાંભળે ને પોતાની જાત સાથે પણ સંવાદ કરતા રહે. ખાદીનાં સફેદવસ્ત્રો ધારણ કરે અને આ ઊજળો પોશાક ધારણ કરતાં કેટલી લાયકાત જોઈએ, એથી સભાનતા સાથે વર્તન વ્યવહારમાં નિખાલસ અને પ્રામાણિકતા પ્રગટ થાય, જે આપણને સ્પર્શે, ગમે.

લોકવિદ્યાલય, થોરડીનાં પ્રત્યેક કાર્યોમાં કાંતિભાઈ પરસાણાનો પરસેવો રેડાયેલો દેખાય છે. આજે મોટાં નગરોમાં ઝળહળતાં શૈક્ષણિક સંકુલોમાં લાખોની ફી લઈ શિક્ષણ આપવાનો તમાસો થઈ રહ્યો છે. શિક્ષણમાં વ્યાપારીકરણ ઘૂસી ગયું છે. એવા સમયે ગાંધીવિચારોની જગતને ખરી જરૂરિયાત જણાય છે, વિશ્વ પણ ગાંધીજીનાં કાર્યોના આધારે જીવન સમૃદ્ધ કરી શકાય એમ સ્વીકારતું થયું છે, ત્યારે ગાંધીજીવિચારની કેળવણી આપતી સંસ્થા સ્થાપી અને આજના સમયમાં ગતિશીલ રાખતા ગાંધીજન કાંતિભાઈએ થોરડીના પાદરમાં જે જ્ઞાનની પરબ ખોલી, તેમાં જે વિભાગો છે, તેની વિગત આપું તો ગમતું થશે : (૧) નિવાસી અંધવિદ્યાલય (૨) લઘુઉદ્યોગ તાલીમકેન્દ્ર (૩) પ્રાથમિક, માધ્યમિક અને ઉત્તર-માધ્યમિક શિક્ષણ (૪) શિશુકુંજ(બાળવિકાસની પ્રવૃત્તિઓ) (૫) સ્પર્ધાત્મક પરીક્ષાઓ (૬) ખેલમહાકુંભ અને કૌશલ્યવર્ધન (૭) નવસર્જન મહિલાવિકાસ મંડળ (૮) બિનપરંપરાગત ઊર્જા અને ઉપયોગ (૯) સજીવ ખેતી વિકાસ મંડળ અને જળસંચય (૧૦) આરોગ્ય સુધારણા અને મેડિકલ-કેમ્પ (૧૧) ગૌસેવા અને ગૌસંવર્ધન (૧૨) વૃક્ષ ઉછેર અને પર્યાવરણ રક્ષણ.

●---------●●●--------●●●---------●

મધુબન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી ગલી, મું. સાવરકુંડલા, જિ. અમરેલી, પીનઃ ૩૬૪૫૨૫

> એટલે તમે મૂડીવાદી હો કે સમાજવાદી હો, ગાંધીવાદી કે સામ્યવાદી, ગ્રામોદ્યોગવાદી હો કે યંત્રવાદી બાળકનો આત્મવિશ્વાસ વધારવા માટે તેના હાથમાં તે કાબુમાં રાખી શકે તેવું જ સાધન ને પ્રવૃત્તિ આપવાનાં રહેશે, વળી તેને શેરીમાં, ઘરમાં પ્રવૃત્તિ કરવા દે જો, ઉત્તેજન આપજો. શિક્ષક તરીકે ઇતિહાસ કે ભૂગોળના પાઠમાં આવાં કારણે મોડો પડતો હોય તો તેનું અપમાન ન કરતા. તમે પ્રવૃત્તિ વગરની નિશાળમાં જે શિક્ષણ આપશો તેના કરતાં નિશાળ બહારની આવી પ્રવૃત્તિ વધારે શૈક્ષણિક થશે.
>
> - મનુભાઈ પંચોળી 'દર્શક'

## (૦૬) જીવનનું બળ, શબ્દનો સાથ

- મનસુખ સલ્લા

સમારંભના અધ્યક્ષ માનનીય પ્રફુલ્લભાઈ દેસાઈ, શ્રી પ્રજ્ઞાબહેન વશી, શ્રી દિલીપભાઈ દેસાઈ, અન્ય હોદ્દેદારો, પધારેલા પ્રબુદ્ધજનો, લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભાઈઓ અને બહેનો,

આજે સૌથી પહેલું સ્મરણ થાય છે, જેમના નામ સાથે આ ચંદ્રક જોડાયેલો છે એ વીર કવિ નર્મદનું. નર્મદે ગુજરાતી સાહિત્યમાં એટલાં બધાં નવપ્રસ્થાન કરેલાં છે કે ગુજરાતીભાષીઓ કાયમ તેમના ઓશિંગણ રહેવાના. કવિતા, નિબંધ, વિવેચન, ચરિત્ર, શબ્દકોશ અને તત્કાલીન પ્રજાજીવનમાં જે નવા ઉન્મેષો જન્માવ્યા તે સઘળું આદર પ્રેરક છે. કારણ કે અતિ ટાંચાં સાધનો, આર્થિક મૂંઝવણો અને એકલે હાથે નર્મદે અનેક ગંજાવર કાર્યો કર્યાં છે. સૌથી પહેલું સ્મરણ અને વંદન હું મહામના નર્મદનું કરું છું.

જેમને અગાઉ નર્મદ ચંદ્રક એનાયત થઈ ચૂક્યો છે એ ઉત્તમ સાહિત્ય સર્જકોની પંગતમાં બેસવાનું મને મળે છે એ ધન્યતાનો અનુભવ છે. એટલે આ દિવસ મારા જીવનનો યાદગાર દિવસ બની રહેશે. સાહિત્યલેખન માટે મને અગાઉ વિદ્યાગુરુ ફાઉન્ડેશનનો 'દર્શક સાહિત્ય ઍવૉર્ડ' અને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળી ચૂક્યા છે, પરંતુ નર્મદ ચંદ્રક મારે માટે વિશિષ્ટ ઘટના છે.

એક કારણ તો એ છે કે આ ચંદ્રકનું ગુજરાતી સાહિત્યમાં અનેક રીતે માહાત્મ્ય છે. એની પસંદગીમાં જે તાટસ્થ્ય જળવાય છે અને ગુણવત્તાની કાળજી લેવાય છે એથી નર્મદચંદ્રકની ઊંચી શાખ છે. આવા નોંધપાત્ર ચંદ્રક માટે મારું ચરિત્રનિબંધોનું પુસ્તક 'તુલસીક્યારાના દીવા' નિમિત્ત બન્યું એનો મને આનંદ છે.

સર્જકને પ્રતિભાવની અપેક્ષા રહે જ છે. આપણું લખેલું કોઈકને ગમ્યું એમ જાણીએ છીએ ત્યારે બે બાબતોની તૃપ્તિ થાય છે : (૧) ઉમાશંકરની ભાષામાં કહું તો 'આપણો પાડેલો શબ્દ સાર્થક થયો' એની તૃપ્તિ થાય છે. (૨) આપણો ભાવ, આપણો વિચાર, આપણું જીવન વિશેનું આકલન, આપણું જીવન વિશેનું સ્વપ્ન અન્ય સુધી પહોંચ્યાં એની તૃપ્તિ થાય છે.

એ તૃપ્તિની સામાજિક માન્યતા એટલે પુરસ્કાર, એવું હું ગણું છું. આવી જાહેર સ્વીકૃતિ લેખકને બીજા અનેક ભાવકો સુધી પહોંચાડવામાં પણ સેતુરૂપ બને છે.

આ પ્રસંગે મારા લેખનકાર્ય વિશે બે શબ્દ કહું તો એ પ્રાસંગિક ગણાશે. મૂળે હું સંવેદનાનો માણસ છું. કોઈનીય પીડાથી હું હલી જતો હોઉં છું અને કોઈક કાંઈક વિશેષ રીતે પ્રગટ કરે તો એનો આનંદ અનુભવતો હોઉં છું. આવું હૈયું મળ્યું એને હું સદ્ભાગ્ય ગણું છું. જીવનવ્યવહારોમાં પણ મને તો એનાથી ઉત્તમ પ્રાપ્તિ થઈ છે - ખાસ કરીને વિદ્યાર્થીઓ અને નિકટજનોમાં.

મને યાદ આવે છે કે છઠ્ઠા ધોરણમાં મેં એક નાટક લખેલું. ગામમાં ભવાયા રમતાં જોયેલા એનું એ અનુકરણ હતું. પરંતુ શબ્દ સાથેનો સંબંધ ત્યારથી શરૂ થયેલો. કંઈક સૂઝે એટલે એને શબ્દમાં મૂકવાનું મન થાય. એમાં ઉત્તમ કૃતિઓના વાચનસાતત્યથી લેખનરીતિ અને ગદ્ય વિશેની સભાનતા વધતી રહી.

મારી માધ્યમિક શાળા, લોકશાળા ખડસલીમાં મારું નિબંધલેખન શરૂ થયું. ત્યારે સભાનતા ઓછી અને મુગ્ધતા વધુ હતી. ખડસલીનું સાહિત્યિક ભાવાવરણ મને ઘણું ઉપકારક બન્યું છે. લોકભારતી સણોસરાના સ્નાતકના અભ્યાસ દરમિયાન મારું વાર્તાલેખન શરૂ થયું. ત્યારે હૃદયભાવને શબ્દમાં ઉતારવાની મૂંઝવણ અને ઉતારી શકાયાની તૃપ્તિ એ બંનેનો અનુભવ સાથે જ થયો. ગૂજરાત વિદ્યાપીઠના એમ.એ.ના અભ્યાસકાળે(૧૯૬૫-૬૭) મને અમદાવાદની પ્રફુલ્લિત એવી સાહિત્યિક આબોહવાનો ગાઢ સ્પર્શ થયો.

મેં એક જગ્યાએ ૩૬ વર્ષ કાર્ય કર્યું છે - લોકભારતી સણોસરામાં. લોકભારતીના મહાન ગુરુઓ અને સર્જકો

મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર. બુચ અને બીજા અનેક ઉમદા ગુરુજનોના સહવાસમાં રહેવાનું, વાંચવાનું, વિચારવાનું, સમજવાનું અને એને પ્રગટ કરવાનું મળ્યું એ જીવનનો પરમ લહાવો છે. જો કે હું લોકભારતીની વિદ્યાર્થીઓ સાથેની જવાબદારીઓમાં એવો ગળાડૂબ રહ્યો કે લેખનની ઉપેક્ષા પણ થઈ. એટલે લખાયું ઓછું. ખરું લખાયું નિવૃત્તિ પછી. મને લખવા માટે ખરી મોકળાશ મળી અમદાવાદમાં.

એક ઘટનાએ મને ચરિત્રનિબંધ લખવા તરફ ગંભીરતાથી વાળ્યો. ગુજરાત સાહિત્ય અકાદમીએ ચરિત્રાત્મક પુસ્તકોના નિર્ણાયક થવા માટે મને ૫૮ પુસ્તકો મોકલી આપ્યાં. મને એવી અંગત સલાહ પણ મળી હતી કે, 'બધાં પુસ્તકો વાંચવાની જરૂર ન હોય.' પરંતુ મેં એમ.એ.નો વિદ્યાર્થી પરીક્ષા માટે વાંચે એવી નિષ્ઠાથી તમામ પુસ્તકો વાંચ્યાં. બધાં પુસ્તકો વિશે નોંધ પણ કરી.

મને આશ્ચર્ય થયું કે જેમને ચરિત્રનિબંધ કે જીવનચરિત્ર લખતાં નહોતું આવડતું, ગદ્ય વિશે સભાનતા કે સમજ નહોતી, ભાષાના સૌંદર્ય કે અસરકારકતાની જાગૃતિ નહોતી એવા લોકોએ ભરપૂર લખ્યું હતું, છપાવ્યું હતું. ત્યારે મને લાગ્યું કે 'મારે લખવું જોઈએ. હું અવશ્ય સારું લખી શકીશ.' આ ઘટનાએ લખવા માટે મને મોટો હેતુ આપ્યો. આમાંથી મારું ચરિત્રનિબંધ લખવાનું શરૂ થયું.

ચરિત્રનિબંધ એ વિગતોનો ખડકલો નથી, પરંતુ રેખાઓ દ્વારા વ્યક્તિત્વની ઓળખ છે. વ્યક્તિત્વને પારખવા તેનાં મૂળિયાં ઉકેલવાં પડે છે. વૃક્ષ માટે કહેવાય છે કે એનાં મૂળિયાં જેટલા ઊંડાં અને ફેલાયેલાં એટલું વૃક્ષ બહાર ઊંચું જાય અને ફેલાય છે. વ્યક્તિનું પણ એવું છે. એવા વ્યક્તિત્વને શબ્દ દ્વારા આકારિત કરવું એ પ્રમાણમાં દોહ્યલું છે. વિગતો નહીં, વ્યક્તિત્વની ખુશબો અનુભવાય એ સર્જક સામેના પડકાર હોય છે. ગુજરાતી ભાષામાં એનું સરસ ખેડાણ થયું છે. એ પંગતમાં બેસવા મળે એ જ સદ્ભાગ્ય ગણાય.

ચરિત્રનિબંધનો મારો પ્રથમ સંગ્રહ 'જીવતર નામે અજવાળું'માં લોકભારતીના ગુરુજનો અને પરિવારજનો જ મુખ્ય છે. જેમની સાથે હું જીવ્યો હતો તેમને સહેજ દૂર જઈને જોયાં, પારખ્યાં અને અનુભવ્યાં છે. જે સંગ્રહ 'તુલસીક્યારાના દીવા' નર્મદ ચંદ્રકનું નિમિત્ત બન્યો છે એને વિષે કાંઈક કહેવું પ્રસ્તુત ગણાશે.

પુસ્તકનું નામ તો છેલ્લે નક્કી થયું. પરંતુ જે વ્યક્તિત્વો વિશે મેં લખ્યું છે તેમનાં જીવનમાં તુલસીક્યારાની પવિત્રતા અને દીવાની પ્રકાશમયતા છે એમ મને લાગ્યું છે. સરેરાશ જીવન કરતાં વિશિષ્ટ, આગવું, અસામાન્ય જીવવું એટલે અન્ય માટે જીવવું, સમર્પણભાવથી જીવવું, પોતાનું ઉત્તમ સમાજ માટે યોજવું. એટલે આમાં મોરારીબાપુ, ઉમાશંકર જોશી, નારાયણ દેસાઈ જેવાં વ્યક્તિત્વો છે, તો ભાણીબેન અને બિંદુ-પાર્થેશ જેવાં પણ છે.

વ્યક્તિત્વની અસામાન્યતા પદ કે પ્રતિષ્ઠામાં નહીં, પણ જીવન પ્રત્યેની નિષ્ઠામાં છે. અહીં આલેખાયેલી વ્યક્તિઓ જીવન નિષ્ઠાનાં દૃષ્ટાંતો છે.

એટલે ભાણીબેન જેવાં લોકભારતીના ઘઉં સંશોધન વિભાગમાં કામ કરનાર મજૂર બેન પાસે આખા વિભાગની ચાવી રહી શકે છે. સંસ્થાની જરૂર હતી તો ત્રણ મહિના ઘરથી દૂર માઈધાર રહીને ઘઉં સાચવ્યાં અને એ પણ એવી સમજ સાથે કે 'કોઈકે તો સાચવવું જોઈએ ને ?' ભાણીબેન હતાં તો મજૂર, પણ બે શિક્ષકથી પણ ચડે એવાં હતાં. એ ભણેલા નહોતાં, પરંતુ જીવનનું ગણિત ગણેલાં હતાં. એટલે પતિએ બીજી બાઈ કરી તો પતિને મૂકીને, બે દીકરાને લઈને પિયર આવતાં રહ્યાં. પરંતુ પતિના મૃત્યુ પછી શોક્યને અને એમનાં સંતાનોને સાચવી લીધાં.

ઝીણાભાઈ દરજી આખું બોલવા માટે જાણીતા હતા. લોકોને એવું જ યાદ રહે છે. પરંતુ ઝીણાભાઈ જુગતરામકાકાની કોઢમાં ઘડાયેલા હતા. તેમની ઉપાસના છેલ્લા માણસના સુખમાં અને સગવડમાં વધારો થાય એ હતી. તેઓ સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ થયા. તેમની કાર્યપદ્ધતિ જાણવા જેવી છે. રોડ અને વીજળીના અધિકારીઓને બોલાવીને ટેબલ ઉપર નકશો પાથરીને કહે, 'અહીં સુધી રસ્તો છે, વીજળીના થાંભલા છે.' બીજા બિંદુ પર આંગળી મૂકે અને કહે, 'અહીં સુધી રોડ અને વીજળી પહોંચાડવાનાં છે.'

અધિકારીઓ કહે, 'એમ લાઈન બહાર કામ ન થઈ શકે.' ઝીણાભાઈ કહે, 'એ પછાત ગામમાં આશ્રમશાળા થવાની છે. ત્યાં આદિવાસીઓનાં બાળકો ભણાવાનાં છે.'

પેન્સિલથી લીટી કરી બે બિંદુઓને જોડતાં કહે, 'કેમ કરવું એ તમે જાણો. આ કરવાનું છે.' અને કામ થયું. ઝીણાભાઈ જીવનભર ભાંગ્યાંના ભેરુ બનવા માટે બાખડતા રહ્યા. અનેક રીતે અસામાન્ય કામો તેમણે કર્યાં. દર્શક ફાઉન્ડેશનનો ગ્રામપુનર્રચનાનો ઍવૉર્ડ તેમને આપવાનું નક્કી થયું તો અસ્વીકાર કરતાં તેમણે લખ્યું, 'હું સેવક છું. સ્વાતંત્ર્ય સૈનિકનું પેન્શન પણ નથી લેતો. મારાથી સેવાના બદલામાં ઍવૉર્ડ ન લેવાય.'

બિન્દુ ઝાલા લોકભારતીના કાર્યકરની દીકરી છે. ત્યાં જ ઊછરી-ભણી-મૂલ્યો દૃઢ થયાં. પાર્થેશ પંડ્યા નામના બ્રાહ્મણ યુવક સાથે લગ્ન કર્યાં. કુટુંબનો વિરોધ ન ગણકાર્યો, પણ સ્નેહ જાળવ્યો. તેણે શાળામાં અસામાન્ય પ્રયોગો કર્યા છે. રાતદિવસ શિક્ષણના કામમાં ડૂબેલી છે. તેણે પોતાનું સંતાન નહીં હોય એવું નક્કી કર્યું છે. કારણમાં કહે છે, 'મારે એક છોકરાની માતા નહોતું થવું, એટલે મેં ૧૫૦ છોકરાંની મા થવાનું નક્કી કર્યું. બસ.'

કવિ ઉમાશંકરભાઈ ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં 'નાનાલાલ મધુકોષ' ભણાવે. હું ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એ.નું ભણું. વર્ગમાં બેસવા દેવાની સંમતિ માગવા ઉમાશંકરભાઈની ચેમ્બરમાં ગયો. મળ્યો. બરાબર આંખ નોંધીને મને કહે, ' હું ફી લીધા વિના કોઈને ભણાવતો નથી.' મેં કહ્યું, 'જે ફી થતી હશે તે ભરી દઈશ.' તો ઉમાશંકરભાઈ દૃઢતાથી બોલ્યા, 'મારી ફી છે વર્ગમાં નિયમિત આવવું. મન થયું તો આવ્યા, નહીં તો ન આવ્યા એમ નહીં. નિયમિત વર્ગો ભરવા એ મારી ફી છે.' જોઈ શકાશે કે શિક્ષક ઉમાશંકરની કેવી ઊંચાઈ છે. કેવી રીતે તેઓ જીવનનો પાઠ શીખવે છે.

રતિલાલ બોરીસાગરના વિદ્યાર્થીઓએ તેમનું નામ જોડીને 'વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર ફાઉન્ડેશન' બનાવ્યું. ફાઉન્ડેશન ચાર ઍવૉર્ડ આપે છે. નિઃશુલ્ક હૉસ્પિટલ ચલાવે છે. દર્દી પાસેથી કેસ કાઢવાના પૈસા પણ નથી લેતા. આવા કામની પ્રતિષ્ઠા કોને ન ગમે ? બોરીસાગરભાઈની સમજ એવી કે વ્યક્તિ નહીં કાર્ય મોટું છે, એટલે પોતાનું નામ રદ કરવું. ટ્રસ્ટીઓ ન માન્યા તો તેમણે મોરારીબાપુને લખ્યું. બાપુની સંમતિ મેળવી નવેસર ટ્રસ્ટ નોંધાયું 'વિદ્યાગુરુ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન' પોતાનું નામ નીકળી ગયું ત્યારે તેમને હાશ થઈ.

આંખના ઓપરેશનના નિઃશુલ્ક યજ્ઞની પરંપરા ઊભી કરનાર વીરનગરના ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુ સંસારી સાધુ હતા. જાણે દર્દી એમનો દેવ હતો. તેમણે હજારો ઓપરેશન કર્યાં પણ અંદરનો રંગ ભગવો રહ્યો. આંખનું ઓપરેશન કરાવીને પાટો બાંધેલા એક દર્દીએ અધ્વર્યુ સાહેબ માટે આમ કહ્યું હતું. 'આ આભ કોને આધારે ઊભું છે ? આ બધું ટકી શકે છે કારણ કે બાપુજી જેવા લોકો આ દુનિયામાં છે.' આ પ્રતિભાવ એ ડૉક્ટર અધ્વર્યુના કાર્યનું ખરું મૂલ્યાંકન છે.

અંબા ગોરાણી ચરિત્રનિબંધની જેટલી નોંધ લેવાવી જોઈતી હતી તેટલી લેવાઈ નથી. એનું ગદ્ય પણ નોંધપાત્ર છે. વ્યક્તિત્વના રંગોનું વૈવિધ્ય પણ ધ્યાનપાત્ર છે.

કુંવરમા મારાં બાનાં નાની થાય. ભણ્યાં નહોતાં પણ જીવતરમાંથી સમજણ તેનામાં ઊગેલી હતી. તેમની શ્રદ્ધા અડોલ હતી. મારાં બાને આશ્વાસન આપતાં તેમણે કહેલું, 'વિમળા, તારે તો એક હાથે દરિયો તરવાનો છે. પણ ઠાકોરજી તારી પડખે છે. દ્રૌપદીનાં ચીર પૂર્યાં તો આપણી લાજ પણ એ જ રાખવાનો. સંસાર છે તો ટાઢાઊના વાયરા તો આવ્યા કરવાના. કથામાં મેં સાંભળ્યું હતું કે ભગવાને નીંભાડામાં માટલામાં બચ્ચાની સંભાળ લીધી હતી, તો આપણી કેમ નઈ લે ? ભલે ને નીંભાડો ધગધગતો હોય, આસ્થા નો ખોવી.' આવા નિરક્ષરોમાં ભાષાનું બળ કેવું હતું તે પણ પ્રમાણી શકાશે.

નાગજીભાઈ દેસાઈ મોટા સામાજિક કાર્યકર, મોટા કેળવણીકાર. તેમણે વર્ષો સુધી પથારીમાં જીવેલા પુત્ર અવધૂતને આવી રીતે ઓળખાવેલો :

'મનસુખભાઈ, અવધૂતને કારણે હું માપમાં રહ્યો. આટલું સરસ કામ થયું, આટલો યશ મળ્યો, એથી મારો અહંકાર ફાટીને ધુમાડે ગયો હોત, પરંતુ અવધૂતને કારણે મારો અહંકાર ઓગળતો રહ્યો. એ અર્થમાં અવધૂત મારો ગુરુ છે.'

છેલ્લે, મારાં બાની હૃદયની સમજણ વિશે બે શબ્દ લખવા જરૂરી છે. અનુકરણ અને કુતૂહલથી, ખાસ તો ધુમાડા કાઢવાની લાલચથી પ્રેરાઈને, મેં બીડી પીધી. બાને ખબર પડી. સાંજે ઘેર ગયો તો જમાડ્યો. ત્યાં સુધી કંઈ ન બોલ્યાં. પછી પાસે બેસી કહ્યું, 'તારા બાપુજીની હયાતી નથી. તારે

કેવા થવું એ તારે નક્કી કરવાનું છે.' અને એમની આંખો છલકાઈ પડી હતી. એ કાળે મારવું એ બહુ સ્વાભાવિક ગણાતું હતું. પરંતુ બાએ મને માર્યો નહીં. બાનાં આંસુથી મને જે સમજાયું એ બીજી કોઈ રીતે સમજાયું ન હોત. પછી જીવનભર એ વાક્ય મારી સામે દીવાદાંડીની જેમ રહ્યું છે.

આવાં વ્યક્તિઓના આલેખનમાં મેં ભરપૂર તૃપ્તિ અનુભવી છે. આ તો થોડી દૃષ્ટાંતરૂપ ઘટનાઓ છે.

આ ચરિત્રો જે વ્યાપક સ્વીકૃતિ પામ્યાં, અનેક વાચકોએ રાજીપો પ્રગટ કર્યો. ધન્યવાદ આપ્યા, એણે મને ઘણું બળ આપ્યું છે. નવું લખવાનો ધક્કો અવશ્ય આપ્યો છે. લેખન દ્વારા વાચકના હૃદય સુધી પહોંચવાનો આવો નિર્ભેળ આનંદ કલાના પ્રદેશ સિવાય અન્યત્ર બહુ જૂજ હશે.

મારા વતનની સ્મરણકથા 'હૈયે પગલાં તાજાં' હોય કે લોકભારતીના શૈક્ષણિક અનુભવોની કથા 'અનુભવની એરણ પર' હોય, કેળવણી વિશેના લેખો 'માણસાઈની કેળવણી' હોય કે વિવેચનલેખો હોય, કે ગાંધીવિચારના ચિંતનલેખો 'ગાંધીની નજરે દુનિયા' હોય- સઘળું મેં પૂરી તન્મયતાથી અને નિસ્બતથી લખ્યું છે. કોઈપણ લખાણ બે વખત ન લખ્યું હોય તેવું બન્યું નથી. બેથી વધુ વાર લખવાનું પણ ક્યારેક બન્યું છે. એક લેખક તરીકે હું એને મારી જવાબદારી ગણું છું કે મારું લખાણ વાચકને અસ્પષ્ટ કે ગૂંચવનારું ન જ લાગે. વાચકનો લખાણમાં સીધો પ્રવેશ થવો જોઈએ. સાથે જ વાચકને એવો જીવભાવ મળે જેથી એ અનુભવતો અને વિચારતો થાય. અલબત્ત, જ્યારે માંહ્યલો ધક્કો વાગ્યો ત્યારે જ મેં લખ્યું છે. એથી નબળા લેખનમાંથી હું ઊગરી ગયો છું.

આમાં આલેખાયેલા ચરિત્રનિબંધ વિશિષ્ટ છે, આગવા છે એવું જાણકારોનું અવલોકન નર્મદ ચંદ્રકે યથાર્થ ઠરાવ્યું છે તેની મને ભરપૂર તૃપ્તિ છે. નિર્ણાયક અને નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ દેસાઈ અને અન્ય સૌ હોદ્દેદારોનો હૃદયથી આભાર માનું છું. શુભેચ્છકો અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા એનો મને ખૂબ આનંદ છે.

## તસવીર -ગાથા

**- મૂકેશ પંડિત**

### સુરતની સાડીઓનું સૌરાષ્ટ્રમાં સુશોભન



સૌરાષ્ટ્રમાં ઘણાં ગામોમાં લગ્ન-પ્રસંગો પર સાડીઓ ખરીદવા બહેનો સુરત જાય છે, ત્યાં લગભગ ગામોમાં પરિવાર કે સંબંધિઓ રહે છે. આ સુરતની સાડીઓનું સૌરાષ્ટ્રમાં સુશોભન છેલ્લા પાંચ-સાત વર્ષથી થઈ રહ્યું છે. તૈયાર સાડીઓ તેમજ અન્ય પોષાકોનાં નાના-મોટા ટીકા, હિરા જેવા પથ્થરના આકર્ષક ટુકડાઓ વગેરે લગાવી રોજગારી મેળવવાનું કામ સારું ચાલે છે. કેટલાંક આ કામ કમાણી કરવા તો કેટલાંક સમય પસાર કરવા આ ટીકા ટાંકવાનું કામ કરે છે. સોય દોરા નહિ પણ આ ટીકા કે પથ્થરો ગુંદર જેવા સ્નિગ્ધ પદાર્થોથી ચોંટાડવા મોટા જથ્થામાં સાડીઓ આવે છે. પોતાના જ ઘરે છાંયડે અને વળી ખાટલે બેઠા જ આ કામ થઈ રહ્યું છે.

## (૦૭) મંગળની શિક્ષણયાત્રા

**- મનહર ઠાકર**

રામગઢ ગામે મહાશિવરાત્રિની રાતનો ત્રીજો પ્રહર શરૂ થવાની આલબેલ વાગતી હતી ને મનસુખલાલ મંત્રીને ત્યાં પુત્રરત્ન અવતર્યું. મંગળવાર હોવાથી નામ પાડ્યું મંગલ. આ વૈષ્ણવ પરિવારમાં ભક્તિના સંસ્કારો પુષ્ટિમાર્ગ અનુસાર જળવાયેલા હતા. બાળકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિમાં રંગાયેલું આ કુટુંબ બીજાની પીડા જાણે. કોઈને ઉપયોગી થાય તો પણ મનમાં અભિમાન ન ધરે તેવાં, વૈષ્ણવજનનાં લક્ષણો ધરાવતું હતું.

ગ્રામપંચાયતના મંત્રી તરીકેની નોકરી મળે એટલું જ ભણેલા તેના પિતાની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. વ્યકિત તરીકે તે એક ઉમદા માણસ હતા. તેમની બુદ્ધિ, સ્વભાવ, ચારિત્ર્ય, તેમનાં રસ, વલણ, મૂલ્યો તથા આદર્શો મંગલને પ્રેરણા મળે તેવાં હતાં. તેની મા ડાહી અને સુશીલ હોવાથી તેની છાપ મંગલ પર પડી હતી. સો શિક્ષક બરાબર એક માતાના ખ્યાલ સાથે માએ મંગલના જન્મ પહેલાંથી જ એના વ્યક્તિત્વઘડતરના શ્રીગણેશ કરી લીધા હતા. એ જાણતી હતી કે શિક્ષણ તો ગર્ભાધાનથી અંત્યેષ્ટિ સુધીની પ્રક્રિયા છે. એ માટેના સંસ્કાર-છાપની આરંભથી જ કાળજી લેવાની હોય છે. વળી, બાળક જોઈને શીખે છે. એટલે નવજાત શિશુ સૌથી પહેલાં તો માને જુએ છે. ત્યારે મા જે બોલે-ચાલે, હરે-ફરે કે જે કાંઈ વર્તન-વ્યવહાર કરે તેની છાપ બાળમાનસ પર પડતી હોય છે. ત્યાર પછી બાળકના ચિત્ત પર પિતાના વર્તન-વ્યવહારની છાપ પડતી હોય છે. આમ, માતાપિતાનો સંસ્કાર વારસો આ બાળક ઝીલતું હતું.

મંગલના જન્મ પછી બન્નેના સુખનો કટોરો ઊભરાતો હતો. આનંદભર્યા તેમના જીવનમાં લોભ કે ક્રોધ, સ્પૃહા કે ઈર્ષ્યા હજી પ્રવેશ કરી શક્યાં ન હતાં. ત્યાં આંસુ આનંદનાં પડતાં. નીતિની કિનારી ઘરની ચારે કોર બાંધેલી હતી. ખોટી મોટાઈ, દંભભર્યો વિવેક કે અકારણ કજિયો ન હતાં. હતો માત્ર પ્રેમ. અંતરનાં ઓજસ અજવાળાં પાથરતાં હતાં. સત્યની મર્યાદા અને સદ્‌ગુણ એ જ ધર્મ હતો. માણસ તરીકેનાં આ બધાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ તો મંગલને ગળથૂથીમાં જ મળ્યાં હતાં.

પુત્ર પારણામાંથી જ પરખાય, એમ મંગલમાં વૈષ્ણવજનનું સ્વરૂપ દેખાવા લાગ્યું. કોઈપણ પ્રકારના ઉપદ્રવ વિના એનું બાળપણ ઘરનું આંગણું શોભાવતું હતું. ખુશામત, ભય અને પ્રલોભનોથી એ નારાજ થતો. એને પ્રેમનો મારગ ગમતો. જેથી સૌનાં હૃદયમાં એ સ્થાન પામ્યો. તેનાં બાળવર્તનો દ્વારા પ્રેમની સુવાસ ફેલાતી હતી.

સ્ફૂર્તિ-તરવરાટ તો પોતે સાથે લઈને જનમ્યો હોય તેમ એ ચાલે ત્યારે જાણે અદ્ધર ઊડતો ચાલતો. ચારચાર ડગલાંની લાંઘો ભરતો જતો હોય. શેરીમાંથી નીકળે ત્યારે ત્યાં પડેલા પાણા લઈને દૂર ફેંકી દેતો. મોટે ભાગે તો દોટ મૂકીને હડિયું કાઢતો.

ગામને ઓતરાદે પાદર ગોંદરે નિશાળ જોઈને એ બાળમાનસ પર ભણવાના ઊભરા આવતા. ગામમાંથી છોકરાંઓને નિશાળે જતાં ભાળે ત્યારે એ દિશામાં ડગલાં ભરવાની તેને તીવ્ર ઇચ્છા થઈ આવતી. ભણવાની ઉંમરે તેને નિશાળે બેસાડવામાં આવ્યો. માસ્તર મણિદાદાના શિક્ષણમાં અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન આપવાની પદ્ધતિથી એને બહુ જ રસ પડ્યો. પ્રવૃત્તિ દ્વારા અસરકારક શિક્ષણ અને જીવન ઘડતરના પદાર્થપાઠો આપનાર એ શિક્ષક એના પ્રેરણામૂર્તિ બની રહ્યા. અહીંનું પ્રાથમિક શિક્ષણ એના જીવનમાં સુખદ સંભારણાની જેમ કંડારાઈ ગયું.

નિશાળ દ્વારા યોજાતી પ્રવૃત્તિઓ જેવી કે પ્રભાતફેરી, ગ્રામસફાઈ, શેરીસુશોભન, શાળાબાગ, સ્વયંપાકમાં તેને ખૂબ મજા પડતી. શાળામાંના સામૂહિક કાર્યક્રમો જેવા કે ઉત્સવોની ઉજવણી, પ્રાર્થના અને અન્ય સંમેલનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વ્યાયામ અને ખેલકૂદમાં પોતે અગ્રેસર રહીને ભાગ લેવા માંડ્યો. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વખતની

સ્પર્ધાઓમાં સહભાગી થવાનું તથા રાત્રે ભજવાતાં નાટકોમાં મહત્ત્વનું પાત્ર એ આબેહૂબ ભજવતો.

રજાના દહાડે ગામના ગોંદરે એ ઝાડવે-ઝાડવે ચડતો. ગામના સીમાડાની ટેકરીઓ તો એ દોડીને ચડી જતો. વહેતાં નદી-નાળાંના પાણીમાં એ કૂદી પડતો. એનું ઉછળતું લોહી સતત ઉમંગ-ઉત્સાહને પ્રેરતું અને પાંખ વીંઝતો આત્મા મુશ્કેલ કામને પહેલું હાથ ધરવાનાં અરમાનો સેવતો. એને નિષ્ફળતાનો ભય કે હાંસીનો ડર ન હતો.

કુદરત જેને આશીર્વાદ આપવા ધારે છે, તેની અત્યંત કઠોર પરીક્ષા લે છે, મંગલ માટે પણ એવું જ થયું. તેના પિતાની તબિયત અચાનક લથડી ગઈ. ભરયુવાનીમાં કુદરતે એની દોરી ખેંચી લીધી. દીકરો બાળવયે બાપ વગરનો થઈ ગયો. સમયના સથવારે મા-દીકરાએ કમર કસી લીધી. ગામના ઘરકામનું વૈતરું કરીને મંગલને ભણાવવાનો માએ નિર્ધાર કરી લીધો હતો.

ભણવામાં શિક્ષકે આપેલા નિર્દેશોનું અક્ષરશઃ પાલન કરવા તે હંમેશાં તત્પર રહેતો. તેને પોતાના શિક્ષકના જ્ઞાન અને પ્રેરણામાં ભરપૂર શ્રદ્ધા. તેથી ભણતર અને જીવનઘડતરની કેળવણી પ્રાપ્ત થતી. આ કેળવણીથી તેનામાં વ્યક્તિ તરીકેની લાયકાત, સાચી સમજણ, ટીકાઓ પરત્વે અનાસક્તિ, માનસિક સ્વાસ્થ્ય, આત્મસંયમ, તુચ્છ વાતોનો અભાવ અને શિક્ષકમાં વિશ્વાસ જેવાં ગુણો આવ્યાં.

મંગલના વિદ્યાર્થીજીવનમાં શિક્ષણ માટેની તત્પરતા, શિસ્તનું સમુચિત પાલન, નકારાત્મક બાબતોનું દમન, માનસિક શાન્તિ અને સદ્ભાવ, નમ્રતા, સહનશીલતા વગેરનું પ્રગટીકરણ થયું હોવાથી જ્ઞાનનો ઉદય અસરકારક રીતે થયો. પાણીની ધારમાંથી પાણી પીવા માટે ઝૂકવું પડે. એ નાતે શિક્ષકના જ્ઞાનસ્રોતેથી ઝરતી વિદ્યાનું પાન કરવા તેણે વિનમ્રતા કેળવી હતી.

મનની પ્રકૃતિને પૂર્ણતઃ રૂપાંતરિત કરીને કુટેવો, કુસંસ્કારો, જીવન વ્યવહારો અને ક્રિયાકલાપોને એણે બદલી નાખ્યાં. પોતાનો અહંકાર, પૂર્વકલ્પિત ધારણાઓ, અયોગ્ય વિચારો, પૂર્વગ્રહો તથા સ્વાર્થપૂર્ણ અભિરુચિઓ વગેરેનો એણે ત્યાગ કર્યો. પોતાની અંદરના રહસ્યોને તે હંમેશાં શિક્ષક પાસે ખોલી નાખતો. એટલે તેને વધુ સહાનુભૂતિ મળતી. એના પરિણામે પોતે વધુ પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત કરતો. તેથી બુરાઈઓ તથા પ્રલોભનો છોડવામાં તે વધુ સક્ષમ બની શકયો. આમ મંગલનું જીવન ગામની નિશાળમાં ઘડાવા લાગ્યું.

દરરોજ રાત્રે મા એને વાર્તા કહેતી. એ વાર્તાઓ સાંભળવાથી એનામાં જે જીવનસાર પ્રાપ્ત થયો તેમાં એ ક્રોધ નથી કરતો, ફરિયાદો નથી કરતો, કોઈની ટીકા નથી કરતો. બદલામાં સૌમ્યતા, સહાનુભૂતિ અને અન્યની કદર કરવી એને ગમે છે.

ગામના ચોરે આવતા સાધુ-સંતોનો સત્સંગ પોતે એકચિત્તે સાંભળતો. ગામમાં ભજવાતાં રામલીલા, આખ્યાનો, નવરાત્રિ ઉત્સવોમાંથી તેનામાં સત્ય, સાદાઈ, નિયમિતતા, ચોકસાઈ અને પ્રામાણિકતા જેવાં વ્યક્તિગત મૂલ્યો ઉપરાંત સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સામાજિકન્યાય અને વ્યક્તિ સન્માન જેવાં સામાજિક મૂલ્યોનો વિકાસ થવા લાગ્યો હતો.

રામગઢના પાદરમાંથી બારેમાસ વહેતી રેવતી નદીના કાંઠે મહાદેવના મંદિરે સાયં આરતીમાં તે દરરોજ પહોંચી જતો. ત્યાં આરતી પછી ગામના આગેવાનો, અનુભવી વડીલોની બેઠક થતી. તેમાં મુખીદાદા, સરપંચ, તલકચંદ શેઠ અને મંદિરના પૂજારી સમાજજીવનની અનુભવનિષ્ઠ વાતો કરતા. એ વાતોમાંથી પણ મંગલનું અનૌપચારિક-અવિધિવત શિક્ષણ થતું. એ બધી વાતો સાંભળતાં એના કાનમાં પિતાજીના શબ્દો ગૂંજતા હતા.

પહેલી વખત જ્યારે નિશાળે મોકલ્યો ત્યારે એના પિતાજીએ ઉચ્ચારેલા શબ્દો તેને યાદ આવ્યા.

'તને એટલા માટે ભણવા બેસાડું છું કે ભણીને તું તનથી સ્વચ્છ, મનથી પવિત્ર અને બુદ્ધિથી નિર્મળ બને. એ પ્રમાણે જીવન જીવવાનું શીખીશ તો જ એ ખરી કેળવણી છે. કેળવણીને શરીર, મન અને બુદ્ધિ સાથે સંબંધ છે. એટલે એ ભણતરથી તારે એક સારી વ્યકિત બનવા માટે ભણવાનું છે.'

પિતાજીને એ વખતે મંગલે પૂછી લીધેલું.

'સારી વ્યક્તિ બનવા માટે શું કરવાનું ?'

'ભણતરથી આપણું મન કેળવીને સમાજ જેને સ્વીકારે

તેવી રીતે સમાજમાં વર્તવાનું. એવી રીતે જે વર્તે એ સારી વ્યક્તિ ગણાય. જેનું મન બેફામ રીતે વર્તે તે માણસ તરીકેના વર્તનને બદલે પશુવર્તન કહેવાય, તો એ સારી વ્યક્તિ ન ગણાય. એવાં વર્તનો એના ભણતરની ખામી ગણાય.'

પિતાજીના શબ્દોને પોતે બ્રહ્માના અક્ષર માનીને તેને અનુસરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરતો. શાળામાં ઉજવાતા રાષ્ટ્રીય પર્વોમાંથી તેને રાષ્ટ્રીયતા, રાષ્ટ્રવિધાયકોની ભાવના, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય મૂલ્યોનું શિક્ષણ પ્રાપ્ત થયું હતું.

ઔપચારિક-વિધિવત તથા અનૌપચારિક-અવિધિવત શિક્ષણ જ્યાંથી મળે છે તેવી ચાર સંસ્થાઓઃ ઘર, શાળા, સમાજ અને રાષ્ટ્ર સંદર્ભે મંગલને શિક્ષણ મળતું થયું.

૨. વિદ્યાર્થીજીવન અને ચારિત્ર્યઘડતર

એક સાંજે તે ગામને પાદરે ચાલતો જતો હતો. ગામની નિશાળના હેડમાસ્તરે તેને ઊભો રાખી મેટ્રિકના સારા પરિણામ બદલ અભિનંદન આપ્યાં અને હવે પછીના ભણતર વિશે પૂછ્યું ત્યારે પોતાને રોજીરોટીની ચિંતા હોવાનું જણાવી તે ચિંતાતુર ઊભો રહ્યો.

સાહેબે તેને પ્રેરણા અને પ્રોત્સાહનના શબ્દો કહ્યા.

'જો ભાઈ, જીવનમાં સોળથી ત્રીશ વર્ષની વયનો સમય સૌથી કીમતી છે. માનવજીવનમાં એ ગાળો સુવર્ણકાળ છે. તેથી આ સમયે જાતનું ઘડતર કરવામાં મહત્તમ કાળજી રાખવી. આ ચૌદ વર્ષમાં તમારા જીવનને તમે જેવો ઘાટ આપશો, જેવું ભણશો, જેવા સંસ્કાર પ્રાપ્ત કરશો, તે પ્રમાણે જ તમારી જિંદગી રહેશે. એ જ તમારી કાયમી મૂડી અને સમૃદ્ધિ બનશે. તેથી ધગશથી અને વિવેકપૂર્વક તમારા જીવનનું બંધારણ ઉત્તમ બનાવવા માટે વધુ ભણવાનું ચાલુ રાખો. અત્યાર સુધીના ભણતરમાં તો તમે વિજય મેળવ્યો છે. એ ગાળામાં તમારા પર જે ચરિત્રની છાપ પડી છે તેનાથી જ તમારું સારું ચારિત્ર્ય બન્યું છે.'

'સૌથી મોટી મૂડી કઈ?' મંગલે રસપૂર્વક પૂછી લીધું.

'વ્યક્તિનું ચારિત્ર્ય સૌથી મોટી મૂડી છે.'

'એ કઈ રીતે?'

'ચારિત્ર્ય સૌથી અમૂલ્ય વસ્તુ છે. ગમે તેટલી મોટી ઇમારતનો આધાર તેનો પાયો છે તેમ માનવજીવનનો આધાર તેનું ચારિત્ર્ય છે. પાયાની મજબૂતી પર જ આખી ઇમારત ટકે છે. પાયો બરાબર નાખ્યો હોય, પાયો મજબૂત હોય તો જ ઇમારત ટકશે. તે યોગ્ય હશે તો જ ઇમારતને ખૂબ ઊંચી બનાવી શકશો અને તે ટકી રહેશે. જે પાયો યોગ્યતા અનુસાર નહીં હોય તો મકાન ટકાઉ નહીં બને અને ગમે ત્યારે પડી ભાંગશે. એવું જ માનવીના ચારિત્ર્યના પાયા પર તેના સફળ જીવનરૂપી ભવ્ય ઇમારત બનતી હોય છે ને ટકતી હોય છે.'

'જીવનનો આ પાયો ક્યારે અને કઈ રીતે બંધાતો હોય છે?'

'વિદ્યાર્થીજીવન, યુવાની દરમ્યાન સુદૃઢ શરીર, મજબૂત મનોબળ, અને ઉન્નત ચારિત્ર્યની સંકલ્પશક્તિનો વિકાસ કરવાનો છે. શિક્ષણ દ્વારા યોગ્ય-અયોગ્ય, સારું-નરસું, સત્કર્મ-દુષ્કર્મ, ધર્મ-અધર્મ, સદાચાર-દુરાચાર વગેરેનો ભેદ પારખવાની ક્ષમતા પ્રાપ્ત કરવાની છે. તેના વડે સ્વાર્થપરાયણતા, અહંકાર, અભિમાન, અપ્રામાણિકતા, લોભ, મનની નબળાઈ, વિષયવાસનાની આસક્તિ વગેરે નકારાત્મક વૃત્તિઓ પર વિજય મેળવવાનો. જ્યારે સત્યપરાયણતા અને પ્રામાણિકતા કેળવી નૈતિક જીવન વ્યવહાર તથા વિષયવાસનાને નિયંત્રણમાં રાખવાથી ચારિત્ર્યનો પાયો બંધાતો હોય છે.'

'જેનું ચારિત્ર્ય સારી રીતે બંધાયું હોય એ વ્યક્તિ કેવી રીતે ઓળખાય?'

'એવી વ્યક્તિનું જીવન અને વર્તન-વ્યવહાર કેવાં છે તેના થકી ઓળખાય છે. ચરિત્રનું ઉચ્ચ ધોરણ જો કોઈ વ્યક્તિ જાળવી ન રાખે તો તે નામ અને રૂપથી માનવી હોવા છતાં પશુ સમાન ગણાય. વ્યક્તિ માનવ છે એમ તેના વર્તન-વ્યવહાર દ્વારા ઓળખાય છે. જેને પોતાની ઈન્દ્રિયો પર નિયંત્રણ, સિદ્ધાંતોના પાયા પર જીવન વ્યવહાર, નિષ્કામ, ક્રોધરહિત, વિષયવાસનાથી દૂર અને આત્મસંયમી વર્તનો હોય તેવી વ્યક્તિ સદ્ચારિત્ર્ય ધરાવનાર ગણાય.'

'સારું ચારિત્ર્ય ધરાવનારને પોતાના વ્યક્તિગત જીવનમાં ફાયદો શું થાય?'

'ચારિત્ર્યની શક્તિ વ્યક્તિત્વને આકર્ષક બનાવે છે. તે જે કોઈ કામ હાથ પર લેશે તેમાં પોતાને સફળતા મળશે. તે બધાનો આદર મેળવશે અને પ્રસિદ્ધ થશે. તેનો આગેવાન તરીકે સ્વીકાર થશે. જીવનની સફળતાનો પાયો ચારિત્ર્ય

છે. તેવી વ્યક્તિ જીવનની બધી જ મુશ્કેલીઓમાંથી પાર ઊતરે છે. જિંદગીનાં દરેક ક્ષેત્રમાં તે ઝળહળતી સફળતા મેળવે છે. ચારિત્ર્યવાન વ્યક્તિમાં સદાચાર, દૃઢ મનોબળ અને ઈન્દ્રિયવિજય જેવા આદર્શો કેળવાય છે.'

'ચારિત્ર્યની શક્તિ શાનાથી આવે છે ?'

'ચારિત્ર્યની શક્તિ આત્મસંયમથી વિકસે છે. આત્મનિયમન સિવાય ચારિત્ર્યનિર્માણ શક્ય નથી બનતું. પોતાની જાત પર નિયંત્રણ અને તેના આધાર પર થયેલું ચારિત્ર્યનું ઘડતર જ આકર્ષક વ્યક્તિત્વ અને જીવનની સફળતાનું રહસ્ય છે.'

'ચારિત્ર્યની આ શક્તિ વિકસાવવા માટે શું કરવાનું?'

'ખરાબ સોબતથી દૂર રહેવાનું છે. આગ કે ઝેર કરતાં પણ એ જીવનને વધારે નુકસાનકારક છે. અગ્નિ તો સીધો સંપર્ક થવાથી જ દઝાડે, જ્યારે ખરાબ સોબત તો દૂર ગયા પછી પણ પતન કરે છે. ઝેર તો માત્ર આ જન્મના શરીરનો નાશ કરે છે, જ્યારે ખરાબ સોબત તો અંતઃકરણના સંસ્કારને કલુષિત કરીને જન્મોજન્મ સાથે થાય છે. કેટલીક ખરાબ ટેવોથી દૂર રહેવાનું છે, જેવી કે કામવાસના, લાલસા, દૂષિત જીવનપદ્ધતિ. આ કુટેવો અન્યના અનુકરણથી પગપેસારો કરતી હોય છે. તેનું અનુકરણ કરવું એ શરમજનક અને અધમતા છે.

'એક આદર્શ ચારિત્ર્યવાન વ્યક્તિ તરીકેની જીવનપદ્ધતિ અપનાવી તેજસ્વી બનવાની મહત્ત્વાકાંક્ષા રાખવાની. ઉચ્ચ આદર્શવાદી જીવનમાં સન્માર્ગે જીવન વ્યવહાર, જીવનનો ઉત્કર્ષ, ઉદાત્ત જીવનશૈલી અપનાવવાનાં છે. વિશુદ્ધ અને પરોપકારી જીવન જીવવાનું છે. આ દરેક બાબતમાં આત્મસંયમની જ જરૂર પડે, એ પણ એક શક્તિ છે. જે શક્તિ આત્મનિયમન દ્વારા ચારિત્ર્યની રખેવાળી માટે સ્વયંશિસ્તને પ્રેરે છે. ચારિત્ર્યની શક્તિને વિકસાવવા માટે આ પ્રમાણે કરવું જરૂરી છે.'

ચારિત્ર્યઘડતરની ઘણી સારી વાતો સાહેબ પાસેથી જાણીને મંગલ પ્રભાવિત થયો. તેનામાં એક આદર્શ વ્યક્તિ બનવાની મહત્ત્વાકાંક્ષા સાહેબે જગાડી. આગળ ભણવાનો દૃઢ સંકલ્પ લઈને એ ઘેર ગયો. માને એ સંકલ્પ જણાવ્યો. ગામથી ઘણે દૂર આવેલા જિલ્લા મથકે રહીને ભણવાની વ્યવસ્થા કરવાની હતી. તે માટે ખર્ચ કરવાની કોઈ વ્યવસ્થા ન હતી. સામાજિક દૃષ્ટિએ કોઈ પ્રોત્સાહન ન હતું. માને છ મહિનાથી કેન્સરની બીમારી હતી. ઘરની આર્થિક સ્થિતિ પડી ભાંગી હતી. મહેનત-મજૂરી વડે નાણાંકીય ભંડોળ ઊભું કરવું પડે તેવી સ્થિતિ આવીને ઊભી રહી. આખું વેકેશન ગામના ખેડૂતોની ખેતી-વાડીમાં દાડિયું-દપાડિયું કરીને જરૂરી નાણાંભંડોળ એકઠું કરી લીધું.

૩. આગળ ભણવાનો દૃઢ સંકલ્પ

જિલ્લા મથક અહમદપુરમાં જેની આર્થિક સ્થિતિ નબળી હોય તેવા, ગામડાંના તેજસ્વી વિદ્યાર્થીઓને મફત રહેવા-જમવાની વ્યવસ્થાવાળી બોર્ડિંગમાં સાહેબે તેને પ્રવેશ અપાવ્યો. આગળ ભણવા માટેનાં તેનાં દ્વાર ખુલી ગયાં.

માને ગામડે એકલી રાખીને અહીં આવવાનું તેને ભારે વસમું લાગ્યું. માએ તો અત્યાર સુધી પોતાના આ એકના એક દીકરાને ભણાવવા માટે લગાતાર કાળજી રાખેલી પણ હવે તે શરીરથી અટકી હતી. છતાં હૈયાના હેતથી અને હોંશથી એટલે દૂર મંગલને ભણવા મોકલતી વખતે માને તો દીકરાનું ઉજ્જ્વળ ભવિષ્ય દેખાયું હતું.

બોર્ડિંગમાં રહીને સ્કૂલ સિવાયના સમયે મંગલે અહમદપુરમાં કમાણી થાય તેવું કામ શોધી કાઢ્યું. સવારના પાંચ વાગ્યામાં ઘરેઘરે છાપાં નાખવાં અને સાંજે આઠથી દસ દરમ્યાન પ્રિન્ટિંગ પ્રેસમાં પ્રૂફરીડર તરીકેની કામગીરી સંભાળી લીધી. મહિને દસેક હજારની આ કમાણીમાંથી આઠ હજાર તે માને મોકલતો અને વધેલી રકમમાંથી પોતાના માસિક ખર્ચ ઉપરાંત બચત પણ કરતો.

નાનપણથી જ કરકસરપૂર્વકનું જીવન જીવવાની એને ટેવ પડી ગયેલી. કારણ કે બાળપણ ઘણી કપરી પરિસ્થિતિમાં પસાર થયું હતું. કોઈ મોજશોખ નહીં, શિક્ષણ માટે કોઈ ખર્ચ કરવાની વ્યવસ્થા નહીં. છતાં એ મક્કમતાથી ભણતો હતો. તેનું લક્ષ્ય માત્ર ભણવામાં જ સ્થિર થયેલું હતું. વાચન માટે ઘરે કોઈ સુવિધા ન હતી. વીજળીની વ્યવસ્થા ન હોવાથી કરોસીનના દીવે રાત્રિવાચન કરવું પડતું. રજાના દિવસે ખેત-મજૂરી કરવા જવાનું. નિશાળે પહેરી

જવાનો એક જ જોડી ગણવેશ, જે રજાના દિવસે જાતે ધોવાનો. કપડું ફાટે તો સાંધીને કે થીગડું મારીને પહેરવાનું. કોઈના તરફથી મદદ મળે તો નોટબુક, પેન, પેન્સિલ, પુસ્તકો વગેરે લેવાનાં; અન્યથા બીજાનાં પુસ્તકોનો ઉપયોગ કરવાનો. માની નાદુરસ્ત તબિયતના લીધે મોટાભાગનું ઘરકામ પણ કરવાનું. શાળામાંથી યોજાતા પ્રવાસમાં જવાની ઇચ્છા થાય પણ તે માટેની ફી ભરવાનો વેંત ન હોવાથી મનમાં મૂંઝાવાનું ને ખૂણે-ખાંચરે બેસીને રડી લેવાનું. જાતમહેનત અને સ્વબળે જ વિકસવાનું, કોઈનો સધિયારો ન મળે. ક્યારેય મોજશોખ ખાતર પૈસા વાપરવાના નહીં. માત્ર ભણવા માટે જ જીવવાનું. નવાં કપડાં, બૂટ-ચપ્પલ લેવાની ઇચ્છા થાય પણ ઉઘાડા પગે અને થીગડાંવાળાં કપડે ભણવા જવાનું થતું.

અહમદપુરની મંગલમ્ વિદ્યાવિહારના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજ્ઞાનપ્રવાહમાં આ તરૂણનો પિંડ ઘડાવા માંડ્યો. તેની તેજસ્વિતા અને ચારિત્ર્યને અહીં આદર મળ્યો. વત્સલ શિક્ષકો તેની નબળી આર્થિક-સામાજિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સતત પ્રેરણા-પ્રોત્સાહન આપવા લાગ્યા. તેની વિદ્યાર્થી-વ્યક્તિ તરીકેની ઉત્તમ પાત્રતાથી પ્રભાવિત શાળાપરિવાર હંમેશાં મદદરૂપ થવા તત્પર હતો. તેની શૈક્ષણિક સિદ્ધિ અને ભાવિ કારકિર્દી માટે ચિંતા કરનારા શિક્ષકોએ વડીલ જેવી ભૂમિકા અદા કરી.

પાંચમી સપ્ટેમ્બરે આ સ્કૂલમાં યોજાયેલ સ્વયંશિક્ષકદિન વખતે ઉપલા ધોરણમાં ગુજરાતી, સંસ્કૃત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન જેવા વિષયો ભણાવ્યા અને તે દિવસે સ્કૂલના આચાર્ય તરીકે શાળાસંચાલનની જવાબદારી તેણે સંભાળી. પોતાને મળેલી આ તકથી તેને ખૂબ જ આનંદ થયેલો.

એ જ વખતે ગામડેથી તાબડતોબ તેને લેવા માટે સરપંચ આવી પહોંચ્યા. પથારીવશ તેની માને ગામલોકો સાચવતા હતા. મંગલને લઈને નીકળેલા સરપંચ ખપ પૂરતું જ અને વિલું મોં રાખીને બોલતા હોવાથી પોતાને આઘાતનો અણસાર આવી ગયો હતો. છતાં માને જોવા તે અંદરથી અકળાતો હતો.

મંગલની ઉન્નત બનતી જતી શૈક્ષણિક કારકિર્દીના આરંભે જ માએ વિદાય લીધી. ઘરમાં તેને રસોઈ બનાવીને જમાડનારું હવે કોઈ ન રહ્યું. મા અને બાપ બન્નેની હૂંફ છિનવાઈ ગઈ. હવે કોના અરમાનો સાકાર કરવા માટે ભણવાનું, એ દ્વિધામાં પોતે મૂકાયો હતો. માબાપની ગેરહાજરીમાં પોતાનો વિકાસ કરવાનો હતો. અત્યારે તે પોતે નિરાધાર હોવાનો એહસાસ કરતો હતો. માને પોતે જે રકમ મોકલતો એ ઉપરાંત કેન્સરની મોંઘીદાટ દવાઓ પાછળ થયેલા ખર્ચનાં નાણાં માએ ગામના વેપારી પાસેથી વ્યાજે લીધેલાં. એ લેણું ભરવામાં પોતાની કમાણીની પૂરેપૂરી રકમ દર મહિને તે વેપારીને મોકલવાના નિર્ધાર સાથે અહમદપુર પરત ફર્યો.

'નિર્બળકે બલરામ' એવી સમજણ સાથેની આત્મશક્તિએ તેને સંભાળી લીધો. દુઃખની સ્થિતિમાંથી એ બહાર આવ્યો. પોતાની આવડત, સૂઝ અને શક્તિથી તેણે ભણતર સહિત અહમદપુરનો કારોબાર જાળવી રાખ્યો. છતાં ઘરમાંથી કોઈના આધાર વગરના એક નિરાધારને સમાજ દ્વારા જે સહન કરવું પડે તે આ અવસ્થાએ તેણે અનુભવ્યું. બુદ્ધિપૂર્વકની પ્રયુક્તિથી તેની પાસેથી કામ લીધા પછી કોઈ બદલો ન આપનારા માણસોનો એને અનુભવ થતો. પોતે તૈયાર કરેલી અભ્યાસનોંધ કોઈ સાથી મિત્રો તફડાવી ગયા હોય તેવુંય બનતું. કોઈને મદદ કે સેવાના ભાવથી કરેલાં કામનો અપયશ મળ્યાના પ્રસંગો પણ બન્યા. પ્રતિષ્ઠિત-ધનાઢ્ય લોકોનાં સંતાનો દ્વારા અવગણના થવા પામી હોય તેવુંય બન્યું. ક્યારેક તો સમાજની વચ્ચે લાચારીનો અનુભવ પણ થયો છે. છતાં માબાપ તથા પ્રેરણામૂર્તિઓના સંસ્કારોથી ઘડાયેલું તેનું ચારિત્ર્ય શ્રદ્ધાપૂર્વક વ્યક્તિત્વ વિકસાવી રહ્યું હતું. ખોટું ન કરવું, સદાચાર જાળવી રાખવો, નીતિથી વ્યવહાર કરવો, સ્વમાન જાળવી રાખવું વગેરે બાબતો જીવનમાં સાથે રાખીને કપરી પરિસ્થિતિનો હસતા મુખે સામનો કર્યો. તદ્દન સાદું જીવન અને સખત પરિશ્રમથી એ જીવી રહ્યો હતો. સ્વાશ્રય અને સંયમ એ બે એના ચારિત્ર્યનાં ફેફસાં હતાં.

**ક્રમશ...**

## (૦૮) અદેખાઈને આઘી રાખો

- રણછોડ શાહ

"સ્વપ્ન સાચાં ન પડેએવું નથી,
એમ સમજાવી મને હું છેતરું છું.
સાવ હળવું ફૂલ હૈયું રાખવાને
દુશ્મનો માટેય હું દુવા કરું છું."

- કિશોર બારોટ

માનવ સ્વભાવે સદ્‌ગુણો અને દુર્ગુણોથી સભર હોય છે. સારી ટેવો વિકસાવવા માટે પ્રયત્ન કરવો પડે છે. સારા અને ઈર્ષામુક્ત સ્વભાવનું ઘડતર કરવા માટે ખૂબ મહેનત કરવી પડે છે. અન્યનો મહેલ જોઈ પોતાનું ઝૂંપડું તોડી પાડનારને પસ્તાવું પડે છે. બિનતંદુરસ્ત સ્પર્ધા, અદેખાઈ, ડંખીલો સ્વભાવ અને તોછડી વાતચીત કરવાની ટેવ કે સ્વભાવવાળો માણસ વિનાશને આમંત્રણ આપે છે. આ તમામ મર્યાદાઓ દૂર કરવા સતત અને સખત પ્રયત્નો કરવા પડે છે. જે વ્યક્તિમાં દુર્ગુણોનો ભંડાર હોય તેને સમાજ સ્વીકારતો નથી. આ કુટેવો તરફ પરિચિતો ક્યારેક ધ્યાન ખેંચે તો અભિમાનમાં ચકચૂર વ્યક્તિ ભાગ્યે જ તે તરફ ધ્યાન આપવા પ્રયત્ન કરે છે. ખરાબ ટેવો સહેલાઈથી જીવન સાથે જોડાઈ જાય છે અને સુટેવોના ઘડતર માટે ભારે પરિશ્રમ કરવો પડે છે. અન્યો સાથે સરખામણી કરવાથી પોતાનું હોય તે પણ જતું રહે છે, તેવું સમજવામાં ખૂબ મોડું થઈ જાય છે.

એક જંગલમાં કાગડો રહેતો હતો. તે એક ઝાડ ઉપર માળો બનાવી તેના કુટુંબ સાથે મોજમજામાં દિવસો વિતાવી રહ્યો હતો. તેને તમામ પ્રાથમિક જરૂરિયાતો અત્યંત સહેલાઈથી પ્રાપ્ત થઈ જતી હતી. એક દિવસ તેણે રાજહંસને જોયો. તેનો દૂધ જેવો સફેદ રંગ જોઈ કાગડાભાઈ બોલી પડ્યા, "અરે! પ્રભુ, તું કેવો પક્ષપાતી છે ? પેલા રાજહંસને રૂપરૂપના અંબાર જેવો રૂડોરૂપાળો શ્વેત રંગ આપ્યો. તો પછી મને કાળા રંગનો શા માટે બનાવ્યો ? મને લાગે છે કે આ દુનિયામાં સૌથી વધુ સુંદર અને સુખી રાજહંસ જ છે." કાગડો પોતાની જાતે જ પોતાનું અવમૂલ્યન કરવામાં લાગી ગયો. તે દુઃખી દુઃખી થઈ ગયો.

એક દિવસ તે રાજહંસ પાસે ગયો. તેણે રાજહંસના મુક્ત કંઠે વખાણ કર્યાં. તેને લાગ્યું કે તે ખુશખુશ થઈ જશે. પરંતુ તેને બદલે રાજહંસે નિરાશાના સુરમાં કહ્યું, "ના, ભાઈ ના. હું કંઈ રૂપાળો કે સુખી નથી. મારા કરતાં તો પોપટ કેટલો સુંદર અને આકર્ષક છે. પ્રભુએ તો તેને બે રંગ આપી સૌથી મોટી સુંદરતા બક્ષી છે. તે આ દુનિયામાં સૌથી સુંદર પક્ષી છે. તેની આગળ મારી તો કોઈ ગણતરી નથી." કાગડો તો ઝંખવાણો પડી ગયો. તેને લાગ્યું 'રાજહંસની વાત સાચી છે.'

ત્યાર બાદ કાગડો ઊડતો ઊડતો એક વૃક્ષ ઉપર બેઠેલા પોપટને મળવા ગયો. તેણે પોપટનાં મોંફાટ વખાણ કર્યાં. આ પૃથ્વી ઉપર તે સૌથી મનોહર અને સોહામણો છે, તેમ જણાવ્યું. પરંતુ પોપટે તો કાગડાને કહ્યું, "ના, એવું નથી. મારા કરતાં વધારે સુંદર તો મોર છે. મારામાં તો બે જ રંગ છે, પરંતુ તે તો બહુરંગી છે. વળી, તે તો કળા પણ કરી શકે છે." કાગડો નિરાશ થઈ ગયો. તેને થયું, શું મોર સૌથી સુંદર છે ?

કાગડો એકદમ ઝડપથી ઊડીને પ્રાણી સંગ્રહાલયમાં રહેતા મોરને મળવા ઊપડી ગયો. કાગડાએ જોયું તો હજારો લોકો મોરને જોવા માટે ઊમટી પડ્યા હતા. તે તો આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે મોરને કહ્યું, "તમે તો આ જગતમાં સૌથી સુંદર પક્ષી છો અને તેથી રોજ તમને જોવા માટે હજારો લોકો આવે છે. તમે તો ખૂબ નસીબદાર છો. જ્યારે લોકો મને જોઈને તો ભાગી જાય છે. હું કેવો કમનસીબ છું. મને લાગે છે, આ વિશ્વમાં સૌથી વિશેષ કોઈ સુખી હોય તો તે આપ જ છો."

પાંજરામાં રહેલા મોરે કળા કરતાં કરતાં કાગડાને જવાબ આપ્યો, "અફસોસ ! અત્યાર સુધી તમે કહ્યું, તેવું

જ હું માનતો હતો. મને લાગતું હતું કે આ વિશ્વમાં સૌથી સુંદર અને સુખી હું જ છું. પરંતુ મારી સુંદરતાને કારણે તો મારે પ્રાણીસંગ્રહાલયના પાંજરામાં પુરાઈ રહેવું પડ્યું છે. સાચી વાત તો કાગડાભાઈ એ છે, કે આ વિશ્વમાં તમે જ સૌથી વિશેષ સુખી છો, તમે સ્વતંત્ર છો. અમે તો ગુલામ છીએ. જો હું પણ તમારી જેમ કાગડો હોત તો આ દુનિયામાં ગમે ત્યાં સુખચેનથી વિહરી શકતો હોત ને ?''

"નિસાસાની ચાદર હું વણતો નથી,
કે વેરાગીના મંત્ર ભણતો નથી,
વસંતોમાં વિશ્વાસ રાખ્યો છે મેં,
કદી પાન તૂટેલાં ગણતો નથી.''
-હેમેન શાહ

મનુષ્ય જીવનની આ જ તો સર્વોચ્ચ કઠણાઈ છે. આ એક મહત્ત્વની સમસ્યા છે. અન્યો સાથે બિનજરૂરી સરખામણી કરી ઉદાસીને આમંત્રણ આપવામાં આવે છે. ક્યારેય બે વ્યક્તિઓ, સંજોગો, સંબંધો કે પ્રસંગો એક સરખા હોઈ શકે જ નહીં. જ્યારથી સરખામણીની શરૂઆત થાય, ત્યારથી જ નિરાશા, દુઃખ, તાણ અને તંગદિલી જીવનમાં પ્રવેશી જાય છે. ત્યાર બાદ ગમે તેટલી સુખની પળો આવે તે દુઃખમાં જ ફેરવાઈ જાય છે. પ્રત્યેક વ્યક્તિ અને પરિસ્થિતિ અનન્ય, અજોડ, અદ્વિતીય અને અનોખી હોય છે. ઈશ્વરે કોઈપણ બે બાબતો સરખી બનાવી નથી. તો પછી માનવે શા માટે સરખામણીની પળોજણ વહોરી લેવાની ?

"પ્રકૃતિએ જે દીધું તે સ્વીકારીને ચાલવાનું
પશુ અને પંખીઓનો એ જ તો સ્વભાવ છે !
એ જ સમજાય ના કે શાને કાજે માનવીમાં
સાવ સાદા લાગતા આ ગુણોનો અભાવ છે?''
-ઉર્વીશ વસાવડા

જ્યારે તમે ભોજન બાબતે ફરિયાદ કરો છો, ત્યારે ક્યારેય વિચારો છો ખરા કે; આ વિશ્વમાં લાખો લોકોના ભાગ્યમાં બે ટંકનું જમણ પણ નસીબ હોતું નથી. સેંકડો લોકોને અનેક દિવસો અને રાત્રીઓ ભૂખ્યા પેટે વિતાવવી પડે છે. જ્યારે માતાપિતા વિશે અસંતોષની લાગણી વ્યક્ત કરો છો, ત્યારે વિચારો છો ખરા કે; આ વિશ્વમાં ઘણાં બાળકો અનાથ છે. તેઓ મમ્મી-પપ્પાનો પ્રેમ પણ પામી શક્યાં નથી. તેઓએ તેમની છત્રછાયા વિના ટળવળતા જિંદગી વિતાવવી પડી છે.

જ્યારે પોતાના ઘર વિશે ફરિયાદોનો ઢગલો કરી દો છો, ત્યારે ઘર વિનાના રસ્તા ઉપર સૂતા લોકો વિશે કલ્પના કરો છો ખરા ? ફૂટપાથ ઉપર રાત પસાર કરતાં હજારો લોકોની પાસે પંખો, મચ્છરદાની કે પલંગની સવલત કયાં હોય છે ? નાનકડું ઘર પણ હોતું નથી. સેંકડો લોકો ખુલ્લા આકાશ નીચે રાત્રી પસાર કરે છે. ચોમાસામાં વરસતા વરસાદ અને ઉનાળામાં ચામડી સળગાવી નાંખે તેવી ગરમીમાં સમગ્ર જિંદગી વિતાવવી પડે છે. બસમાં બેસીએ ત્યારે ઇચ્છિત જગ્યાએ પહોંચવામાં થોડું મોડું થાય તો પણ ખૂબ કંટાળો આવે છે. તે બાબત બસના ડ્રાઇવર અને કંડક્ટરને ફરિયાદ કરી આપણે ઊકળી ઊઠી તેને અકળાવી નાંખીએ છીએ. પરંતુ ત્યારે આટલું જ અંતર પગપાળા કાપતા મુસાફરો બાબતે ચિંતા થાય છે ખરી ? બસની સવલત પામ્યાનો આનંદ પ્રાપ્ત કરવાને બદલે મુસાફરીને કંટાળાજનક બનાવી દેતાં સહેજ પણ વિચાર આવતો નથી. અન્યોની અસુવિધાનો વિચાર કરીએ તો જ ઉપલબ્ધ સવલતનો આનંદ પ્રાપ્ત થઈ શકે. સતત પરમ કૃપાળુ પરમાત્માનો ધન્યવાદ વ્યક્ત કરવો જોઈએ કે તેણે અન્યોની સરખામણીએ ઘણું વિશેષ આપ્યું છે. ભગવાન ... તારો ખૂબ... ખૂબ... આભાર...

આચમન : "જીવનના તેજને મૃત્યુની છાયા,
સ્નેહની સુધાને આંસુડાંની ધારા,
ગૂંથો ગૂંથો એ ફૂલડાંની માળા !
ગૂંથો માળાને ફૂલ વીણો ફરી !
ફૂલછાબ આજ મારી ફૂલે ભરી હો !''
- સ્નેહરશ્મિ

●---------●●●--------●●●---------●

ઍમિટી સ્કૂલ, ભરૂચ, સંપર્કસૂત્ર : ૯૯૭૯૯૮૬૧૬૩૧

## (૦૯) સંસ્થા સમાચાર - ફેબ્રુઆરીઃ ૨૦૨૦

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૧થી ૧૮ સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની કેન્દ્રનિવાસ મુલાકાતે કાર્યકરો જુદી જુદી સંસ્થાઓ, એન.જી.ઓ., કંપનીઓ વગેરેની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૦૨ના રોજ લોકવિદ્યાલય, વાળુકડ મુકામે યોજાયેલ ટીસ્યુ લેબના પ્રારંભ પ્રસંગે હાજરી આપવા માટે શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- લોકભારતીમાં દયાળસરની અંદરનું પાણી લીકેઝ થઈને પાળામાંથી વહી જતું હોવાથી, દયાળસરને બાયપાસ કરી, અંદરનું તળિયું લેવલ કરી, તેમાં ફળ-ઝાડનું પ્લાન્ટેશન કરવાનું વિચાર્યું છે. આ માટે તા.૦૨ના રોજ લો.ભા.ના પૂર્વ વિદ્યાર્થી શ્રી હીરજીભાઈ ભીંગરાડિયા અને શ્રી ગોદાવરીબહેન માર્ગદર્શન આપવા અર્થે આવી ગયાં.
- તા.૦૪ના રોજ લોકભારતીનાં શુભેચ્છક શ્રી સંજય-તુલા આવી ગયાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પરેશભાઈ રાઠોડ ઉતર બંગા કૃષિ વિશ્વવિદ્યાલય(પં.બંગાલ)માં ખેડૂતોની આવક વધારવા માટેની તાલીમમાં ભાગ લેવા માટે તા. ૦૪થી ૧૩ સુધી જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ-૨૨૯નો ૩૭ તલાટીઓથી પ્રારંભ થયો. તા.૦૬ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ઉદ્ઘાટન કર્યું.
- તા.૦૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની આગામી વર્ષ ૨૦૨૦-૨૧ની કામગીરીના આયોજન માટે શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ પદે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ ગઈ.
- વિશ્વભરમાં શાંતિ અને અહિંસા માટે પ્રવૃત્ત સ્વૈચ્છિક સંસ્થા 'સર્વીસ સ્પેસ'ના મેક્સિકો સ્થિત અને વિશ્વભરમાં શાંતિ અને અહિંસા માટે ફરી રહ્યા છે તેવા પ્રતિનિધિ શ્રી પાંચોને લઈને વડોદરાનાં શ્રી જિજ્ઞાસાબહેન તા.૦૭મીના રોજ લોકભારતીની બે દિવસીય પરિચય મુલાકાતે આવી ગયાં.
- પૂ. મોરારિબાપુ જ્યારે જ્યારે લોકભારતીની આજુબાજુથી પસાર થાય છે ત્યારે લોકભારતી આવવાનું ચૂક્તા નથી. તા.૦૭મીના રોજ ઓચિંતા જ તેઓ આંદામાન-નિકોબારની કથામાંથી પાછા ફરતાં ભાવનગર એરપોર્ટથી સેંજળધામ જતાં વચ્ચે લોકભારતી થોડી વાર માટે આવી પહોંચ્યા. સાયં પ્રાર્થના પછી સૌ તેમના દર્શન કરવા મહેમાનઘરની પાસે એકઠા થઈ ગયા અને સૌએ થોડી પવિત્ર પળો માણી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ ને ૨૯ના રોજ શ્રી યાકુબભાઈ કોઠારિયા તાલીમાર્થીઓ સમક્ષ યોજનાકીય માહિતી તથા નોકરી દરમિયાન ઉદ્ભવતા પ્રશ્નોના સમાધાન વિષયે રસપૂર્વક વ્યાખ્યાન આપી ગયા.
- સાયલા મુકામે રાજસોભાગ આશ્રમ('પ્રેમની પરબ') નામે અનૌપચારિક શિક્ષણની બહુ સરસ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ સ્વૈચ્છિક સંસ્થાના શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસે સાયલા અને સુરેન્દ્રનગર આજુબાજુની શાળાઓનાં શિક્ષકો-શિક્ષિકાઓની એક શિબિર તા.૦૮ અને ૦૯ બે દિવસ લોકભારતીના ભાવાવરણમાં રાખી. તેમાં શ્રી અરુણભાઈ દવેએ પ્રેરણાત્મક પ્રવચન આપ્યું.

- તા. ૦૯ના રોજ શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ અને શ્રી વિઠ્ઠલભાઈ સવાણીએ અધ્યાપન મંદિરમાં શિક્ષકની પ્રતિબદ્ધતા વિષયક વાતો કરી.
- તા.૯થી ૧૦ રોજ સૂર્યા ઈન્ટરનેશનલ સ્કૂલ, પેટલાદ મુકામે યોજાયેલ બાલમેળામાં વિજ્ઞાનના પ્રયોગો અને પપેટ શૉ નિદર્શન માટે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ જઈ આવ્યા.
- હિંદી પ્રચાર અને પ્રસાર સાથે જોડાયેલા શિક્ષકો-કાર્યકરોનું એક મિલન તા.૦૯ના રોજ રાજકોટ મુકામે યોજાઈ ગયું, તેમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહ્યા.
- તા.૧૨ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ માઈધાર મુકામે 'બ્રહ્માંડ દર્શન' અને રાત્રે 'આકાશદર્શન' કરાવ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ કયાડા તા. ૧૩ના રોજ ડી.એમ.એલ.સી.ની મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- તા.૧૪ના રોજ તમામ વિદ્યાર્થીઓ અને પરિવાર સમક્ષ ગાંધી તીર્થ, જલગાંવ-મહારાષ્ટ્રથી આવેલ શ્રી અશ્વિનભાઈ ઝાલાએ પ્રાસંગિક વાતો કરી.
- એ.બી.પી. અસ્મિતા ન્યુઝ ચેનલ દ્વારા તા.૧૫મીના રોજ અમદાવાદ મુકામે ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શ્રી રઘુવીરભાઈ ચૌધરીનું તથા શ્રી અરુણભાઈ દવેનું સન્માન કરવામાં આવ્યું. બંને વડીલોને શુભેચ્છાઓ.
- તા.૧૬ના રોજ અધ્યાપન મંદિરમાં વસંતોત્સવ-સ્વયંપાકનું આયોજન કરવામાં આવ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ તાલીમાર્થીઓ અને શ્રી જીવનભાઈ જોગરાણા શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છકો શ્રી અશોકરાવ વિદ્વાંસ અને શ્રી જીવરાજભાઈ સુતરિયા તા.૧૭ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા. ૧૮ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ ત્રિવેણી તીર્થ ઉત્તર બુનિયાદી વિદ્યાલય-કળસારની મુલાકાતે શ્રી અશોકભાઈ વિદ્વાંસ, શ્રી જીવરાજભાઈ સુતરિયા અને ગ્રામદક્ષિણા મૂર્તિ-આંબલાના આચાર્ય શ્રી વાઘજીભાઈ કરમટિયા સાથે જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૮ના રોજ સંવિધાન જાગૃતિ દિવસની ઉજવણી ખડસલિયા મુકામે કરવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ તાલીમાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ શ્રી અરુણભાઈ દવેની શુભેચ્છા સાથે યોજાઈ ગયો.
- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે ISRO(Indian Space Research Organization) દ્વારા લોકભારતીના આંગણે લોકવિજ્ઞાન કેન્દ્ર અને લોકભારતી અધ્યાપન મંદિરના સંયુક્ત આયોજનમાં એક વિશાળ સ્પેસ એક્ઝીબિશન તારીખ ૨૦થી ૨૨ દરમિયાન યોજાઈ ગયું. એક્ઝીબિશનનો પ્રારંભ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વ્યાસ સાહેબના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો. અધ્યાપન મંદિરનાં તાલીમાર્થીઓએ સમગ્ર વ્યવસ્થાઓ સંભાળી. એક્ઝીબિશનમાં બીજા વર્ષના તાલીમાર્થીઓ અગાઉથી આ અંગેની તાલીમ મેળવીને સ્પેસ એક્ઝીબિશનના એક-એક ઈન્સ્ટ્રુમેન્ટ્સ વિશે મુલાકાતીઓને બહુ ઊંડાણપૂર્વક જે રીતે સમજાવતા હતા તે જોઈને બહારના મુલાકાતીઓને એમ લાગતું હતું કે જાણે આ સમજાવનારાઓ વૈજ્ઞાનિકો છે ! એક્ઝીબિશન ઉપરાંત સ્પેસ અંગેની વીડિયો ક્લિપ્સ, વૈજ્ઞાનિકો સાથેની પ્રશ્નોત્તરી, ચિત્ર સ્પર્ધા, વૈજ્ઞાનિક રમતો, મોજીલા શિક્ષણની વિધવિધ પ્રવૃત્તિઓ વગેરે પણ સમાંતરે ચાલ્યાં. ઈસરોના વૈજ્ઞાનિકો શ્રી સતીષ રાવ, શ્રી દીપક પંડ્યા, શ્રી ભગીરથ માંકડ અને

તેની સમગ્ર ટીમે બહુ ઉત્સાહપૂર્વક બધું ગોઠવ્યું. શ્રી હસમુખભાઈ દેવમુરારિના માર્ગદર્શનમાં શ્રી ભાવનાબહેન પાઠકની નિગરાનીમાં પૂરી ટીમે ટીમસ્પીરીટથી આ કાર્ય પાર પાડ્યું. આજુબાજુની ૧૨૯ શાળાઓના ૬૪૫૨ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન બહુ રસપૂર્વક નીહાળ્યું. આ સાથે એક ફરતું અંતરિક્ષ બસ-પ્રદર્શન(Exhibition on Wheels) પણ રાખવામાં આવેલું, જેનો આજુબાજુના ચાર તાલુકાઓની ૫૫ શાળાઓના લગભગ ૮૦૦૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો.

- તા. ૨૦થી ૨૨ દરમિયાન લોકભારતીમાં યોજાયેલ ઇસરો પ્રદર્શનના આયોજન અને અમલમાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ તેમજ કાર્યકરોની સક્રિય ભાગીદારી રહી. ઇસરો પ્રદર્શન માટેના અભિમુખતા કાર્યક્રમમાં શ્રી અરુણભાઈએ અંતરિક્ષની રસપ્રદ વાતો કરી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તળાજા તાલુકાના રામપરા મુકામે ઘઉં પાકનો ફિલ્ડ ડે તા. ૨૦ના રોજ યોજાઈ ગયો.
- તા.૨૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ આંબલા, વળાવડ તેમજ ચામુંડા નર્સરીની વિષય શિક્ષણના ભાગરૂપે મુલાકાતે જઈ આવ્યા. તેઓએ સર્વોત્તમ ડેરી-સિહોરની મુલાકાત પણ લીધી. તેઓની સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી જોડાયા.
- 'સ્વદીપ' સંસ્થા દ્વારા રાજુલા અને જાફરાબાદ વિસ્તારની આંગણવાડી વર્કર્સની વીશેક બહેનોની એક ટીમ 'એક્સ્પોઝર વિઝિટ'માં તા.૨૨ અને ૨૩ના શ્રી સ્નેહાબહેન ક્રિસ્ટીની આગેવાની નીચે લોકભારતી પરિચય અર્થે આવી ગઈ.
- દર વર્ષે યોજાતી સાહસ દોડ આ વર્ષે તા.૨૩ના રોજ લોકભારતીથી મુનિ આશ્રમ-હડમતિયા સુધીની યોજાઈ ગઈ. તેમાં બધા વિભાગોનાં વિદ્યાર્થીઓ, કાર્યકરો અને પરિવારજનોએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો. સમગ્ર આયોજન ગૃહપતિમંડળના તમામ સભ્યોએ બધા સભ્યોની મદદ લઈને કર્યું.
- તા. ૨૫થી ૨૮ દરમિયાન અધ્યાપન મંદિરના બંને વર્ષના તાલીમાર્થીઓના વાર્ષિક પાઠ આંબલા પ્રાથમિક શાળામાં યોજાઈ ગયા.
- તા.૨૬ના રોજ સમગ્ર લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન વિષય શિક્ષણના ભાગરૂપે ઉપસ્થિત થયેલ પ્રશ્નોને લેખિત સ્વરૂપે આપવા માટેનો વર્કશોપ યોજાઈ ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૬ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ ૨૩૦નો કુલ ૩૨ તાલીમાર્થીઓથી પ્રારંભ થયો. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ઉદ્‌ઘાટન બેઠકમાં પ્રાસંગિક સંબોધન કર્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૨૮થી ૩ દિવસ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રની રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૭ તાલીમ વિવિધ ગામોમાં યોજાઈ જેમાં ૧૮૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૫ વ્યાખ્યાન યોજાયાં. તેમજ ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૪૮૯ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું. તેમજ મોબાઇલ મેસેજથી ૩૮૮૨૯ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં ભૂતપૂર્વ તાલીમાર્થી શ્રી ફારૂકભાઈ મુલતાણીએ રૂા. ૧૨૫૦નાં પુસ્તકો ભેટ આપ્યાં.
- શ્રી અરુણભાઈ દવે, તા. ૧,૫ અને ૧૧ માઈધાર

જઈ આવ્યા. તા. ૭મીએ વિજ્ઞાનનગરી ભાવનગર ખાતે બાળ વિજ્ઞાન સાહિત્યમાં મૌલિકતા વિષેના સેમિનારમાં ચાવીરૂપ વ્યાખ્યાન અને તા. ૯મી એ સૌ.ર.સ. રાજકોટ ખાતે હિન્દી પ્રચાર સમિતિના વાર્ષિક સંમેલનમાં પ્રાસંગિક સંબોધન કરી આવ્યા. તા. ૧૦મીએ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને તા.૧૧ સિદ્ધેશ્વર કેળવણી મંડળ ટીમાણાના વાલી સંમેલનમાં પ્રમુખીય પ્રવચનો આપ્યા. તા. ૧૫મી એ એ.બી.પી.અસ્મિતા તરફથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્‌હસ્તે અમદાવાદ ખાતે સન્માનપત્ર મેળવ્યું. તા. ૨૧મીએ મણાર-બેલા-માઈધાર અને તા. ૨૮મી એ વિજ્ઞાન નગરી ભાવનગર ખાતે વહીવટી બેઠકોમાં હાજરી આપી આવ્યા. તા. ૨૯મીએ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે ધો.૧૦-૧૨ના શુભેચ્છા કાર્યક્રમમાં માર્ગદર્શન આપી નવાં થઈ રહેલાં બાંધકામોનું ભૂમિપુજન અને નિરીક્ષણ કર્યું.

**આંબલા સમાચાર**

- તા.૦૮ના રોજ મેક્સિકોથી શ્રી પાંચાભાઈ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૧૦ના રોજ વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. તેમાં શ્રી અરુણભાઈએ માર્ગદર્શન આપ્યું. મોટી સંખ્યામાં સૌ વાલીઓ હાજર રહ્યા.
- તા.૧૪ના રોજ રમતોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં ઊંચી કૂદ, લાંબી કૂદ, દોરડા ખેંચ, દોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, માટલા ફોડ વગેરે જેવી રમતો રાખવામાં આવી. સૌ કાર્યકર તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા.૧૫ના રોજ વડનગરથી સહકારી મંડળીના ૫૫ સભાસદો ભાઈઓ-બહેનોનું એક જૂથ સંસ્થા મુલાકાતે આવી ગયું.
- તા.૧૧ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી રાજુભાઈ વાળા ગૃહપતિ, રસોઈયા તથા ચોકીદારના ઈન્ટરવ્યુ માટે મણાર જઈ આવ્યા.
- તા.૧૮ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી રાજુભાઈ વાળા કળસાર સંસ્થાની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૧૬થી ૨૨ કુલ સાત દિવસ એન.એસ.એસ. ખાસ વાર્ષિક શિબિર સિહોર તાલુકાના ધ્રુપકા ગામ ખાતે યોજાઈ. જેમાં ઉદ્‌ઘાટનમાં ડૉ. ભાવનાબહેન પાઠક તથા સમાપનમાં સોનગઢ પી.એસ.આઈ. શ્રી ધર્મેન્દ્રસિંહજી વાઘેલા આવ્યાં. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' વિષય પર શ્રી જગદીશભાઈ ત્રિવેદી, શ્રી હિમાંશુભાઈ, શ્રી અમિતભાઈ, શ્રી હિંમતભાઈ વગેરેએ વકતવ્ય આપ્યાં. સાથે સાથે યોગશિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં પતંજલિ યોગ પ્રચારક શ્રી જિજ્ઞેશભાઈ આવ્યા. ગ્રામસફાઈ, ભીંતસૂત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યસન મુક્તિ, પ્રદર્શન વગેરે કાર્યક્રમ ઉત્સાહભેર ધો.૧૧ના ભાઈઓ-બહેનોએ કર્યાં. શ્રી વાઘજીભાઈ, શ્રી ગૌરાંગભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી સુરેશભાઈ તથા શ્રી મહંમદભાઈ દ્વારા સતત માર્ગદર્શન મળ્યું.
- તા.૨૯ના રોજ ધો.૧૦-૧૨ તથા શ્રી અશોકભાઈ મહેતાનો વિદાય તથા શુભેચ્છા સમારંભ રાખવામાં આવ્યો. જેમાં શ્રી સ્વરૂપાનંદજી સ્વામી, શ્રી લાલજીભાઈ, શ્રી અરુણભાઈ દવે, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી સુરસંગભાઈ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી. ભૂતપૂર્વ કાર્યકર તથા સૌ વિદ્યાર્થીઓને પણ શુભેચ્છાઓ આપવામાં આવી.

**મણાર સમાચાર**

- વિદ્યાર્થીમિંત્રી મંડળ આયોજિત સ્વયંપાક કાર્યક્રમ

તા. ૧૪ના રોજ યોજાઈ ગયો.

- ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓની એક બેઠક તા. ૧૬ના રોજ યોજાઈ ગઈ.
- તા.૧૮થી ૨૪ના રોજ કઠવા પ્રાથમિક શાળા વાડી વિસ્તારમાં એન.એન.એસ. શિબિર યોજાઈ ગઈ. જેમાં સ્મશાન સફાઈ, ભીંત સૂત્ર લેખન, પ્રભાત ફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયાં.
- તા.૨૧ના રોજ લોકશાળા મણારમાં નવા કન્યા છાત્રાલયનું ભૂમિ પુજન ધો. ૯ની દીકરી દીહોરા મમતાબહેન, શ્રી અરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચૌહાણ તથા શ્રી ડાયાભાઈ ડાંગરના હસ્તે કરવામાં આવ્યું.
- તા.૨૮ના રોજ ધો.૧૦નો અને ધો.૧૨નો શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં શ્રી કુણાલભાઈ કક્કડે સંગીત શૈલીમાં વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અને શિક્ષકોએ પણ પ્રતિભાવો રજૂ કર્યા.
- તા. ૨૮ના રોજ પીડીલાઈટના શ્રી લવીનાબહેન સંસ્થા અને કૃષિ સંશોધન કેન્દ્રની મુલાકાતે આવી ગયાં.

**શ્રદ્ધાંજલિ**

- આપણા સન્માનિત વિદ્યાર્થિની અને સરકારી વહીવટી તંત્રમાં ખૂબ જ નિર્ભયતાથી તટસ્થ વહીવટ કામગીરી કરીને લોકભારતીત્વને ઉજાગર કરનાર શ્રી જમુબેન હાંસજીભાઈ ચૌધરીનું તા. ૨૭-૧૨-૨૦૧૯ના રોજ ૮૪ વર્ષની વયે તેમના વતનમાં દુઃખદ અવસાન થયેલ છે.
- લોકદક્ષિણામૂર્તિ-આંબલાના કાર્યકર શ્રી રવિભાઈ પંડ્યાનાં માતુશ્રી જયોત્સનાબેન પંડ્યાનું તા.૨૨-૦૧-૨૦૨૦ના રોજ ૬૫ વર્ષની ઉંમરે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

**સમગ્ર લોકભારતી પરિવાર ...શુભેચ્છકો... સેવાભાવીઓ...જોગ વિનંતી...**

લોકભારતીના સ્નાતક- અનુસ્નાતક, કર્મશીલ, અનેક એવોર્ડથી સન્માનિત, વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ- બગસરાના સ્થાપક, સમર્પિત મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દેવચંદભાઈ સાવલિયાના નામ અને કામથી આપ પરિચિત છો. તેઓ હિમોફિલીયાની ગંભીર બીમારીની સારવાર લઈ રહ્યા છે. મુંબઈના તજજ્ઞ ડૉક્ટરોની સલાહ અનુસાર ૧.૧૮ લાખના એક લેખેના આઠ ઈન્જેકશન લેવાના છે. પોતાનો પરિવાર અથાક મહેનત —સારવાર કરી રહ્યો છે. આપણે સૌ સાથે મળીને જો યથાશક્તિ મદદરૂપ થઈ શકીએ તો ઘણી મોટી રાહત થશે. આપ સૌને નમ્ર વિનંતી કે નીચે મુજબના બેંક એકાઉન્ટમાં ઈચ્છા-શક્તિ પ્રમાણે રકમ જમા કરાવો.

Devchandbhai Nanubhai Savaliya
A/c. No. 43250100006025
IFSC Code : BARBOBAGASA
Bank of Baroda, Bagasara